RNI NO GUJGUJ/2005/23814

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

JAMNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા | શિવમ બિલ્ડીંગ, અનુપમ ટોકીઝ પાસે, જામનગર ૯૭૨૭૯૧૧૦૮૭

● સંવત ૨૦૮૨ આસો વદ -૧૨ | શુક્રવાર તા.૦૬-૧૧-૨૦૨૬ | અંક : ૨૬૩ વર્ષ : ૨૧ | jamnagar@aaspassaindia.com | કિંમત રૂા. ૨-૫૦ | પાના - ૮

# હિમાચલ પ્રદેશ- તેલંગાણામાં ભૂકંપના આંચકા અનુભવાયા




## તેલંગાણાના નારાયણ પેટ તથા હિમાચલના ચંબામાં આવેલા ભૂકંપની તીવ્રતા ૩.૨, કેન્દ્ર બિંદુ જમીનથી ૧૫ કિલોમીટરની ઊંડાઈએ

નવી દિલ્હી,

શુક્રવારની સવાર દેશના બે અલગ-અલગ વિસ્તારોમાં ભૂકંપના આંચકા સાથે શરૂ થઈ હતી. વહેલી સવારે અચાનક ધરતી ધ્રૂજતાં હિમાચલ પ્રદેશના ચંબા અને તેલંગાણાના નારાયણપેટમાં લોકોનું ધ્યાન ભૂકંપ તરફ ખેંચાયું હતું. ખાસ વાત એ છે કે એક જ દિવસે બે અલગ રાજ્યોમાં ભૂકંપની ઘટના નોંધાઈ છે. ચંબામાં ભૂકંપની તીવ્રતા ૩.૨ માપવામાં આવી હતી, જ્યારે તેનું કેન્દ્ર જમીનથી ૧૫ કિલોમીટરની ઊંડાઈએ હતું. જોકે, સદનસીબે બંને સ્થળોએ કોઈ જાનહાનિ કે મોટા નુકસાનના સમાચાર નથી.

મળતી માહિતી મુજબ, હિમાચલ પ્રદેશના ચંબા જિલ્લામાં શુક્રવારે સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સવારે ૬ વાગ્યાને ૫૯ મિનિટ અને ૪૬ સેકન્ડે ધરતી ધ્રૂજી હતી. વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાતાં સ્થાનિક લોકોમાં થોડી ચિંતા જોવા મળી હતી. જોકે, આ ભૂકંપના કારણે કોઈ જાનમાલનું નુકસાન થયું હોવાની માહિતી સામે આવી નથી. સામાન્ય રીતે ભૂકંપની અસર તેની તીવ્રતા, જમીનની ઊંડાઈ અને ભૂકંપના કેન્દ્રથી લોકો કેટલા દૂર છે તેના પર આધાર રાખે છે. ભૂકંપના આંચકા અનુભવાય ત્યારે ગભરાવાને બદલે સાવચેતી રાખવી જરૂરી છે.

જો, ઘરની અંદર હોવ તો મજબૂત ટેબલ નીચે આશરો લેવો અને બારીઓ તથા ભારે વસ્તુઓથી દૂર રહેવું જોઈએ. લિફ્ટનો ઉપયોગ કરવાને બદલે સુરક્ષિત રીતે બહાર નીકળવું જોઈએ. ખુલ્લી જગ્યામાં હોવ તો ઈમારતો, વીજળીના થાંભલા અને વૃક્ષોથી દૂર રહેવું જોઈએ. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર માપવામાં આવે છે. તીવ્રતા જેટલી વધારે હોય, સામાન્ય રીતે તેની અસર એટલી વધુ થઈ શકે છે. જોકે, ભૂકંપની અસર માત્ર તીવ્રતા પર જ નહીં, પરંતુ તેનું કેન્દ્ર કેટલું ઊંડે છે તેના પર પણ આધાર રાખે છે.

## PoKમાં પાકિસ્તાની સેનાનો ગોળીબાર, ૭નાં મોત

### મશીનગન અને ડ્રોનથી પ્રદર્શનકારીઓ પર હુમલો કર્યો

રાવલકોટ,

પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીર (PoK)ના રાવલકોટમાં પ્રદર્શનકારીઓ પર પાકિસ્તાની સુરક્ષા દળોએ ગોળીબાર કર્યો છે.આ ઘટનામાં ઓછામાં ઓછા ૭ લોકોનાં મોત થયા છે,

જ્યારે ૧૮ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મૃતકોમાં બાળકો પણ સામેલ છે. યુનાઈટેડ કાશ્મીર પીપલ્સ નેશનલ પાર્ટીએ આરોપ લગાવ્યો છે કે સુરક્ષા દળોએ શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા લોકો પર ભારે મશીનગનો અને ડ્રોનથી હુમલો કર્યો.

આ ઘટના અંગે હજુ સુધી પાકિસ્તાની અધિકારીઓનું કોઈ સત્તાવાર નિવેદન સામે આવ્યું નથી.

યુનાઈટેડ કાશ્મીર પીપલ્સ નેશનલ પાર્ટ મુજબ, પાકિસ્તાની સુરક્ષાદળોએ મટિયાલમેરા બસ ટર્મિનલ, ઉમર ફારૂક ચોક અને રાવલકોટના અન્ય સ્થળોએ ચાલી રહેલા ધરણાં પર કાર્યવાહી કરી. પાર્ટીએ આરોપ લગાવ્યો કે સુરક્ષાદળોએ પ્રદર્શનકારીઓ પર ગોળીબાર કરવાની સાથે ડ્રોનથી પણ હુમલા કર્યા. આ દરમિયાન ભારે મશીનગનો અને બખ્તરબંધ વાહનોનો ઉપયોગ કરવામાં આવ્યો

## ગુજરાત હાઈકોર્ટ, CM ઓફિસ બોમ્બથી ઉડાડી દેવાનો ધમકી ભર્યો મેઈલ મળ્યો

### બોમ્બ-ડોગ સ્કવોડ પહોંચી, પરિસરમાં સુરક્ષા વ્યવસ્થા વધારાઈ, પોલીસ એલર્ટ

ગાંધીનગર,

ગુજરાતમાં અવારનવાર હાઈકોર્ટ અને શૈક્ષણિક સંસ્થાઓને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળવાનો સિલસિલો યથાવત છે. દિવાળી પૂર્વે વધુ એક વખત ગુજરાત હાઈકોર્ટને તથા સીએમ હાઉસને ઈ-મેઈલ દ્વારા બોમ્બથી ઉડાવી દેવાની ગંભીર ધમકી મળી છે. જેના કારણે હાઈકોર્ટ પરિસરમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો.આ ઉપરાંત બપોરે ૩.૧૧ વાગ્યે સીએમ ઓફિસમાં પણ બોમ્બની ધમકી આપવામાં આવી છે. ખાલીસ્તાન નેશનલ આર્મીના નામનો ધમકીભર્યો ઈ-મેઈલ મળતા ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ (BDS), ડોગ સ્કવોડ અને પોલીસ કાફલો તાત્કાલિક હાઈકોર્ટ પહોંચી ગયો હતો અને સમગ્ર કેમ્પસમાં સઘન તપાસ હાથ ધરી હતી.

આ ઈ-મેઈલમાં આગામી સમયમાં મોટા વિસ્ફોટો કરવાની પણ ધમકી આપવામાં આવી છે. ઈ-મેઈલ મુજબ ૮ અને ૨૭ નવેમ્બર સુધી બોમ્બ ધડાકા થશે તથા ૨૧ નવેમ્બરે નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં યોજાનાર દિલજિત દોસાંજની કોન્સર્ટ દરમિયાન આઈડી બ્લાસ્ટ કરવાની ધમકી અપાઈ છે. આ ઉપરાંત, મુખ્યમંત્રી કાર્યાલય (CMO) ખાતે બપોરે ૩.૧૧ વાગ્યે બ્લાસ્ટ થવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. સુરક્ષા એજન્સીઓ આ મામલે અત્યંત સતર્ક બનીને વધુ તપાસ ચલાવી રહી છે.

## તૂર્કિયેમાં બંદૂકધારીનો ત્રણ ગામોમાં ખૂની ખેલ: આડેધડ ગોળીબારમાં આઠનાં મોત

### અંકારા-ઈઝ્મીર વચ્ચેના ગ્રામીણ વિસ્તારમાં ફાયરિંગથી હાહાકાર; એકની હાલત ગંભીર

તૂર્કિયે,

તૂર્કિયેના પશ્ચિમી ગ્રામીણ વિસ્તારમાં ગુરુવારે એક હચમચાવતીઘટના બની છે. એક બદમાશ બંદૂકધારીએ ત્રણ અલગ-અલગ ગામોમાં આડેધડ ગોળીબાર કરીને તાંડવ મચાવ્યું હતું, જેમાં કમનસીબે ૮ નિર્દોષ નાગરિકોના મોત નીપજ્યા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર હાલતમાં હોસ્પિટલમાં જીવન અને મરણ વચ્ચે જંગ લડી રહ્યો છે. આ ભયાનક ઘટના બાદ સમગ્ર દેશમાં સનસનાટી ફેલાઈ ગઈ છે

અફ્યોનકરાહિસાર ગવર્નર કાર્યાલય દ્વારા જારી કરાયેલા સત્તાવાર નિવેદન અનુસાર આ ગોળીબારની ઘટના રાજધાની અંકારા અને તટીય શહેર ઈઝ્મીર વચ્ચે આવેલા ગ્રામીણ ક્ષેત્રોમાં બની હતી:અહીં રસ્તા પર ગોળીબારનો ભોગ બનેલી બે મહિલાઓના ઘાયલ અવસ્થામાં શબ મળી આવ્યા હતા. તેમને તાત્કાલિક હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ રસ્તામાં જ તેમનું મૃત્યુ થઈ ગયું હતું.

## જંતર-મંતરની હિંસાની તપાસ હવે સુપ્રીમ કોર્ટની હાઈપાવર કમિટી કરશે

### ભૂતપૂર્વ ન્યાયાધીશ આર. સુબ્બાસ રેડ્ડીની અધ્યક્ષતાવાળી સમિતિને વીડિયો ફૂટેજ, ફરિયાદો અને અરજીઓ સોંપવા નિર્દેશ

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે દિલ્હીના જંતર-મંતર ખાતે વિરોધ દરમિયાન થયેલી હિંસાના આરોપો અંગે મહત્વપૂર્ણ સૂચનાઓ જારી કરી છે.

સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે કે કેસ સંબંધિત અરજીઓ, વીડિયો અને ફરિયાદો ભૂતપૂર્વ ન્યાયાધીશ આર. સુબ્બાસ રેડ્ડી દ્વારા સંચાલિત હાઈપાવર કમિટીને સુપરત કરવામાં આવે.

કોર્ટે સમિતિને નિયમિત અંતરાલે તેનો વચગાળાનો અહેવાલ રજૂ કરવા પણ કહ્યું છે. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે પૂરતી સામગ્રીના અભાવે, હાઈપાવર તપાસ સમિતિ જંતર-મંતર વિરોધ દરમિયાન થયેલી હિંસા અંગે કોઈ નિષ્કર્ષ કાઢી શકી નથી.

હાઈપાવર સમિતિ હવે જંતર-મંતર વિરોધ દરમિયાન થયેલી હિંસા સંબંધિત કેસની તપાસ કરશે. સુપ્રીમ કોર્ટે નિર્દેશ આપ્યો છે કે ટ્રાન્સફર અરજીઓ, વીડિયો ફૂટેજ અને કેસ સંબંધિત ફરિયાદો સમિતિને ઉપલબ્ધ કરાવવામાં આવે.

આ સમિતિનું નેતૃત્વ ભૂતપૂર્વ ન્યાયાધીશ આર. સુબ્બાસ રેડ્ડી દ્વારા કરવામાં આવે છે. કોર્ટે નિર્દેશ આપ્યો છે કે સમિતિ ઉપલબ્ધ સામગ્રીના આધારે તપાસ આગળ ધપાવે.

હાઈપાવર ઈન્ક?વાયરી કમિટી જુલાઈમાં જંતર-મંતર પર પ્રદર્શન દરમિયાન પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે થયેલી હિંસાની તપાસ કરી રહેલાએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે દેશભરના ૧૪૯ અખબારોમાં જાહેર નોટિસ પ્રકાશિત કરીને જનતા અને પોલીસ કર્મચારીઓ પાસેથી ફરિયાદો માંગવામાં આવી હતી. જોકે, સમિતિને અત્યાર સુધી હિંસા સંબંધિત ખૂબ ઓછી ફરિયાદો મળી છે. સુપ્રીમ કોર્ટે એ પણ નોંધ્યું હતું કે સમિતિને પ્રદર્શનકારીઓ અને પોલીસ કર્મચારીઓ સામે હિંસાનો આરોપ લગાવતી ખૂબ ઓછી ફરિયાદો મળી છે.

## અમેરિકાના શેરબજારમાં ઐતિહાસિક કડાકો, એક જ ઝાટકે ૨.૫ ટ્રિલિયન ડૉલરનું ધોવાણ

### ચૂંટણીના પરિણામો અને AI સેક્ટર પર કડકાઈનો ડર, નાસ્ડેકમાં ૫.૫ ટકાનો મોટો કડાકો

વોશિંગટન,

અમેરિકી શેર બજારમાં ગુરુવારે મોટો કડાકો જોવા મળ્યો છે, જેના કારણે મોટી ટેક કંપનીઓની માર્કેટ વેલ્યુમાંથી લાખો-કરોડો રૂપિયાનું ધોવાણ થઈ ગયું છે.

આ ઘટાડાની સૌથી વધુ અસર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે જોડાયેલી કંપનીઓ પર પડી છે. નાસ્ડેક-૧૦૦ની મોટી કંપનીઓના બજાર મૂલ્યમાંથી માત્ર એક જ દિવસમાં ૨.૫ ટ્રિલિયન ડોલર (ભારતીય રૂપિયામાં અંદાજે ૨૩૬ લાખ કરોડ રૂપિયા) ઘટી ગયા છે.

અમેરિકામાં મિડટર્મ ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટીએ મોટી જીત મેળવી છે. આ રાજકીય બદલાવ બાદ રોકાણકારોમાં એ વાતની ચિંતા વધી ગઈ છે કે નવી સરકાર AI કંપનીઓના કામકાજ પર વધુ કડક નજર રાખશે. ખાસ કરીને, AI સિસ્ટમ્સ ચલાવવા માટે હજારો કમ્પ્યુટર અને સર્વર્સ ધરાવતા ડેટા સેન્ટર્સના નિર્માણ પર નવા નિયમો લાગુ થઈ શકે છે અથવા તેના નિર્માણની ગતિધીમી પડી શકે છે.

ગુરુવારે બજાર ખુલતાની સાથે જ આ ચિંતાની અસર સ્પષ્ટ દેખાઈ હતી. અહેવાલો મુજબ, ટેક કંપનીઓ સૂચવતા નાસ્ડેક કમ્પોઝિટ ઈન્ડેક્સમાં ૫.૫ ટકાનો ભારે ઘટાડો નોંધાયો હતો. એપ્રિલ ૨૦૨૫ પછી એક દિવસમાં આ સૌથી મોટો ઘટાડો છે. ચિપ બનાવતી કંપનીઓનો ઈન્ડેક્સ પણ આશરે ૧૨ ટકા ઘટીને છ મહિનાના સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે. ઓક્ટોબરના રેકોર્ડ સ્તરથી નાસ્ડેક હવે 'કરેક્શન' મોડમાં આવી ગયો છે, કારણ કે તે પોતાના ઉચ્ચતમ સ્તરથી આશરે ૧૨ ટકા નીચે સરકી ગયો છે. ઊંચા વ્યાજ દર વચ્ચે નાની AI કંપનીઓ માટે ફંડ મેળવવું પહેલેથી જ મુશ્કેલ હતું, અને હવે કડક નિયમોની આશંકાએ તેમની મુશ્કેલીઓ વધુ વધારી દીધી છે.

## અમેરિકામાં ડેમોક્રેટ્સની જીતથી વિશ્વના ધનિકોને ૩.૧૭.૪૮ લાખ કરોડનો ફટકો

### એલોન મસ્કને એક જ દિવસમાં ૩.૭.૫૩ લાખ કરોડનું નુકસાન, સંપત્તિ ઘટીને $૭૮૫ બિલિયન થઈ

વોશિંગટન,

અમેરિકાની મધ્યસત્ર ચૂંટણીના પરિણામોની અસર હવે માત્ર રાજકારણ પૂરતી સીમિત નથી રહી, પરંતુ વિશ્વના સૌથી ધનિક ઉદ્યોગપતિઓની સંપત્તિ પર પણ તેની મોટી અસર પડી છે. અમેરિકન સંસદના બંને ગૃહોમાં ડેમોક્રેટિક પાર્ટીની જીત બાદ ટેક કંપનીઓના શેરમાં મોટો ઘટાડો નોંધાયો, જેના કારણે વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્ક સહિતના દિગ્ગજોને મોટું આર્થિક નુકસાન સહન કરવું પડ્યું છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, ગુરુવારે વિશ્વના ૫૦૦ સૌથી ધનિક લોકોની કુલ સંપત્તિમાં $૧૮૫ બિલિયન એટલે કે આશરે રૂ. ૧૭.૪૮ લાખ કરોડનો જંગી ઘટાડો થયો છે. વર્ષ ૨૦૧૨ માં આ ઈન્ડેક્સ શરૂ થયા પછીનો આ ૧૪મો સૌથી મોટો દૈનિક ઘટાડો માનવામાં આવે છે. આમાં સૌથી મોટું નુકસાન એલોન મસ્કને ($૭૯.૭ બિલિયન / આશરે રૂ. ૭.૫૩ લાખ કરોડ) અને ઓરેકલના સહ-સ્થાપક લેરી એલિસનને ($૧૦.૧ બિલિયન / આશરે રૂ. ૯૫,૪૦૦ કરોડ) થયું છે. વિશ્વના સૌથી ધનિક વ્યક્તિ એલોન મસ્કની કુલ સંપત્તિ હવે $૮૦૦ બિલિયનથી નીચે આવી ગઈ છે અને હાલમાં તે આશરે ઈ૭૮૫ બિલિયન જેટલી છે.

## ઈન્ટરનેટ વગર પણ ચાલશે ભારતનાં AI મોડેલ,ટેક્નોલોજી ક્ષેત્રે નવી સિદ્ધિ

### કેન્દ્ર સરકારના IT મંત્રાલય દ્વારા EKA-1, Dhir 2B અને Dhir 5Bનું લોકાર્પણ કરાયા

નવીદિલ્હી,

ટેક્નોલોજીની દુનિયામાં ભારતે વધુ એક મોટી છલાંગ લગાવી છે. કેન્દ્ર સરકારના IT મંત્રાલય દ્વારા 'ઈન્ડિયાએઆઈ મિશન' ના સહયોગથી ત્રણ શક્તિશાળી સ્વદેશી AI મોડેલ સત્તાવાર રીતે લૉન્ચ કરવામાં આવ્યા છે. EKA-1, Dhir 2B અને Dhir 5B નામના આ ત્રણેય AI ટૂલ્સને સંપૂર્ણપણે દેશમાં જ તૈયાર કરવામાં આવ્યા છે, જે ભારતીય ભાષાઓ અને ભારતીય વેપારની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવ્યા છે.

નવી દિલ્હીમાં યોજાયેલા એક વિશેષ કાર્યક્રમમાં IT મંત્રાલયના સચિવ એસ. કૃષ્ણન અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ આ મોડેલ્સ લોકાર્પણ કર્યા હતા. સરકારી ઓફિસો, રિસર્ચ સેન્ટર્સ અને શૈક્ષણિક સંસ્થાઓમાં તેનો વ્યાપક ઉપયોગ થઈ શકશે. ખાસ વાત એ છે કે આમાંથી બે મોડેલ ઈન્ટરનેટ વગર પણ કામ કરવાની ક્ષમતા ધરાવે છે.ત્રણેય AI ટૂલ્સમાં સૌથી મોટું અને પાવરફુલ મોડેલ 'EKA-1' છે, જેને બેંગલુરુ સ્થિત સ્ટાર્ટઅપ સોકેટ લેબ્સ દ્વારા તૈયાર કરવામાં આવ્યું છે.આ એક ઓપન અને સ્પાર્ટ હાઈબ્રિજ લેંગ્વેજ મોડેલ છે, જેને જટિલ અને અઘરા કાર્યો પાર પાડવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે.

EKA-1 એડવાન્સ્ડ મેથ્સ, સોફ્ટવેર પ્રોગ્રામિંગ અને રિઝનિંગ (તાર્કિક વિશ્લેષણ) જેવા અટપટા સવાલોના જવાબ આપી શકે છે. તે એક એડવાન્સ્ડ AI એજન્ટ તરીકે કામ કરીને એકસાથે અનેક કાર્યો (Multi-tasks) પૂર્ણ કરી શકે છે.આ મોડેલ ૨૬.૩ અબજ પેરામીટર્સ પર આધારિત છે અને તેને ૭.૫ ટ્રિલિયન ટેક્સ્ટ ટોકન્સના વિશાળ ડેટા સાથે ટ્રેઇન કરવામાં આવ્યું છે.ભાષા અને સેક્ટર: EKA-1 અંગ્રેજી ઉપરાંત ભારતની તમામ અનુસૂચિત ભાષાઓને સરળતાથી સમજી શકે છે. તેની ક્ષમતાને ધ્યાનમાં રાખીને ખાસ કરીને બેન્કિંગ, ફાઇનાન્શિયલ સર્વિસ અને સાયબર સિક્યોરિટી જેવા મહત્ત્વના ક્ષેત્રો માટે તૈયાર કરાયું છે.આ બંને મોડેલ્સની સૌથી મોટી અને ખાસ ખૂબી એ છે કે તેને ચલાવવા માટે કોઈ મોટા ક્લાઉડ સર્વર કે હાઈ-સ્પીડ ઈન્ટરનેટની જરૂર નથી પડતી.



# બિરસા મુંડાની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે રાજ્યવ્યાપી જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરાશે

## મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં જનજાતિય ગૌરવ દિવસ ઉજવણીને આખરી ઓપ અપાયો

અમદાવાદ,

ધરતી આબા ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતિની રાજ્યવ્યાપી સામાહિક ઉજવણી આગામી ૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન કરવામાં આવશે.



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને આ સંદર્ભમાં મળેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં આ ઉજવણી અંતર્ગત યોજાનારા બહુવિધ કાર્યક્રમોને ઓપ આપવામાં આવ્યો હતો. આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલ તેમજ પૂર્વ મંત્રી અને વરિષ્ઠ આદીજાતિ અગ્રણી ધારાસભ્ય શ્રી ગણપતભાઈ વસાવા તેમજ મુખ્ય સચિવ શ્રી એમ કે. દાસ આ બેઠકમાં જોડાયા હતા.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની આઝાદી માટે મહત્વનું યોગદાન આપનારા અને જનજાતિઓના આરાધ્ય દેવ ભગવાન બિરસા મુંડાને સન્માન આપીને ભવ્ય ઈતિહાસ પુનર્જીવિત કરવાનો ધ્યેય રાખ્યો છે. તેમની પ્રેરણા અને માર્ગદર્શનથી દેશભરમાં ૨૦૨૧થી ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી ૧૫ નવેમ્બરે જનજાતિય ગૌરવ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

વડાપ્રધાનશ્રીએ શરૂ કરાવેલી એ જ પરંપરાને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુ ગતિ આપતાં ભગવાન બિરસા મુંડાની ૧૫૧મી જન્મ જયંતીના ઉપલક્ષમાં સમગ્ર રાજયમાં ૧૨ થી ૧૮ નવેમ્બરના એક અઠવાડિયા સુધી વિવિધ કાર્યક્રમોની ઉજવણીનું વ્યાપક આયોજન કર્યું છે.

રાજ્ય સરકારનો આદિજાતિ વિકાસ વિભાગ આ ઉજવણીના મુખ્ય આયોજક તરીકે તેમજ અન્ય વિભાગો સહઆયોજક તરીકે આ ઉજવણીમાં જોડાવાના છે.

જનજાતિય ગૌરવ દિવસની આ ઉજવણી અંતર્ગત રાજય કક્ષાનો મુખ્ય કાર્યક્રમ છોટાઉદેપુરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં ૧૫મી નવેમ્બરે યોજાશે. નાયબ મુખ્યમંત્રી શ્રી વલસાડ જિલ્લામાં તથા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા દાહોદમાં આ ઉજવણીનું નેતૃત્વ કરશે.

રાજયના ૧૪ આદિવાસી જિલ્લાઓના પંચાવન વિધાનસભા ક્ષેત્રોમાં તેમજ ૨૦ બિન આદિજાતિ જિલ્લાઓ અને ૧૭ મહાનગરપાલિકાઓમાં પણ ૧૫ નવેમ્બરે જનજાતિય ગૌરવ દિવસ ઉજવાશે.

# દિવાળી અને છઠ પૂજાને લઈ અમદાવાદના કાળુપુર રેલવે સ્ટેશન પર મુસાફરોની ભીડ

## બિહાર અને ઉત્તરપ્રદેશ તરફ જતી ટ્રેનોમાં મુસાફરોનો ભારે ધસારો

અમદાવાદ,

તહેવારોની ખુશીઓ પરિવાર સાથે મનાવવાની ઇચ્છા હોય ત્યારે લાંબી મુસાફરીની મુશ્કેલીઓ પણ લોકો માટે નાની બની જાય છે. જોકે, આ વખતે વતન જવાની ઉતાવળમાં અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર મુસાફરોની ભારે ભીડ જોવા મળી રહી છે. દિવાળી અને છઠ પૂજાના તહેવારોને લઈને મોટી સંખ્યામાં લોકો પોતાના વતન જવા નીકળ્યા છે. ખાસ કરીને બિહાર અને ઉત્તરપ્રદેશ તરફ જતી ટ્રેનોમાં મુસાફરોનો ભારે ધસારો જોવા મળી રહ્યો છે.

કાલુપુર રેલવે સ્ટેશન પર સવારથી જ મુસાફરોની અવરજવર વધી ગઈ છે. વતન જવા માટે લોકો પરિવાર સાથે સામાન લઈને



સ્ટેશન પર પહોંચી રહ્યા છે. બિહાર અને ઉત્તરપ્રદેશ જતી ટ્રેનોમાં મુસાફરી કરવા માટે મુસાફરોની લાંબી કતારો લાગી છે. પરિસ્થિતિ એવી છે કે ટ્રેનમાં જગ્યા મેળવવા અને સમયસર ટ્રેન પકડવા માટે મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

# અમદાવાદમાં મોટેરા, વસ્ત્રાલ અને હંસપુરા ખાતે નવનિર્મિત પોલીસ સ્ટેશનોનું લોકાર્પણ

## અમદાવાદ શહેરનું સુરક્ષા માળખું વધુ સુદ્રઢઃ શહેરમાં પોલીસ સ્ટેશનોની સંખ્યા વધીને ૫૨ થઈ

અમદાવાદ,

દિવાળીના પવિત્ર પર્વ અને રમા એકાદશીના શુભ દિવસે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના વરદહસ્તે અમદાવાદ શહેરની આંતરિક સુરક્ષા વ્યવસ્થાને વધુ સુદ્રઢ કરવાના ભાગરૂપે ત્રણ નવનિર્મિત પોલીસ સ્ટેશનો – મોટેરા, વસ્ત્રાલ અને હંસપુરાનું ભવ્ય લોકાર્પણ સંપન્ન થયું હતું. આ ત્રણ નવા પોલીસ સ્ટેશનો કાર્યરત થતાંની સાથે જ અમદાવાદ શહેરમાં પોલીસ સ્ટેશનોની કુલ સંખ્યા ૪૯ થી વધીને ૫૨ થઈ છે.

આ પ્રસંગે ઉપસ્થિત પ્રબુદ્ધ નાગરિકો તથા પોલીસ પરિવારને સંબોધતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, નવા પોલીસ સ્ટેશનો શરૂ થવાથી સ્થાનિક નાગરિકોને પોતાની રજૂઆત, ફરિયાદ કે અન્ય કામગીરી માટે દૂર સુધી જવું નહીં પડે, જેથી નાગરિકોના સમય અને શ્રમ બંનેની બચત થશે. વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી સ્ટેડિયમ જેવા વૈશ્વિક આયોજન સ્થળની આસપાસ સુરક્ષા વ્યવસ્થા વધુ સઘન બનાવવા અને મહત્ત્વપૂર્ણ કાર્યક્રમો દરમિયાન કાયદો-વ્યવસ્થાની સુચારુ જાળવણી માટે મોટેરા પોલીસ સ્ટેશન ખૂબ મહત્વની ભૂમિકા ભજવશે. તાજેતરમાં અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા કરોડો રૂપિયાના એમ.ડી. અને હેરોઈન ડ્રગ્સ સાથે આંતરરાજ્ય ડ્રગ્સ નેટવર્કનો પર્દાફાશ કરવા બદલ નાયબ મુખ્યમંત્રીશ્રીએ પોલીસ ટીમની સરાહનીય કામગીરીને બિરદાવી હતી.

# જૂનાગઢમાં લીલી પરિક્રમાના રૂટનું કલેક્ટર, સાંસદ અને સાધુ-સંતો દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું

## શ્રદ્ધાળુઓની સલામતી અને પાયાની સુવિધાઓની સમીક્ષા માટે વહીવટી તંત્ર સક્રિય

જૂનાગઢ,

ગીરનારની પાવન તળેટી અને ગીચ જંગલોમાં યોજાતી વિશ્વવિખ્યાત ૩૬ કિલોમીટરની 'ગિરનાર લીલી પરિક્રમા'ને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે, ત્યારે શ્રદ્ધાળુઓની સલામતી અને પાયાની સુવિધાઓની સમીક્ષા માટે વહીવટી તંત્ર સક્રિય બન્યું છે.

જો કે, આ વર્ષે ઓછા વરસાદના કારણે ગિરનારના જંગલ વિસ્તારમાં આવેલા કુદરતી પાણીના સ્ત્રોતો સુકાઈ ગયા છે. આવી સ્થિતિમાં પરિક્રમાર્થીઓ માટે પીવાના પાણીની વ્યવસ્થા કરવી તંત્ર સામે મોટો પડકાર બન્યો છે. બીજી તરફ, ગત વર્ષે ભારે વરસાદને કારણે પરિક્રમા રદ કરવી પડી હોવાથી આ વર્ષે મોટી સંખ્યામાં



શ્રદ્ધાળુઓ ઉમટી પડે તેવી શક્યતા છે. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને કલેક્ટર, પોલીસ, વન વિભાગ, મહાનગરપાલિકાના અધિકારીઓ, સાધુ-સંતો તેમજ સ્થાનિક જનપ્રતિનિધિઓએ પરિક્રમા રૂટનું નિરીક્ષણ કર્યું હતું. રસ્તાઓની સ્થિતિથી લઈને પાણી, ભીડ નિયંત્રણ અને કટોકટીના સમયે ઉપલબ્ધ કરાવવાની સુવિધાઓ સુધીની બાબતોની સ્થળ પર સમીક્ષા કરવામાં આવી હતી. દર વર્ષે કારતક સુદ અગિયારસથી પૂનમ સુધી યોજાતી ગિરનારની લીલી પરિક્રમા ધાર્મિક આસ્થા અને પરંપરાનું મોટું પર્વ છે. દેશભરમાંથી મોટી સંખ્યામાં ભાવિકો આ પરિક્રમામાં ભાગ લેવા જૂનાગઢ પહોંચે છે. જોકે, ગત વર્ષે ભારે વરસાદને કારણે પરિક્રમા રૂટ પર પાણી ભરાવા અને રસ્તાઓની સ્થિતિ બગડવા જેવી પરિસ્થિતિ સર્જાઈ હતી. તેના પગલે પરિક્રમા મોકૂફ રાખવાનો નિર્ણય લેવાયો હતો. આ વખતે પરિસ્થિતિ અલગ છે. વરસાદ ઓછો પડતાં જંગલના કુદરતી જળસ્ત્રોતોમાં પાણીની અછત ઊભી થઈ છે. બીજી તરફ, ગત વર્ષની પરિક્રમા ન થઈ શકવાને કારણે આ વર્ષે ભાવિકોની સંખ્યા વધવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે.

# સરકારી ખરીદીમાં અટકાયતી સતર્કતા વિષય પર રાજ્યકક્ષાના વર્કશોપનું ગાંધીનગર ખાતે આયોજન

ગાંધીનગર,

સતર્કતા જાગૃતિ સપ્તાહ ૨૦૨૬ અંતર્ગત ગુજરાત રાજ્ય સતર્કતા આયોગ અને ઉદ્યોગ કમિશનરેટ દ્વારા ગાંધીનગર ખાતે "સરકારી ખરીદીમાં અટકાયતી સતર્કતા" વિષય પર એક રાજ્ય કક્ષાના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો મુખ્ય ઉદ્દેશ્ય સતર્કતા જાગૃતિ સપ્તાહ ૨૦૨૬ ની મુખ્ય થીમ "સમૃદ્ધિ માટે પ્રામાણિકતા" સાથે સુસંગત રહીને સરકારી ખરીદી પ્રક્રિયાઓમાં પારદર્શિતા લાવવાનો છે.

સરકારી કામકાજમાં દોષરહિત પારદર્શિતા, નિયમોનું પાલન અને ઉત્તરદાઈત્વ સુનિશ્ચિત કરીને સરકારી ખરીદીની પ્રક્રિયાઓને વધુ બનાવવા માટે આ કાર્યશાળામાં વરિષ્ઠ વહીવટી અધિકારીઓ, વિભાગીય વડાઓ, બોર્ડ-નિગમોના વડાઓ તેમજ ક્લાસ-૧ અને ક્લાસ-૨ ના ખરીદ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ વર્કશોપમાં આધુનિક ખરીદી માળખા અંગે વ્યાપક માર્ગદર્શિકા પર ચર્ચા કરવામાં આવી છે. જેમાં ગવર્મેન્ટ ઈ-માર્કેટપ્લેસ (GeM) ચીજવસ્તુઓનો અસરકારક ઉપયોગ, ઈ-ટેન્ડરિંગ મર્યાદાઓનું ચુસ્ત પાલન, "મેક ઇન ઇન્ડિયા" અંતર્ગત સ્થાનિક કન્ટેન્ટની યોગ્ય ચકાસણી તેમજ જથ્થાના પ્રક્રિયાગત વિભાજન કે બિનસંબંધિત આઇટમ બંધિંગથી બચવા અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું છે.

# ગાંધીનગર મહાનગરપાલિકાના નવનિયુક્ત હોદ્દેદારોએ સંભાળ્યો પદભાર, વિકાસને નવી ગતિ આપવાનો સંકલ્પ

## સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે મહેન્દ્રભાઈ પટેલે પદભાર સંભાળ્યો

ગાંધીનગર,

ગાંધીનગર મહાપાલિકામાં નવા હોદ્દેદારોની વરણી બાદ આજે તમામ નવનિયુક્ત પદાધિકારીઓએ વિધિવત્ રીતે પોતાનો પદભાર સંભાળ્યો હતો. આ પ્રસંગે ભાજપના આગેવાનો, ચૂંટાયેલા કાઉન્સિલરો, કાર્યકરો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. નવનિયુક્ત હોદ્દેદારોએ પાટનગરના સર્વાંગી વિકાસને પ્રાથમિકતા આપવાની સાથે પ્રજાની અપેક્ષાઓ પર ખરા ઉતરવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.



બીજી તરફ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે મહેન્દ્રભાઈ પટેલે પદભાર સંભાળ્યો હતો. તેમણે ગાંધીનગરના વિકાસને રોકેટ ગતિએ આગળ વધારવાનો આશાવાદ વ્યક્ત કર્યો હતો. શહેરમાં માળખાગત સુવિધાઓનું વિસ્તરણ, નાગરિકોને વધુ સારી સુવિધાઓ અને વિકાસનાં કામોને સમયમર્યાદામાં પૂર્ણ કરવા પર ભાર મૂકવાની દિશામાં કામગીરી કરવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

આ ઉપરાંત મહાનગરપાલિકામાં શાસક પક્ષના નેતા તરીકે જશપાલસિંહ બિહોલા અને દંડક તરીકે સેજલબેન કનુભાઈ પરમારે પણ વિધિવત્ રીતે પોતાની નવી જવાબદારીઓ સંભાળી હતી.

# અંગત ફોટા-વીડિયો વાયરલ કરવાની ધમકી આપી શખ્સે સગીરાના સોનાના દાગીના પડાવ્યા

## સગીરોના માતાપિતા માટે લાલબત્તી સમાન કિસ્સો

વલસાડ,

રાજ્યના છેવાડાના જિલ્લામાંથી સગીરોના માતાપિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. જિલ્લાના ડુંગરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં એક સગીરાની માતાએ ફરિયાદ નોંધાવી હતી કે, તેના ઘરમાં રાખેલા ૪૫ લાખથી વધુના સોનાચાંદીના દાગીના તેની દીકરીના પુરુષ મિત્રએ પડાવી લીધા છે. ત્યારે આ મામલે ડુંગરી પોલીસે સગીર છોકરીનું નિવેદન લઈ સઘન તપાસ હાથ ધરી છે. ડુંગરી પોલીસે આ મામલે આરોપી ધ્રુવીલ પટેલની ધરપકડ કરી છે.

આ અંગે એ.કે. વર્મા પોલીસ અધિક્ષકે માહિતી આપતા જણાવ્યું છે કે, વલસાડ જિલ્લાના ડુંગરીમાં બનેલી આ ઘટનાએ ફરી એકવાર સગીરાઓની સોશિયલ મીડિયા સુરક્ષા સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે. આરોપી ધ્રુવીલ પટેલે સોશિયલ મીડિયાના માધ્યમથી સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી. ત્યારબાદ તેની સાથે વારંવાર દુષ્કર્મ આચર્યું હોવાનો આરોપ છે. આટલેથી જ નહીં અટકતાં સગીરાના અંગત ફોટા અને વીડિયો વાયરલ કરી દેવાની ધમકી આપી તેને બ્લેકમેઈલ કરવામાં આવતી હતી. આ અંગત ફોટા અને વીડિયો જાહેર કરવાની ધમકી સગીરા માટે સતત માનસિક દબાણનું કારણ બની હતી. આરોપીએ બદનામ કરી દેવાની ધમકી આપી સગીરા પાસેથી બે લાખ રૂપિયાથી વધુની રોકડ રકમ અને ૩૨ તોલાથી વધુના સોનાના દાગીના પડાવી લીધા હોવાની ફરિયાદ નોંધાઈ હતી.

# દારૂની મહેફિલ બાદ લોહિયાળ ખૂની ખેલ : નશાની હાલતમાં મિત્રની હત્યા કરનાર ત્રણ ઝડપાયા

અમદાવાદ,

શહેરના નરોડા વિસ્તારમાં દારૂની મહેફિલ બાદ મિત્રોએ જ મિત્રની ઘાતકી હત્યા કરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. નરોડાના આંબેડકર નગર પાસે સંવિધાન સર્કલ બહાર પ્રધાનમંત્રી આવાસ યોજનાના ફૂટપાથ પરથી ચાર દિવસ પહેલાં વહેલી સવારે લોહીલુહાણ હાલતમાં મળી આવેલી જતીન સોલંકીની લાશના કેસમાં પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં ખુલાસો થયો છે કે દારૂની પાર્ટી બાદ નશામાં થયેલા ઉગ્ર ઝઘડાએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું હતું અને જતીનને લાકડાના ધોકા તથા લોખંડની પાઇપના ફટકા મારી મોતને ઘાટ ઉતારવામાં આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ચાર દિવસ પહેલાં વહેલી સવારે આશરે



ત્રણ વાગ્યાના અરસામાં સ્થાનિક રહીશોને અમદાવાદના નરોડા વિસ્તારમાં ફૂટપાથ પર એક યુવકની લોહીલુહાણ હાલતમાં લાશ મળી આવી હતી. તપાસ દરમિયાન મૃતકની ઓળખ જતીન સોલંકી તરીકે થઈ હતી. પરિવારજનોએ પણ મૃતદેહની ઓળખ કરી હતી. ત્યારબાદ પોલીસે પંચનામું કરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. મૃતકના ભાઈ ભાવેશ સોલંકીની ફરિયાદના આધારે નરોડા પોલીસે અજાણ્યા શખ્સો વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

હત્યાના ભેદ ઉકેલવા નરોડા પોલીસ અને ઝોન-૪ ની ટીમો તપાસમાં જોડાઈ હતી. અલગ-અલગ દિશામાં તપાસ હાથ ધર્યા બાદ પોલીસને મહત્વની કડીઓ મળી હતી.

# અમદાવાદમાં નવી ડિમોલિશન પોલિસી અમલી બનશે બાંધકામ તોડતાં પહેલાં ૭ દિવસની નોટિસ ફરજિયાત

## નીતિ અમલમાં આવ્યા બાદ બાંધકામ તોડવા માટે નિર્ધારિત નિયમોનું પાલન કરવું ફરજિયાત

અમદાવાદ,

અમદાવાદ શહેરમાં જૂનાં અને જર્જરિત બાંધકામો તોડવાની કામગીરી માટે હવે નવા નિયમોનું પાલન કરવું પડશે. શહેરમાં ૫૦થી ૬૦ વર્ષ જૂનાં મકાનો તોડીને નવાં બાંધકામ કરવાની પ્રવૃત્તિ વધી રહી છે. આ દરમિયાન ડિમોલિશનથી ઊભી થતી ધૂળ, હવાનું પ્રદૂષણ, ટ્રાફિક અને સલામતી સંબંધિત સમસ્યાઓને ધ્યાનમાં રાખીને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (એએમસી) દ્વારા 'અમદાવાદ સસ્ટેનેબલ ડિમોલિશન પોલિસી-૨૦૨૬' તૈયાર કરવામાં આવી છે. આ નીતિ અમલમાં આવ્યા બાદ બાંધકામ તોડવા માટે નિર્ધારિત નિયમોનું પાલન કરવું ફરજિયાત બનશે.

અમદાવાદમાં અત્યાર સુધી જૂનાં બાંધકામો તોડી પાડવા માટે ચોક્કસ નીતિ-નિયમો ન હોવાથી ઘણી જગ્યાએ આડેધડ કામગીરી થતી હતી. તેના કારણે રસ્તા પર દબાણ, ટ્રાફિક અને હવાના પ્રદૂષણ જેવી સમસ્યાઓ ઊભી થતી હતી.

ટાઉન પ્લાનિંગ કમિટીના ચેરમેન ભાગ્યેશ પટેલના જણાવ્યા અનુસાર, નવી નીતિ હેઠળ ડિમોલિશનની કામગીરી માત્ર દિવસના સમયે જ કરી શકાશે. રાત્રિના સમયે સાઇટ પર પૂરતી લાઇટિંગની વ્યવસ્થા રાખવી પડશે. મકાન કે અન્ય બાંધકામ તોડવાનું શરૂ કરતાં પહેલાં ઓછામાં ઓછા ૭ દિવસ અગાઉ છસ્ઝને ફોટોગ્રાફ્સ અને જરૂરી વિગતો સાથે જાણ કરવી પડશે.

આ ઉપરાંત, ડિમોલિશન દરમિયાન ધૂળનું પ્રદૂષણ ન ફેલાય અને કામદારો તથા આસપાસના લોકોની સલામતી જળવાય તે માટે પણ કડક નિયમો બનાવવામાં આવ્યા છે. બાંધકામના ક્ષેત્રફળ અને ઊંચાઈના આધારે તેને પાંચ શ્રેણીમાં વહેંચવામાં આવ્યું છે. તે મુજબ અલગ-અલગ નિયમો લાગુ પડશે. તોડકામ દરમિયાન નીકળતા કાટમાળને ઢાંકીને રાખવો પડશે અને ૪૮ કલાકની અંદર તેનો નિકાલ કરવો પડશે.

નવી નીતિ હેઠળ ડિમોલિશન શરૂ કરતાં પહેલાં માલિક અથવા સંબંધિત પક્ષે એએમસીને જાણ કરવાની સાથે બાંધકામ અંગેની વિગતો પણ આપવી પડશે. કામગીરી દરમિયાન પ્રદૂષણ નિયંત્રણ, સલામતી અને કાટમાળના નિકાલ માટે નીચેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

# અમદાવાદ ખાતે રાજ્ય સ્તરીય બેંકર્સ સમિતિ - ગુજરાતની ૧૯૧મી બેઠક યોજાઈ

## બેઠકમાં ત્રિમાસિક ગાળા માટે બેંકિંગ ક્ષેત્રની કામગીરીની સમીક્ષા કરવામાં આવી

અમદાવાદ,

બેંક ઑફ બરોડા દ્વારા અમદાવાદ ખાતે રાજ્ય સ્તરીય બેંકર્સ સમિતિ (SLBC), ગુજરાતની ૧૯૧મી બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. બેઠકની અધ્યક્ષતા લાલ સિંહ, અધ્યક્ષ, SLBC ગુજરાત તથા એક્ઝિક્યુટિવ ડિરેક્ટર, બેંક ઑફ બરોડાએ કરી હતી.




બેઠકમાં સુસ્વાગત ભંડારી, IAS, નિયામક, નાણાકીય સેવા વિભાગ (DFS), ભારત સરકાર (વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા); અમરેશ રંજન, ક્ષેત્રીય નિયામક, ભારતીય રિઝર્વ બેંક, અમદાવાદ; જી. વી. સુનીલ કુમાર, મુખ્ય મહાપ્રબંધક, નાબાર્ડ; સુ પ્રશસ્તિ પારીક, IAS, મેનેજિંગ ડિરેક્ટર, GLPC; મહેશ જાની, IAS, મિશન ડિરેક્ટર, GULM; અમિત મીણા, નિયામક (સંસ્થાકીય વિત્ત), ગુજરાત સરકાર; તથા રવીશ કુમાર, કન્વીનર, SLBC ગુજરાત અને જનરલ મેનેજર, બેંક ઑફ બરોડા ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત રાજ્ય અને કેન્દ્ર સરકારના વિભાગો, ભારતીય રિઝર્વ બેંક, નાબાર્ડ, સભ્ય બેંકો, તમામ લીડ ડિસ્ટ્રિક્ટ મેનેજરો તથા અન્ય હિતધારક સંસ્થાઓના વરિષ્ઠ અધિકારીઓએ પણ બેઠકમાં ભાગ લીધો હતો.આ સમિતિએ સપ્ટેમ્બર ૨૦૨૬માં પૂર્ણ થયેલા ત્રિમાસિક ગાળા માટે બેંકિંગ ક્ષેત્રની કામગીરીની સમીક્ષા કરી હતી અને સતત વૃદ્ધિની નોંધ લીધી હતી. કુલ થાપણો ?૧૬.૦૯ લાખ કરોડ અને કુલ ધિરાણ ?૧૫.૧૫ લાખ કરોડ થયું હતું, જેમાં અનુક્રમે ત્રિમાસિક ધોરણે ૮.૭૭% અને ૮.૬૯% વૃદ્ધિ નોંધાઈ હતી.

# જામનગર શહેર રંગાયું દિવાળીના રંગે, બજારમાં રોશનીનો ઝગમગાટ



તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગર શહેરમાં દિવાળીના પર્વને લઈને બજારોમાં ખરીદીનો જોરદાર માહોલ જામ્યો છે. બીજી બાજુ શહેરની ઐતિહાસિક ઈમારતોને પણ આકર્ષક રોશનીના શણગાર કરાયા છે. દિવાળીના પર્વને આવકારવા શહેરના કોમ્પ્લેક્સ, શો-રૂમ, વેપારી સંકુલો અને બહુમાળી ઈમારતોને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવતાં સમગ્ર શહેર ઝળહળી ઊઠ્યું છે. આકર્ષક લાઇટિંગથી સજ્જ કોમર્શિયલ ઈમારતો રાત્રિના સમયે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની રહી છે. બજારોમાં ખરીદીની વધતી ભીડથી વેપારીઓમાં પણ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે અને દિવાળીના પર્વે શહેર જાણે રોશની અને રોનકના રંગે રંગાયું હોય તેવો નજારો સર્જાયો છે.

## જામનગરમાં પગપાળા જતી મહિલા કામદારને ટ્રકે ઠોકર મારતા પગમાં ફેક્ચર

જામનગર : જામનગરમાં ફોજી ઢાબા પાસે પૂરઝડપે અને બેફિકરાઈથી દોડી આવેલા ટ્રકની ઠોકરે પગપાળા જઈ રહેલાં એક મહિલાને ગંભીર ઈજા પહોંચતા તેણીના પગમાં ફેક્ચર જેવી ઈજાઓ કરી હોવાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ જામનગરના ભીમવાસ વિસ્તારમાં જૂના રેલવે સ્ટેશન પાસે રહેતાં અને સફાઈ કર્મચારી તરીકે ફરજ બજાવતાં લીલાબેન પ્રેમજીભાઈ ચૌહાણ (૫૫) ગઈકાલે સાંજે કામ પરથી ઘરે જઈ રહ્યાં હતા ત્યારે ફોજી ઢાબા પાસે પહોંચતાં જીજે-૧૦-ટીવાય-૯૬૭૫ નંબરના ટાટા ટ્રકના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે વાહન હંકારી તેમને ઠોકર મારી હતી.

આ અકસ્માતમાં લીલાબેન નીચે પટકાતાં તેમના જમણા પગની ત્રીજી આંગળીમાં ફેક્ચર થયું હતું, જ્યારે ઘૂંટી સહિત શરીરના અન્ય ભાગોમાં છોલછાલની ઈજાઓ પહોંચી હતી. આ બનાવ અંગે લીલાબેનની ફરિયાદ પરથી સીટી-બી ડિવિઝન પોલીસે ટ્રકચાલક સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ધ્રોલમાં વોડાફોન કંપનીના ટાવરમાંથી રૂ. ૩.૭૦ લાખના સાધનોની તસ્કરી

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલમાં એચડીએફસી બેંકની પાછળના ભાગે આવેલી દાવલશાપીરની દરગાહ પાસેના વોડાફોન કંપનીના ટાવરમાંથી અંદાજે રૂપિયા ૩.૭૦ લાખની કિંમતનાં વિવિધ ટેકનિકલ ઉપકરણોની ચોરી થયાની ફરિયાદ પોલીસમાં નોંધાઈ છે.

પ્રાપ્ત વિગત મુજબ અમદાવાદના ગોતા વિસ્તારમાં રહેતા અને ઈશાન નેસ્ટોલ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં આસિસ્ટન્ટ મેનેજર તરીકે ફરજ બજાવતા ગૌરવ રામરૂપ શર્માએ ધ્રોલ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. તેમના જણાવ્યા મુજબ તા. ૪ના બપોરે સવા એકથી દોઢ વાગ્યા દરમિયાન કોઈ અજાણ્યો તસ્કર ટાવરની નીચે ખુલ્લા મેદાનમાં રાખવામાં આવેલા સાધનો ચોરી ગયો હતો.

ચોરાયેલા મુદ્દામાલમાં એએસજી એમ્પ્લિફાયર સ્વિચ ગેઇન ઈડીએફએની કિંમત રૂપિયા ૨.૭૦ લાખ, ડીસી પાવર ફિલ્ટરની કિંમત રૂપિયા ૪૬ હજાર તથા ઈક્વિપમેન્ટ કન્ટ્રોલરની કિંમત રૂપિયા ૫૪ હજાર મળી કુલ રૂપિયા ૩.૭૦ લાખનાં સાધનોનો સમાવેશ થાય છે. ધ્રોલ પોલીસે અજાણ્યા તસ્કર સામે ચોરીનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## નાની ખાવડીમાં પત્નીના હત્યા કેસમાં ફરાર આરોપી ૨૦ વર્ષે બિહારથી ઝડપાયો

### પત્નીને ગળેટૂંપો આપી મોતને ઘાટ ઉતાર્યા બાદ ઓળખ છુપાવી ફરતો હતો



જામનગર : જામનગરના નાની ખાવડી ગામે વર્ષ ૨૦૦૭માં પત્નીને ગળેટૂંપો આપી કરપીણ હત્યા કરનારો પતિ ૨૦ વર્ષના લાંબા સમય બાદ પોલીસ પકડમાં આવ્યો છે. પોલીસને હાથતાળી આપી રહેલા આરોપીને આખરે પોલીસે વતન બિહારમાંથી દબોચી લીધો છે. હત્યા બાદ પોતાની ઓળખ છુપાવીને અલગ-અલગ સ્થળોએ રહેતા આરોપી પતિને જામનગર એલસીબીએ બિહારના સાસારામ ખાતેથી ઝડપી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

નાની ખાવડી ગામની સીમમાં આવેલા પાયલ હોટલની ધાર વિસ્તારમાં રામભાઈ રબારીના મકાનમાં રહેતા રોશનબેન નામની મહીલાને ગળે ટુપો આપી મોતને ઘાટ ઉતારી દેવામાં આવી હતી. તા.૨૮/૨/૨૦૦૭ ના રોજ રોશનબેન તેની રહેણાંક ઓરડીએથી લાશ મળી આવી હતી. જેના પી.એમ રિપોર્ટમાં ગળેટૂંપો આપી મોત થયાનું સામે આવતા. ૦૧/૦૩/૨૦૦૭ ના રોજ હત્યાનો ગુનો નોંધાયો હતો. હત્યા બાદ રોશનબેન ઉર્ફે બીમલાદેવીનો પતિ આરોપી અસલમ ઉર્ફે પપ્પુનું ફરાર હતો.

આ કેસમાં પોલીસે અભ્યાસ બાદ એક એક કડી અલગ તારવી જુદી જુદી દિશામાં તપાસ આરંભી હતી. આ આરોપી મૂળ બિહારના મૌના ગામનો રહેવાસી હોય જ્યાં રહેતા આરોપીના સગા સંબંધીઓની વિગત મેળવતા આરોપી પોતાનુ નામ બદલી અલગ અલગ જગ્યાએ રહેતો હોવાનું જણાવા મળ્યું હતું.

જેના આધારે બિહાર તેના મૂળ વતનથી સોર્સની મદદ મેળવી આરોપીનો ફોટો મેળવવામાં આવેલ તેમજ આરોપીનો મોબાઈલ નંબર મેળવેલ અને ત્યાર બાદ આરોપી ના લોકેશન આધારે છેલ્લા ૩૦ વર્ષથી ફરાર આરોપી પતિ અસલમ ઉર્ફે પપ્પુ મહમદ તાસ અન્સારી (રહે.મોના ગામ પોષ્ટ પારડી તા.નાશરીગંજ જી.રોહતાસ રાજય બીહાર) બિહાર ખાતેથી પકડી પાડ્યો હતો. આરોપી બીહાર રાજયના નાશીરગંજ તાલુકાના સાસારામ ટાઉનમાં ભવન નિમાર્ણની ઓફિસમાં કામ કરતો હોવાની હકિકતના આધારે પોલીસ ટીમે ત્યાં પહોંચી આરોપીને પકડી પાડ્યો હતો.

## ભાટીયામાં રીક્ષા ચાલક યુવાન ઉપર શખ્સ દ્વારા ધોકા વડે હુમલો

ખંભાળિયા : કલ્યાણપુર પંથકના ભાટીયા ગામમાં રીક્ષા ચાલક યુવાન ઉપર ગામના જ શખ્સે બોલાચાલીનું મનદુઃખ રાખી લાકડાના ધોકા વડે પ્રહાર કરી ઈજા પહોંચાડતા આ બનાવની સ્થાનિક પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ તપાસનો દૌર શરૂ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના ભાટિયા ગામમાં રહેતા જીગ્નેશગર રમેશગર ગોસ્વામી નામના ૪૧ વર્ષના યુવાન ઉપર શામરાભાઈ પાલાભાઈ વરમલ નામના શખ્સે લાકડાનો ધોકો કપાળમાં ફટકારી લોહી નીકળતી તેમજ મુંઢ ઈજા પહોંચાડી જાનથી મારી નાખવાની ધમકી આપતા હુમલાનો ભોગ બનનાર યુવાન દ્વારા સામરાભાઈ વરમલ સામે કલ્યાણપુર પોલીસમાં ફરિયાદ નોંધાવવામાં આવતા હે. કો. નારણભાઈ લુણા આગળની તપાસ ચલાવી રહ્યા છે. બે ત્રણ દિવસથી ચાલતી નાની - નાની બોલાચાલીનું મનમાં રાખી શખ્સે હુમલો કર્યો હોવાનું પોલીસમાં જાહેર થયું છે.

## શંકરાચાર્યજીનું તહેવારો દરમ્યાન દ્વારકામાં રોકાણ



દ્વારકા : પશ્ચિમામ્નાય અનંત શ્રી વિભૂષિત દ્વારકા શારદાપીઠાધીશ્વર જગદ્ગુરૂ શંકરાચાર્ય સ્વામી સદાનંદ સરસ્વતી મહારાજનું યાત્રાધામ દ્વારકાના શારદામઠમાં આગમન થયું છે. દીપાવલીના તહેવારો દરમ્યાન દ્વારકા તેમના રોકાણ દરમ્યાન તા. ૫-૧૧-૨૬ થી દરરોજ સવારે ૧૦ થી ૧૨ સુધી તેમજ સાંજે ૬ થી ૮ વાગ્યા સુધી દર્શનાર્થીઓ-ભાવિકોને શંકરાચાર્ય મહારાજના દર્શન થશે તેમ શારદામઠના બ્રહ્મચારી નારાયણાનંદજી મહારાજે જણાવ્યું છે.

## કાલાવડના નિકાવા ગામે પાણી ખેંચવાની બે મોટર તસ્કરો બઠાવી ગયા

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના નિકાવા ગામે ઉંડ નદીમાંથી ખેતરમાં પાણી ખેંચવા માટે રાખવામાં આવેલી બે સબમર્સિબલ મોટર તથા કેબલ વાયરની ચોરી થઈ ગયાની ફરિયાદ ખેડૂતે પોલીસમાં નોંધાવતા તપાસ હાથ ધરાઈ છે.

કાલાવડ તાલુકાના નિકાવા ગામે રહેતા ખેડૂત પંકજભાઈ રણછોડભાઈ તાળાની વાડીના શેઢા પાસે આવેલી ઉંડ નદીમાંથી પાણી ખેંચવા માટે સાડા સાત હોર્સપાવરની બે સબમર્સિબલ મોટર રાખવામાં આવી હતી. જે તા. ૨૮ ઓક્ટોબરથી તા. ૨ નવેમ્બરના દરમિયાન કોઈ અજાણ્યા તસ્કરો એક નવી મોટર કિંમત રૂ. ૧૨ હજાર અને જૂની મોટર કિંમત રૂ. આઠ હજાર તથા આશરે ૧૦૦ ફૂટ કોપર કેબલ વાયરની કિંમત રૂ. ૧,૫૦૦ મળી કુલ રૂપિયા ૨૧,૫૦૦નો મુદ્દામાલ ચોરાયો છે. આ બનાવ અંગે પંકજભાઈ તાળાએ ફરિયાદ નોંધાવતા કાલાવડ ગ્રામ્ય પોલીસે અજાણ્યા તસ્કરો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ડીકેવી કૉલેજના વિદ્યાર્થી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ટીમમાં પસંદગી




જામનગર : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ દ્વારા તા.૧૫/૧૦/૨૦૨૬ના રોજ ફૂટબોલ ટુર્નામેન્ટનું આયોજન પ્રરવામાં ખાવ્યું હતું. જેમાં, જામનગરની ડીકેવી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજના BCAના વિદ્યાર્થી સ્વપ્રનીલસિંઘના ઉત્કૃષ્ટ પ્રદાનના લીધે તેમની સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ફૂટબોલ ટીમમાં પસંદગી કરવામાં આવેલ છે. નયુમ સોલકીના માર્ગદર્શન હેઠળ તૈયાર થયેલ વપ્રનીલસિંઘને પ્રિ. ડૉ. પી.વી. બાણગોરિયા તથા સ્ટાફ દ્વારા શુભેચ્છા આપવામાં આવી હતી.

## જામનગરનું ફાયરબ્રિગેડ તંત્ર એલર્ટ મોડમાં

### .શહેરમાં ૧૩૦ જેટલા ફાયર જવાનો તૈનાતઃ ત્રણ કાયમી ફાયર સ્ટેશન ઉપરાંત ચાર સ્થળે હંગામી ફાયર સ્ટેશન કાર્યરત


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : દિવાળીના તહેવારો દરમિયાન શહેર અને આસપાસના વિસ્તારોમાં લોકો દ્વારા કરવામાં આવતી આતશબાજી અને ફટાકડાના ધામધૂમભર્યા ઉજવણીના માહોલ વચ્ચે આગના અકસ્માતો ન સર્જાય અને કોઈપણ સ્થળે આગ કે અન્ય દુર્ઘટનાનો બનાવ બને તો તાત્કાલિક પહોંચી આગ પર કાબૂ મેળવી શકાય તે માટે જામનગર મહાનગરપાલિકાનું ફાયરબ્રિગેડ તંત્ર સંપૂર્ણપણે એલર્ટ મોડમાં આવી ગયું છે.

જામનગર મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિયાના માર્ગદર્શન હેઠળ ઈન્ચાર્જ ફાયર ઓફિસર ભાવેશ જાની રાહબરીમાં ફાયર ઓફિસર જયવીરસિંહ રાણા તથા અનવર ગજજણની દેખરેખ હેઠળ ફાયર વિભાગના કુલ ૧૩૦ જેટલા અધિકારીઓ, કર્મચારીઓ અને જવાનોને તૈનાત કરી દેવામાં આવ્યા છે. દિવાળીના તહેવારોને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગના કર્મચારીઓની રજાઓ રદ કરી ફરજ પર હાજર રહેવા સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત ચોવીસ કલાક રાઉન્ડ ધ ક્લોક ફાયર સેવા ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

શહેરમાં આગના બનાવો પર તાત્કાલિક નિયંત્રણ મેળવી શકાય તે માટે મહાનગરપાલિકાના મુખ્ય ફાયર સ્ટેશન ઉપરાંત જનતા ફાટક પાસે અને બેડી વિસ્તારમાં આવેલા ફાયર સ્ટેશનને કાર્યરત રાખવામાં આવ્યાં છે. આ ત્રણ કાયમી ફાયર સ્ટેશન ઉપરાંત શહેરમાં વધુ ચાર સ્થળોએ હંગામી ફાયર સ્ટેશન ઊભાં કરવામાં આવ્યાં છે. જેમાં સમર્પણ સર્કલ, ડીકેવી સર્કલ, રાધિકા સ્કૂલ પાસે તથા સાધના કોલોની રોડ ગ્રીનસીટીનો સમાવેશ થાય છે.

## ભોગાયતા ટ્રસ્ટ દ્વારા સમુહલગ્નનું આયોજન

જામનગર : જામનગરના સ્વ. હીરજી રામજી ભોગાયતા તથા રંભાબેન હીરજીભાઈ ભોગાયતા ચેરી. ટ્રસ્ટ દ્વારા મે. ટ્રસ્ટી નારણજી હીરજી ભોગાયતાના નેતૃત્વમાં બરડાઈ બ્રાહ્મણ મોટી જ્ઞાતિના શહેર તથા ગ્રામ્ય વિસ્તારમાં વસતા જ્ઞાતિજનો માટે સ્વ. હીરજીબાપાની ૧૧૬ મી જન્મ જયંતી નિમિત્તે ઘરબેઠા વિનામૂલ્યે સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સમૂહલગ્નમાં ભાગ લેવા ઈચ્છતા જ્ઞાતિજનો તા. ૨ નવેમ્બર ૨૦૨૬થી તા. ૩૧ માર્ચ ૨૦૨૭ સુધી ભાગ લઈ શકશે. આ સમૂહ લગ્નમાં જોડાવા માટેના નિયમો અને સૂચનાઓ સહિતની વિસ્તૃત જાણકારી માટે નારણજી ભોગાયતા, હરસિદ્ધિ ભુવન, પ્લોટ નં. ૧૧૯, ફેઝ-૩, વાલકેશ્વરી નગરી પાસે મો. ૯૯૦૯૧ ૩૩૩૬૯૦નો સંપર્ક કરી ૧૫ દિવસ અગાઉ જાણ કરવાની રહેશે તેમ જણાવાયું છે.

## દ્વારકાધીશ મંદિર ખાતે કોર્ન સ્ટાર્ચની ઈકો-ફ્રેન્ડલી થેલીઓનું વિતરણ




દ્વારકા : યાત્રાધામ દ્વારકાને સ્વચ્છ અને સિંગલ-યુઝ પ્લાસ્ટિક મુક્ત બનાવવા માટે શ્રી દ્વારકાધીશ મંદિર વહીવટદાર કચેરી તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) - જામનગરના સંયુક્ત ઉપક્રમે મંદિર પરિસર ખાતે વિશેષ જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે વેપારીઓ અને યાત્રાળુઓને પ્લાસ્ટિકના વિકલ્પરૂપે મકાઈના સ્ટાર્ચ (કોર્ન સ્ટાર્ચ)માંથી બનેલી ૧૦૦% બાયોડિગ્રેડેબલ થેલીઓ અને પર્યાવરણને અનુકૂળ ઉત્પાદનો વિશે સમજ આપી તેનું વિતરણ કરવામાં આવ્યું હતું.મંદિરના વહીવટદાર તથા એસડીએમ દ્વારકા દ્વારા જાહેર અપીલ કરવામાં આવી હતી કે, પર્યાવરણ અને ગૌવંશના હિતમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ તાત્કાલિક બંધ કરી માત્ર ઈકો-ફ્રેન્ડલી વિકલ્પો અપનાવવામાં આવે અને પવિત્ર યાત્રાધામને પ્લાસ્ટિક મુક્ત રાખવામાં સૌ સહયોગ આપે.

## દશા શ્રીમાળી જ્ઞાતિ લાણી સંસ્થા દ્વારા સ્નેહમિલન

જામનગર : જામનગર દશા શ્રીમાળી જ્ઞાતિ લાણી સંસ્થા દ્વારા સ્નેહમિલન ભોજન સમારંભ તા. ૧૦/૧૧/૨૬ના બપોરે ૧૨ થી ૨ વાગ્યા દરમ્યાન કુંવરબાઈ જૈન ધર્મશાળા, પવનચક્કી પાસે, જેલ રોડ, જામનગરમાં રાખવામાં આવ્યો છે. સંસ્થાના સર્વે સભ્યોએ પરિવાર સાથે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા પ્રમુખ અશ્વિનભાઈ વાઘજીયાણી, મંત્રી વિજયભાઈ શેઠ દ્વારા જણાવાયુ છે.

**સિક્કા નગરપાલિકા-સિક્કા જિ.જામનગર**
**જાહેર નોટિસ**

**જા.નં.- 669/2026-27** **તા. 04 /11/2026**

**વિષય: "સિક્કા નગરપાલિકા ઘન કચરો વ્યવસ્થાપન પેટા-નિયમો, 2026" ના ડ્રાફ્ટ પર જાહેર અભિપ્રાય/સૂચનો મંગાવવા બાબત.**

આથી નગરપાલિકાના સમગ્ર શહેરી વિસ્તારના નાગરિકો, વેપારીઓ, દુકાનદારો, રહેણાંક સોસાયટીઓ, શૈક્ષણિક સંસ્થાઓ, BWG, ઔદ્યોગિક એકમો, વાણિજ્યિક સંસ્થાઓ તથા અન્ય તમામ સંબંધિત હિતધારકોને જાહેર જનતા માટે જણાવવામાં આવે છે કે, ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા અમલમાં મૂકવામાં આવેલ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૧૬ ની જોગવાઈઓને અનુરૂપ ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય ગાંધીનગરના પરિપત્ર ક્રમાંક : UDUHD/SBM/e-file/18/2026/1948/TH-1 તા. : ૧૫/૧૦/૨૦૨૬ અન્વયે સિક્કા નગરપાલિકા દ્વારા તા. : ૨૯/૧૦/૨૦૨૬ ડ્રાફ્ટ મોડેલ બાયલોઝ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૨૬ને મંજૂરી આપવામાં આવેલ છે. અને તે બાયલોઝની નકલ સિક્કા નગરપાલિકાના નોટિસ બોર્ડ પર ઉપલબ્ધ છે.

ઉક્ત બાયલોઝની અમલવારી કરવા અંગે સિક્કા શહેરી વિસ્તારના નાગરિકો તથા તમામ સંબંધિત હિતધારકો પાસેથી બાયલોઝ અંગેના વાંધા-સૂચનો મંગાવવામાં આવે છે.

જે કોઈ વ્યક્તિ, સંસ્થા કે હિતધારકને પ્રસ્તાવિત બાયલોઝ અંગે કોઈ વાંધો કે સૂચન રજૂ કરવાનું હોય, તેઓએ પોતાના વાંધા-સૂચનો સ્પષ્ટ કારણો અને જરૂરી આધાર-પુરાવા સાથે આ જાહેર નોટિસ પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર, લેખિતમાં ચીફ ઓફિસરશ્રી, સિક્કા નગરપાલિકા, સિક્કા જી. જામનગર ની કચેરી ખાતે કચેરી સમય દરમિયાન રૂબરૂ અથવા ટપાલ મારફતે રજૂ કરવાના રહેશે.

નિર્ધારિત સમયમર્યાદા બાદ પ્રાપ્ત થતા વાંધા-સૂચનો અંગે વિચારણા કરવામાં આવશે કે નહીં તે સક્ષમ સત્તાધિકારીના નિર્ણયને આધીન રહેશે. સમયમર્યાદામાં પ્રાપ્ત થયેલા વાંધા-સૂચનોની લાગુ પડતી જોગવાઈઓ તથા નિયમો અનુસાર ચકાસણી કરી, યોગ્ય જણાય તેવા વાંધા-સૂચનોને ધ્યાને લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# જામનગર શહેરમાં ફટાકડાના વિક્રેતાઓને ત્યાં ચેકીંગ


તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : જામનગરમાં દિવાળીના પર્વને હવે ગણતરીના દિવસો બાકી રહ્યાં છે ત્યારે શહેરમાં ફટાકડાના સ્ટોલો શરૂ થયા છે. તેથી ફટાકડાના વેચાણ દરમ્યાન કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે હેતૂથી પોલીસ, એસ્ટેટ વિભાગ અને ફાયર શાખા દ્વારા સંયુકત ચેકિંગ હાથ પરવામાં આવ્યું હતું અને વેપારીઓને જરૂરી સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

દિવાળીના પર્વ દરમ્યાન બાળકોથી લઈ યુવાનો મોટી સંખ્યામાં ફટાકડા ફોડતા હોય છે. જામનગર શહેરમાં હાલ અનેક સ્થળોએ ફટાકડાના વેચાણ માટેના સ્ટોલ શરૂ થઈ ચૂકયા છે. ત્યારે જામનગર પોલીસ, જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા અને ફાયર વિભાગની સંયુક્ત ટીમ દ્વારા ગુલાબ નગર વિસ્તારમાં આવેલા ફટાકડાના સ્ટોલનું, વછરાજ ગ્રુપ દ્વારા ફટાકડા સ્તોલ નું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

ચેકિંગ દરમ્યાન ફટાકડાના સ્ટોલના સ્થળ, વેપારીઓ દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થા, આગથી બચવા માટે રાખવામાં આવેલા સુરક્ષાના સાધનોની તપાસ કરવામાં આવી હતી. તેમજ ફટાકડાના સ્ટોલ ઉપર સલામતિના નિયમોનું પાલન થાય છે કે નહીં? અને આગ જેવી દુર્ઘટનાને પહોંચી વળવા માટે જરૂરી સાધનો ઉપલબ્ધ છે કે નહીં? તે તમામ બાબતોની ચકાસણી કરવામાં આવી હતી જોકે એવું પણ લોકમુકે ચર્ચાઈ રહ્યું છે કે શહેરના નગર વિસ્તારમાં પણ ખુલ્લેઆમ રોડ ઉપર અનેક ફટાકડાના સ્ટોલો ઊભા કરી દેવાયા છે ત્યાં પણ ચેકિંગ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited Printer & Publisher Komalkant Fakirchand Sharma, on behalf of Leela News Network Private Limited Printed at 1/6 Ghanchivad , Near Jilla Garden, Rajkot. Published at Near Anupam talkies, Shivam Building, Bedi Gate, Jamnagar. Editor: Rajesh Kiritbhai Dave* Vijay Kotecha(Responcible for News editing as per PRB ACT)

## સૌરાષ્ટ્ર આસપાસ

# સોનુ ખરીદો અને લક્ષ્મીજીની કૃપા મેળવો

ભારતીય સમાજ અને સોનાનો સંબંધ હજારો વર્ષ જૂનો છે. લગ્નપ્રસંગ, તહેવારો, જન્મ, પૂજા કે સંકટ દરેક સમયે સોનું માત્ર ધાતુ નથી રહેતું, પરંતુ ભાવનાત્મક સુરક્ષા, પરંપરા અને વિશ્વાસનું પ્રતીક બની જાય છે. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં સોનાના ભાવમાં જે રીતે ઐતિહાસિક વધારો થયો છે, તેને જોતા હવે "સોનું લેવું સપનું બની ગયું છે" એવું કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી.દિવસેને દિવસે સોનાના ભાવ નવા રેકોર્ડ બનાવે છે. આ ભાવવધારા વચ્ચે એક આશ્ચર્યજનક હકીકત સામે આવી છેલભારતીય ઘરોમાં જેટલું સોનું સંગ્રહિત છે, તેની કુલ કિંમત આજે અનેક દેશોની GDP કરતાં પણ વધુ થઈ ગઈ છે. અહીં સુધી કે તે ભારતની હાલની GDPને પણ પાછળ છોડી ચૂક્યું છે.વિશ્વવિખ્યાત રોકાણ બેંક મોર્ગન સ્ટેનલીએ ગયા વર્ષના ઓક્ટોબર મહિનામાં એક મહત્વનો અંદાજ રજૂ કર્યો હતો. તેમના મુજબ ભારતીય પરિવારો પાસે અંદાજે ૩૪,૬૦૦ ટન સોનું છે. આ આંકડો માત્ર સંખ્યા નથી, પરંતુ ભારતના સામાજિક અને આર્થિક સ્વભાવને સમજાવતો દર્પણ છે.જો આજના આંતરરાષ્ટ્રીય બજારભાવ મુજબ તેની કિંમત ગણીએ તો તે આશરે ૫ ટ્રિલિયન ડોલર, એટલે કે ભારતીય ચલણમાં લગભગ ૪૫૦ લાખ કરોડ રૂપિયા થાય છે.આ આંકડો સાંભળતાં સ્વાભાવિક રીતે મનમાં પ્રશ્ન ઊભો થાય છેલશું ખરેખર ભારતીય લોકોના ઘરોમાં પડેલું સોનું દેશની કુલ અર્થવ્યવસ્થા કરતાં વધુ મૂલ્યવાન છે? આ પ્રશ્નનો જવાબ કદાચ "હા" છે. આંતરરાષ્ટ્રીય મોનેટરી ફંડ (IMF)ના આંકડા અનુસાર ભારતની હાલની GDP અંદાજે ૪.૧ ટ્રિલિયન ડોલર જેટલી છે, જે લગભગ ૩૭૦ લાખ કરોડ રૂપિયા થાય છે. સરકારનો દાવો છે કે ભારત ૨૦૨૭ સુધીમાં ૫ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનશે, પરંતુ હાલમાં તો ભારતીય ઘરોમાં રહેલું સોનું જ આ લક્ષ્યાંકને પાર કરી ચૂક્યું છે.સોનાના ભાવમાં થયેલા આ અભૂતપૂર્વ વધારાનું મુખ્ય કારણ વૈશ્વિક અનિશ્ચિતતા છે. યુદ્ધો, મંદીનો ભય, મહંગાઈ, કરન્સી પર વિશ્વાસમાં ઘટાડોલ આ બધાં કારણોસર દુનિયાભરના રોકાણકારો ફરી સોનાની તરફ વળ્યા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં હાલમાં સોનાનો ભાવ લગભગ ૪,૫૦૦ ડોલર પ્રતિ ઔંસ સુધી પહોંચ્યો છે. ભારતીય બજારમાં તેનું રૂપાંતર કરીએ તો તે પ્રતિ ૧૦ ગ્રામ લગભગ ૧,૪૨,૭૦૦ રૂપિયા થાય છે.ભારતમાં સોનાનું મહત્વ માત્ર ખાનગી ઘરો સુધી સીમિત નથી. દેશની કેન્દ્રીય બેંક, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI), પણ છેલ્લા કેટલાક વર્ષોમાં પોતાના સોનાના ભંડારમાં નોંધપાત્ર વધારો કરી રહી છે. ૨૦૨૪થી અત્યાર સુધી RBIએ આશરે ૭૫ ટન સોનું ખરીદ્યું છે, જેના કારણે RBI પાસે કુલ સોનાનો જથ્થો લગભગ ૮૮૦ ટન થયો છે. મોર્ગન સ્ટેનલીના અહેવાલ મુજબ હવે ભારતના કુલ વિદેશી હૂંડિયામણ ભંડારમાં સોનાનો હિસ્સો લગભગ ૧૪ ટકા જેટલો થયો છે.આ સ્થિતિ સ્પષ્ટ કરે છે કે માત્ર સામાન્ય લોકો જ નહીં, પરંતુ નીતિ નિર્માતાઓ પણ સોનાને સુરક્ષિત સંપત્તિ તરીકે જોઈ રહ્યા છે. જ્યારે ડોલર, યુરો જેવી કરન્સી પર વૈશ્વિક સ્તરે પ્રશ્નચિહ્ન ઊભા થાય છે, ત્યારે સોનું વિશ્વસનીય વિકલ્પ તરીકે આગળ આવે છે.વર્લ્ડ ગોલ્ડ કાઉન્સિલ (WGC)ના આંકડા પણ ભારતની સોનાપ્રેમી ઓળખને સમર્થન આપે છે. WGC મુજબ ભારત દુનિયામાં સોનાનો બીજો સૌથી મોટો ખરીદદાર દેશ છે. ચીન લગભગ ૨૮ ટકા હિસ્સા સાથે પ્રથમ સ્થાને છે, જ્યારે ભારત ૨૬ ટકા હિસ્સા સાથે બીજા સ્થાને છે. આ આંકડો દર્શાવે છે કે ભારત અને ચીન બંને દેશોમાં સોનાને માત્ર રોકાણ નહીં.

# કાળી ચૌદસ : અંધકારની રાત્રિએ પ્રકાશનું અવતરણ

કાળી ચૌદસનું નામ સાંભળતાં જ મનમાં એક ભયભીત પરંતુ રહસ્યમય ચિત્ર ઉપસી આવે છે. કાળી ચૌદસ એ દિવાળીના પાંચ દિવસીય મહાપર્વનો ત્રીજો દિવસ છે, જે આસો માસના કૃષ્ણ પક્ષની ચતુર્દશી તિથિએ ઉજવવામાં આવે છે . આ દિવસને નરક ચતુર્દશી, રૂપ ચૌદસ અને છોટી દિવાળી જેવા અનેક નામોથી પણ ઓળખવામાં આવે છે . ભારતીય સંસ્કૃતિમાં આ તિથિનું વિશેષ સ્થાન છે, કારણ કે તે અંધકાર પર પ્રકાશના વિજયનું પ્રતીક છે. આ દિવસે માત્ર ઉત્સવની ઉમંગ નથી હોતી, પરંતુ એક ઊંડી આધ્યાત્મિક સાધનાનો ભાવ પણ સમાયેલો છે. જ્યારે આપણે કાળી ચૌદસના મહત્વને સમજવાનો પ્રયાસ કરીએ છીએ, ત્યારે એ સ્પષ્ટ થાય છે કે આ દિવસ દુષ્ટ શક્તિઓ પર સદ્ગુણની જીતનો ઉત્સવ છે, જે મનુષ્યને તેના અંતરના અંધકારને દૂર કરવાનો સંદેશ આપે છે.

**યમ દીપ અને મૃત્યુના ભય પર વિજય, માણસને સૌથી મોટામાં મોટો કોઈ ડર હોય તે મોતનો ભય છે. જે જન્મે છે તે મરી જાય છે. મરવું કોઈને ગમતું નથી પરંતુ એ જીવનનું અંતિમ સત્ય છે. ભગવદ્ ગીતામાં કહ્યું છે કે માનવીનો આત્મા અજર અમર છે આથી જ દિવાળી પૂર્વે મૃત્યુના ભય પર વિજય મેળવવા માટે કાળી ચૌદસનો તહેવારો ઉજવવામાં આવે છે.**

પ્રાંસગિક સુરેશ ભટ્ટ

કાળી ચૌદસનું નામ જ સૂચવે છે કે આ દિવસ માતા કાલીને સમર્પિત છે. "કાળી" શબ્દનો અર્થ અનંત અંધકાર થાય છે, અને "ચૌદસ" એટલે ચતુર્દશી તિથિ . ભારતના અનેક ભાગોમાં, ખાસ કરીને બંગાળમાં, આ દિવસે મહાકાલીની વિશેષ પૂજા કરવામાં આવે છે. માન્યતા છે કે આ દિવસે માતા કાલીએ નરકાસુરનો વધ કર્યો હતો, તેથી જ તેમની આરાધના દુષ્ટ શક્તિઓના નાશ માટે કરવામાં આવે છે . કાળી ચૌદસને મેલી વિદ્યાના સાધકો માટે પણ એક વિશેષ દિવસ માનવામાં આવે છે. તેઓ માને છે કે આ રાત્રિએ સ્મશાનમાં સાધના કરવાથી તેમની વિદ્યા સિદ્ધ થાય છે . જોકે, સામાન્ય ભક્તો માટે આ દિવસ ભયનો નહીં, પરંતુ શ્રદ્ધાનો છે. માતા કાલીની પૂજા એ શક્તિની સ્વીકૃતિ છે, જે આપણને જીવનના સંઘર્ષોનો સામનો કરવાની હિંમત આપે છે. આ ઉપાસનાનો સાર એ છે કે અંધકારથી ડરવું નહીં, પરંતુ તેને શક્તિમાં પરિવર્તિત કરવું.યમ દીપ અને મૃત્યુના ભય પર વિજય આ તહેવારનો સાર છે.

કાળી ચૌદસની સાંજે યમરાજના નામે દીપ પ્રગટાવવાની પરંપરા છે, જેને યમ દીપ કહેવામાં આવે છે. ધાર્મિક માન્યતા અનુસાર, દક્ષિણ દિશામાં મુખ કરીને યમનો દીપ પ્રગટાવવાથી અકાળ મૃત્યુનો ભય દૂર થાય છે અને પરિવારના સભ્યોને દીર્ઘાયુષ્યનું વરદાન મળે છે . આ પરંપરા પાછળ એક ઊંડો ભાવ છે—મૃત્યુ એ જીવનનું અટલ સત્ય છે, પરંતુ તેનાથી ડરવાને બદલે આપણે તેને સ્વીકારીને સદ્કર્મ કરવા જોઈએ. સ્કંદપુરાણમાં પણ આ તિથિએ યમરાજ માટે દીપદાનનું મહત્વ વર્ણવવામાં આવ્યું છે . આ ઉપરાંત, કેટલાક પરિવારોમાં પિતૃઓને ભોજન અર્પણ કરવાની પરંપરા પણ છે, જે દર્શાવે છે કે કાળી ચૌદસ મૃત્યુ અને પૂર્વજો સાથેના સંબંધને યાદ કરાવતો દિવસ છે . આ બધું મળીને એ સંદેશ આપે છે કે જીવન અને મૃત્યુ એકબીજાના વિરોધી નથી, પરંતુ એક જ ચક્રના બે ભાગ છે.હનુમાનજીની પૂજાઃ રક્ષણની કવચ આજનું મહત્વનું વિધાન છે.ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત દેશના ઘણા ભાગોમાં કાળી ચૌદસના દિવસે હનુમાનજીની વિશેષ પૂજા કરવામાં આવે છે. માન્યતા છે કે આ રાત્રિએ ભૂત-પ્રેત, જાદુ-ટોણા જેવી નકારાત્મક શક્તિઓ વધુ સક્રિય હોય છે, અને હનુમાનજી અષ્ટસિદ્ધિ અને નવનિધિના દાતા તથા ભૂત-પ્રેતના નાશક માનવામાં આવે છે . આથી જ આ દિવસે હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવે છે, "ૐ હનુમતે નમઃ" મંત્રનો જાપ કરવામાં આવે છે અને બજરંગબલીને સિંદૂર, તેલ અને ચોળા અર્પણ કરવામાં આવે છે . એક કથા અનુસાર, ભગવાન રામે હનુમાનજીની ભક્તિથી પ્રસન્ન થઈને વરદાન આપ્યું હતું કે જ્યાં પણ તેમની પૂજા થશે, ત્યાં પહેલા હનુમાનજીની પૂજા થશે . તેથી જ દિવાળી પહેલા હનુમાનજીની પૂજા કરવામાં આવે છે. આ પૂજા માત્ર ભયથી રક્ષણ માટે નથી, પરંતુ આંતરિક શક્તિ અને સાહસના જાગરણ માટે પણ છે. હનુમાનજી એ ભક્તિ, સેવા અને નિઃસ્વાર્થ સમર્પણના પ્રતીક છે, અને તેમની આરાધના આપણને જીવનમાં ધૈર્ય અને નિષ્ઠા સાથે આગળ વધવાની પ્રેરણા આપે છે.કાળી ચૌદસના દિવસે અભ્યંગ સ્નાનનું વિશેષ મહત્વ છે. અભ્યંગ એટલે તેલ અને ઉબટનથી શરીરની માલિશ કરીને સ્નાન કરવું. માન્યતા છે કે આ દિવસે સૂર્યોદય પહેલાં જાગીને અભ્યંગ સ્નાન કરવાથી બીમારીઓ દૂર થાય છે અને આયુષ્ય વધે છે . આ પરંપરા નરકાસુર વધ પછી ભગવાન કૃષ્ણના સ્નાન સાથે જોડાયેલી છે, પરંતુ તેનું વૈજ્ઞાનિક કારણ પણ છે—કાર્તિક માસમાં ઋતુ પરિવર્તન થાય છે, અને તેલ-ઉબટન શરીરને ઠંડીથી બચાવે છે અને ત્વચાને સ્વસ્થ રાખે છે. આ ઉપરાંત, ઘરની સફાઈ, રંગોળી અને દીપ પ્રગટાવવાની પરંપરા પણ છે. ગુજરાતમાં ખાસ કરીને



ખીર અને વડા બનાવવાનો રિવાજ છે, અને એવું માનવામાં આવે છે કે જેટલું તેલ બળે, તેટલો કકળાટ ટળે . આ બધી વિધિઓ મળીને કાળી ચૌદસને એક એવા દિવસમાં પરિવર્તિત કરે છે જ્યાં શારીરિક શુદ્ધિ, માનસિક શાંતિ અને આધ્યાત્મિક જાગરણ એકસાથે થાય છે.આજના સમયમાં કાળી ચૌદસનું સ્વરૂપ ભલે બદલાયું હોય, પરંતુ તેનો આત્મા અકબંધ છે. આ દિવસ આપણને યાદ કરાવે છે કે અંધકાર એ માત્ર બહારની દુનિયામાં નથી હોતો, પરંતુ આપણા મનમાં પણ હોય છે—અજ્ઞાન, ભય, લોભ અને અહંકારના રૂપમાં. કાળી ચૌદસ એ આ અંધકારને ઓળખીને તેના પર વિજય મેળવવાનો ઉત્સવ છે. માતા કાલીની પૂજા આપણને શક્તિ આપે છે, હનુમાનજીની આરાધના રક્ષણ આપે છે, યમ દીપ મૃત્યુના ભયને દૂર કરે છે અને અભ્યંગ સ્નાન શરીરને શુદ્ધ કરે છે. આ બધું મળીને એક સંપૂર્ણ સાધના બની જાય છે, જે આપણને જીવનના દરેક પડકારનો સામનો કરવા સક્ષમ બનાવે છે. ભારતીય સંસ્કૃતિમાં કાળી ચૌદસ એ વાતનું પ્રતીક છે કે અંધકાર જ્યાં સૌથી ઘાટો હોય છે, ત્યાં જ પ્રકાશની શોધ થાય છે. અને એ જ પ્રકાશ આપણને આગળ વધવાનો માર્ગ દેખાડે છે.

# દિવાળીના પ્રકાશમાં આત્મસત્યની શોધ

દિવાળી નજીક આવી રહી છે અને બહારના આકાશમાં, ઘરની અગાસીમાં, બજારની દુકાનોમાં દીવાઓની હારમાળા ગોઠવાઈ રહી છે, પરંતુ આ બાહ્ય પ્રકાશ ત્યારે જ સાર્થક બને છે જ્યારે માણસ પોતાના ભીતરમાં એક દીવો પ્રગટાવે. એ દીવો એટલે આત્મશ્રદ્ધાનો દીવો, આત્મિક સત્ય સ્વરૂપ હોવાનો દીવો. વર્ષોથી આપણે દિવાળીને ફક્ત ઘર સાફ કરવાનો, નવા કપડા પહેરવાનો અને મીઠાઈ વહેંચવાનો તહેવાર માન્યો છે, પરંતુ તેનો મૂળ સંદેશ તો મનને સાફ કરવાનો છે. મનમાં વર્ષોથી જામી ગયેલી ભયની, શંકાની, બીજા શું કહેશે એવી ચિંતાની ધૂળને જો દિવાળીના દિવસોમાં પણ આપણે કાઢી ન શક્યા તો બહારની સફાઈનો કોઈ અર્થ રહેતો નથી. જીવનમાં નિષ્ફળતા કે નિરાશા આવે છે તેનું સૌથી મોટું કારણ આપણી અંદર ઘર કરી ગયેલો ભય છે. આ ભયને ઓળખવા માટે આત્મનિરીક્ષણની આદત કેળવવી અત્યંત જરૂરી છે. દિવાળીનો તહેવાર આપણને આત્મનિરીક્ષણ માટે સૌથી ઉત્તમ સમય આપે છે. ચોપડા પૂજન કરતી વખતે આપણે હિસાબના ચોપડા તો બદલીએ છીએ, પરંતુ જીવનના ચોપડામાં ક્યાં ભય, ક્યાં ભ્રમ અને ક્યાં શંકા જમા થયા છે તેનો હિસાબ ક્યારેય કર્યો છે ખરો. માણસે સભાનપણે એ જોવું પડશે કે કયા ગુણની ઉણપ તેને પાછળ ખેંચે છે. ઘણીવાર તે ઉણપ બહાર નથી હોતી, અંદર હોય છે અને તેનું નામ ભય છે. આ ભયને મનમાંથી હાંકી કાઢવાની હિંમત એ જ ખરી લક્ષ્મી પ્રાપ્તિ છે. સ્વામી વિવેકાનંદ હંમેશા કહેતા કે અભય જેવો બીજો કોઈ મિત્ર નથી. જે માણસ અભયમાં સ્થિર થાય છે તે જ સાચા અર્થમાં આત્મવિશ્વાસ, આત્મજ્ઞાન, આત્મસંયમ, આત્મશ્રદ્ધા, આત્મશક્તિ અને આત્મિક સત્ય સ્વરૂપ જીવન એ છ સંપત્તિઓનો માલિક બને છે. આ છ વસ્તુઓ જ જીવનને બળ આપે છે અને સફળતા તરફ દોરી જાય છે. આત્મવિશ્વાસ વધારવાનો સૌથી સરળ અને સત્ય રસ્તો એ છે કે જે કામ કરતા તમને ડર લાગે છે એ જ કામને તમે હાથમાં લો. ડરને ટાળવાથી ડર વધે છે, ડરનો સામનો કરવાથી ડર ઘટે છે. જેમ જેમ તમે નાના નાના ભય ઉપર વિજય મેળવશો તેમ તેમ તમારો આત્મવિશ્વાસ વધુ દૃઢ બનતો જશે અને એક દિવસ તમે ભય, ભ્રમ, સંશય અને શંકાથી સંપૂર્ણ નિવૃત્ત થઈને અભય બની જશો. દિવાળીના દિવસે આપણે અજવાળું કરીએ છીએ કારણ કે અંધારું દૂર કરવું છે, એમ જ જીવનમાં પણ આપણે પુરુષાર્થ કરવો પડે છે કારણ કે ભયના અંધારાને દૂર કરવું છે. સત્યના આધારે કરેલો પુરુષાર્થ ક્યારેય નિષ્ફળ જતો નથી. માણસને સૌથી વધુ ડર એ વાતનો લાગે છે કે લોકો શું કહેશે. આ વિચાર જ માણસને અડધો નબળો પાડી દે છે. દિવાળી આપણને શીખવે છે કે આપણે ઘેટા નથી કે ટોળામાં ચાલીએ. આપણે ચિન્મય છીએ, ચેતન સ્વરૂપ છીએ. આપણી બુદ્ધિ, આપણું મન, આપણું ચિત્ત જો શુદ્ધ, સંતુલિત અને સમતાયુક્ત હશે તો આપણો દરેક નિર્ણય સાચો હશે. એટલે બીજાના અભિપ્રાયો, બીજાની માન્યતાઓને એક બાજુ મૂકીને પોતાના આત્મિક સત્ય પ્રમાણે જીવવાની કળા શીખવી પડશે. અહંકારથી મુક્ત થઈને, પોતાના સ્વભાવને, પોતાના વિચારને, પોતાના કર્મને ઓળખીને જ્યારે માણસ અભય બનીને જીવે છે ત્યારે જ તેને સત્ય ધર્મનું આચરણ કહેવાય છે. અભય એ જ જીવની મહાસિદ્ધિ છે. આ દિવાળીએ નક્કી કરો કે પાછળ વળીને જોવું નથી, દૃષ્ટિ અને સૂઝ હંમેશા આગળ રાખવી છે. જ્યાં ભય અને ભ્રમથી નિવૃત્તિ છે અને પ્રેમ અને સત્યનો સ્વીકાર છે ત્યાં સફળતા સામે ચાલીને આવે છે અને પગ ચૂમે છે. આ જ સાચી દિવાળી છે, આ જ નવા વર્ષનો સાચો સંકલ્પ છે.

**માનવીએ મનની અંદર રહેલી નકારાત્મકતા દૂર કરીને નવા ઉત્સાહ અને ઉમંગ સાથે પોતાના કર્તવ્યો નિભાવવા જોઈએ. ગઈકાલ ભલે અંધકારના ઓછાયામાં વીતી હોય પરંતુ આવતીકાલ માટે આશાવાદી બનીએ અને પોતાનું કર્તવ્ય સારી રીતે નિભાવીએ એટલે આપમેળે નિશદિન દિવાળીનો ઉત્સવ બની જશે**

# દિવાળીના દિવ્ય પર્વ પર શ્રીયંત્ર દ્વારા સ્થિર લક્ષ્મીની પ્રાપ્તિ

લક્ષ્મીજી આવે અને આપણે ઘરમાં આપણી ઓફિસમાં સ્થિર થઈને રહે તેવું જો તમે ઈચ્છતા હો તો આ લેખ આપ ધ્યાનપૂર્વક વાંચો અને તેનો અમલ કરો નવા વર્ષમાં આ પ્રમાણે કરશો તો વાસ્તુશાસ્ત્ર પ્રમાણે આપને ત્યાં લક્ષ્મીજી સ્થિર થઈને રહેશે તેમાં કોઈ શંકા વગરની વાત છે.

**દિવાળીને દિવસે સૌ કોઈ લક્ષ્મી પૂજન કરે છે લક્ષ્મી પૂજન કરવાથી હેલ્થ વેલ્થ ને હેપીનેસ ત્રણેય વસ્તુ મળે છે લક્ષ્મીજીને આવકારવા માટે સૌ કોઈ લક્ષ્મી પૂજન કરે છે. લક્ષ્મીજી કાયમ આપણા ઘરમાં આપણી ઓફિસમાં સ્થિર થઈને રહે તે માટે માતાજી બેઠા હોય તેવો ફોટો પૂજામાં સ્થાપિત કરવો જરૂરી છે. લક્ષ્મીજી ઉભા હોય તો કોઈ પણ સમયે તે ચાલ્યા જાય એવું બને પરંતુ જો બેઠા હોય તો તે સ્થિર થઈને રહે છે. લક્ષ્મીજી સાથે જો નારાયણનો ફોટો હોય તો લક્ષ્મીજી સ્થિર થઈને આપણે ત્યાં રહે છે.સાથે જો ગણપતિજી હોય તો તમામ વિઘ્નો દૂર થાય છે આ માટે સર્વોત્તમ ઉપાય હોય તો તે શ્રીયંત્ર છે. શ્રીયંત્રની સાથે શ્રીસૂક્તનો પાઠ કરો તે અતિશય જરૂરી છે સમૃદ્ધિ માટેનો આ આધ્યાત્મિક માર્ગ છે**

ભારતીય પંચાંગનો સૌથી તેજસ્વી અવસર એટલે દિવાળી. અમાસની કાળી રાત પણ જ્યારે હજારો દીવડાઓથી પૂનમ કરતા વધુ ઉજળી બની જાય તે પર્વ એટલે દીપાવલી. આ તહેવારનું હાર્દ છે મહાલક્ષ્મી પૂજન. પુરાણો કહે છે કે દિવાળીની રાત્રે દેવી લક્ષ્મી પોતાના ઘુવડ પર સવાર થઈને દરેક ઘરના આંગણે આવે છે. તેઓ જુએ છે કે કયા ઘરમાં પવિત્રતા છે, કયા ઘરમાં દીવો પ્રગટી રહ્યો છે અને કયા ઘરમાં સત્કર્મ થઈ રહ્યા છે. જે ઘરમાં ઉત્સાહ, સ્વચ્છતા અને શ્રદ્ધાનો ત્રિવેણી સંગમ હોય ત્યાં તેઓ પોતાનો કાયમી વાસ બનાવે છે. તેથી દિવાળીની લક્ષ્મી પૂજા એ માત્ર એક ધાર્મિક ક્રિયા નથી પણ પોતાના અંતરના અંધકારને દૂર કરીને ચેતનાને જાગૃત કરવાની સાધના છે. આ એક રાતની પૂજા આખા વર્ષના ભાગ્યની દિશા નક્કી કરે છે એવું વડીલો માને છે.

દિવાળીની સાંજે લક્ષ્મી પૂજનનું દ્રશ્ય અત્યંત મનોહર હોય છે. ગૃહલક્ષ્મીઓ સ્નાન કરીને નવા વસ્ત્રો ધારણ કરે છે. ઘરના મુખ્ય દ્વાર પર હળદર કંકુથી સ્વસ્તિક કરવામાં આવે છે અને કંકુથી પગલા બનાવવામાં આવે છે. પૂજા સ્થાન પર ચોખા અને કંકુથી અષ્ટદળ કમળ બનાવી તેની વચ્ચે શ્રી લક્ષ્મી, ગણેશજી અને કુબેરજીની મૂર્તિ કે ચિત્ર સ્થાપિત કરવામાં આવે છે. પંચામૃતથી સ્નાન કરાવીને ચંદન, અક્ષત, ગુલાબ અને કમળના પુષ્પો ચઢાવવામાં આવે છે. ઘીનો દીવો પ્રગટાવીને કમળના બીજની કે સ્ફટિકની માળાથી મંત્ર જાપ કરવામાં આવે છે. આરતીના સમયે આખો પરિવાર એક સાથે બેસીને પ્રાર્થના કરે છે કે હે મા, અમારા ઘરમાં ધનની સાથે ધર્મ પણ રહે અને વૈભવની સાથે વિવેક પણ રહે. સાચી લક્ષ્મી પૂજા ત્યારે જ ફળે છે જ્યારે આપણે પ્રામાણિકતાથી ધન કમાઈને તેને સારા કાર્યમાં વાપરીએ.લક્ષ્મીજીના પ્રાગટ્યની કથા આપણને જીવનનું ઊંડું રહસ્ય સમજાવે છે. સતયુગની વાત છે. એકવાર મહર્ષિ દુર્વાસાએ પોતાની તપસ્યાના બળથી બનેલી દિવ્ય માળા દેવરાજ ઇન્દ્રને ભેટ આપી. ઐશ્વર્યના નશામાં ઇન્દ્રએ તે માળાનું અપમાન કરીને તેને પોતાના હાથી ઐરાવતના મસ્તક પર ફેંકી દીધી. હાથીએ તે માળાને પગ તળે કચડી નાખી. આ જોઈને દુર્વાસા મુનિ અત્યંત ક્રોધિત થયા અને શ્રાપ આપ્યો કે જે લક્ષ્મીના અભિમાનમાં તું આચરી રહ્યો છે તે લક્ષ્મી જ તને છોડી દેશે. થોડા જ સમયમાં દેવતાઓનું તમામ વૈભવ નષ્ટ થઈ ગયું અને દૈત્યોએ સ્વર્ગ પર કબજો કરી લીધો. દેવતાઓ દુઃખી થઈને ભગવાન વિષ્ણુના શરણે ગયા.

આસપાસ ચોપાસ સુરેશ ભટ્ટ

વિષ્ણુ ભગવાને ઉપાય બતાવ્યો કે જો તમે ક્ષીરસાગરનું મંથન કરશો તો તેમાંથી ફરીથી લક્ષ્મી પ્રગટ થશે. સમુદ્ર મંથનમાંથી કાલકૂટ ઝેર, કામધેનુ, ઉચ્ચૈશ્રવા ઘોડો, ઐરાવત અને અનેક રત્નો નીકળ્યા અને અંતે સફેદ કમળ પર બેઠેલા, સુવર્ણ આભૂષણોથી શોભતા અને હાથમાં વરદ મુદ્રા ધારણ કરેલા દેવી લક્ષ્મી પ્રગટ થયા. તેમણે સીધા જઈને વિષ્ણુ ભગવાનના હૃદયમાં સ્થાન લીધું. આ કથાનો સંદેશ સ્પષ્ટ છે કે લક્ષ્મી ત્યાં જ રહે છે જ્યાં નમ્રતા અને કૃતજ્ઞતા હોય છે.આ સ્થિર લક્ષ્મીને પોતાના ઘરમાં કાયમ માટે રોકી રાખવાનું સૌથી શક્તિશાળી માધ્યમ એટલે શ્રી યંત્ર. શ્રી યંત્રને તમામ યંત્રોમાં શિરોમણી કહેવામાં આવ્યો છે. તેની ઉત્પત્તિ વિશે કહેવાય છે કે આદિ શંકરાચાર્યે પણ તેની સ્થાપના કરી હતી. શ્રી યંત્રની રચના અત્યંત વૈજ્ઞાનિક છે. તેમાં એક કેન્દ્ર બિંદુની આસપાસ નવ આવરણો હોય છે. આ નવ આવરણો નવ ચક્રો તરીકે ઓળખાય છે. બહારના ભાગમાં ચાર દરવાજા વાળો ભૂપુર છે જે પૃથ્વી તત્વનું પ્રતીક છે. તે પછી સોળ કમળની પાંખડીઓ અને આઠ કમળની પાંખડીઓ છે. તેની અંદર નવ ત્રિકોણોની અદભુત ગૂંથણી છે. ઉપરની તરફ મુખ રાખતા ચાર ત્રિકોણ શિવ સ્વરૂપ છે અને નીચેની તરફ મુખ રાખતા પાંચ ત્રિકોણ શક્તિ સ્વરૂપ છે. આ બંનેના મિલનથી જ સૃષ્ટિનું સર્જન થાય છે. આ નવ ત્રિકોણોમાંથી કુલ તેતાલીસ નાના ત્રિકોણ બને છે અને દરેક ત્રિકોણમાં એક અધિષ્ઠાત્રી દેવીનો વાસ છે. સૌથી વચ્ચે જે બિંદુ છે તેને સર્વાનંદમય ચક્ર કહેવાય છે અને ત્યાં જ સાક્ષાત ત્રિપુર સુંદરી લલિતા દેવી બિરાજમાન છે. તેથી શ્રી યંત્ર એ માત્ર લક્ષ્મીનું જ નહીં પરંતુ સમગ્ર દેવી શક્તિનું પ્રતિક છે.જ્યારે આવા સિદ્ધ શ્રી યંત્રને દિવાળીના શુભ મુહૂર્તમાં ઘર, દુકાન કે ઓફિસમાં વિધિપૂર્વક સ્થાપિત કરવામાં આવે છે ત્યારે તેનું સ્પંદન આખા વાતાવરણને બદલી નાખે છે. વાસ્તુશાસ્ત્ર કહે છે કે શ્રી યંત્ર વાસ્તુના તમામ દોષોને ખેંચી લે છે અને ઘરમાં સકારાત્મક ઊર્જાનો પ્રવાહ વહેતો કરે છે. જ્યોતિષ શાસ્ત્ર પ્રમાણે તે નવગ્રહોની અશુભ અસરને શાંત કરે છે કારણ કે તેના નવ ચક્રો નવ ગ્રહો સાથે સીધા જોડાયેલા છે. જે વ્યક્તિ દરરોજ સવારે સ્નાન કરીને શ્રી યંત્ર પર કંકુ, ચોખા અને ફૂલ ચઢાવે છે તેના જીવનમાં કુબેરની કૃપા વરસે છે. તેની આવકમાં વૃદ્ધિ થાય છે, નોકરી અને ધંધામાં અવરોધો દૂર થાય છે, બીમારીનો પડછાયો પણ ઘરથી દૂર રહે છે. સૌથી મોટી વાત એ છે કે તે પરિવારના સભ્યો વચ્ચે પ્રેમ અને સંવાદ વધારે છે અને બાળકોની બુદ્ધિને તીવ્ર બનાવે છે. તે દરેક ધર્મ અને સંપ્રદાયના લોકો માટે સમાન રીતે ફળદાયી છે કારણ કે તે કોઈ અંધશ્રદ્ધા નથી પણ ઊર્જા વિજ્ઞાન છે. દુનિયાનું આ સૌથી ચમત્કારી યંત્ર કોહિનૂર હીરાની જેમ જેના ઘરમાં હોય તેનું ભાગ્ય હંમેશા ચમકતું રહે છે.આ યંત્રની શક્તિને અનેક ગણી વધારી દે છે શ્રી સૂક્ત. ઋગ્વેદના પરિશિષ્ટમાં આવેલું શ્રી સૂક્ત પંદર મંત્રોનું બનેલું છે. તેનો સાર એ છે કે દેવી લક્ષ્મીનું સાચું સ્વરૂપ સમજવું. શ્રી સૂક્ત કહે છે કે હે અગ્નિદેવ, અમને સોના જેવી તેજસ્વી, ગાયો અને ઘોડાઓથી યુક્ત, હાથમાં કમળ ધારણ કરનારી લક્ષ્મીને અમારા ઘરે લઈ આવો. તે ચંદ્ર જેવી સૌમ્ય, સૂર્ય જેવી તેજસ્વી અને અત્યંત સુંદર છે. તેના આગમનથી હાથીઓના ગંડસ્થળમાંથી મદ ઝરે



છે તેવો આનંદ છવાય છે. શ્રી સૂક્ત આપણને પ્રાર્થના શીખવે છે કે હે દેવી, અમને ધનની સાથે શ્રદ્ધા પણ આપો, અમને ભોજનની સાથે સંતોષ પણ આપો. અમને એવી લક્ષ્મી આપો જે અમને સન્માર્ગે લઈ જાય. સૂક્તમાં અલક્ષ્મીને દૂર કરવાની પ્રાર્થના પણ છે, એટલે કે આળસ, ભૂખમરો, કંજૂસાઈ અને ઝઘડાને દૂર કરો. આ રીતે શ્રી સૂક્તનો સાર એ છે કે લક્ષ્મી એટલે સમગ્રતા. જ્યારે શ્રી યંત્રની સામે રુદ્રાક્ષની માળા ધારણ કરીને શ્રી સૂક્તનો પાઠ કરવામાં આવે છે ત્યારે સાધકના શરીરમાં એક દિવ્ય કવચ બની જાય છે અને તેની દરેક મનોકામના ધીરે ધીરે પૂર્ણ થવા લાગે છે. આ દિવાળીએ જો તમે સાચા હૃદયથી આ યંત્રની સ્થાપના કરશો તો પહેલા દિવસથી જ તેની અસરનો અનુભવ તમને થશે એવો સંતોનો અનુભવ છે.

# હર્ષિતા સમરવિક્રમા ઇમર્જિંગ નેશન્સ ટ્રોફીમાં શ્રીલંકાની મહિલા ક્રિકેટ ટીમનું નેતૃત્વ કરશે

કોલંબો,

શ્રીલંકાની મહિલા ક્રિકેટ ટીમ અંગે મોટા સમાચાર સામે આવ્યા છે. લાંબા સમય સુધી ટીમનું નેતૃત્વ કરનારી ચમારી અટાપટ્ટુને ઇમર્જિંગ નેશન્સ ટ્રોફી માટે આરામ આપવામાં આવ્યો છે. તેમની ગેરહાજરીમાં, હર્ષિતા સમરવિક્રમાને કેપ્ટનશીપ સોંપવામાં આવી છે, જ્યારે કવિશા દિલહારી ઉપ-કેપ્ટન રહેશે. શ્રીલંકાએ આ ટુર્નામેન્ટ માટે ૧૪ સભ્યોની ટીમ પસંદ કરી છે, જેમાં ખાસ કરીને યુવા ખેલાડીઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. ટીમની સરેરાશ ઉંમર માત્ર ૨૧ વર્ષ છે, જે દર્શાવે છે કે શ્રીલંકા હવે ભવિષ્ય માટે ટીમ વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે.

શ્રીલંકા ૧૨ થી ૨૫ નવેમ્બર દરમિયાન નેપાળમાં યોજાનારી ઇમર્જિંગ નેશન્સ ટ્રોફીમાં નવા નેતૃત્વ હેઠળ મેદાનમાં ઉતરશે. અટાપટ્ટુ ઉપરાંત, એશિયન ગેમ્સની ટીમમાંથી ઘણા અન્ય ખેલાડીઓને પણ બાકાત રાખવામાં આવ્યા છે. આમાં હંસિમા કરુણારત્ને, અનુષ્કા સંજીવની, નિમાશા મીપગે, કાવ્યા કવિંડી અને મિતાલી અયોધ્યાનો સમાવેશ થાય છે. સત્ય સંદીપાણી, રશ્મિકા સેવવંડી, મલ્કી મદારા અને ચેતના વિમુક્તિનો ટીમમાં સમાવેશ કરવામાં આવ્યો છે.



આ શ્રીલંકાની ટીમ અનુભવ અને યુવા ઉત્સાહનું મિશ્રણ દર્શાવશે. ૧૪ સભ્યોની ટીમમાં ફક્ત ત્રણ ખેલાડીઓ ૩૦ વર્ષથી વધુ ઉંમરના છે. આમાં ૩૭ વર્ષીય નિલક્ષિકા સિલ્વા, ૩૫ વર્ષીય સુગંધિકા કુમારી અને ૩૧ વર્ષીય હસિની પરેરાનો સમાવેશ થાય છે. બાકીની ખેલાડીઓ ૩૦ વર્ષથી ઓછી ઉંમરના છે. નોંધનીય છે કે, ટીમમાં બે ખેલાડીઓ ફક્ત ૧૭ વર્ષની છેઃ સંજના કવિંડી અને ચામુદી પ્રબોધ.ચમારી અટાપટ્ટુની ગેરહાજરીમાં, કેપ્ટન હર્ષિતા સમરવિક્રમા બેટિંગનું નેતૃત્વ કરશે. સંજના કવિંડી પણ એક મુખ્ય ખેલાડી હશે, જેણે તાજેતરના સમયમાં શ્રીલંકા અંડર-૧૯ ટીમ માટે અસાધારણ રીતે સારું પ્રદર્શન કર્યું છે. તેણીએ તેની છેલ્લી ચાર ટી ૨૦ ઇનિંગ્સમાં ત્રણ વખત ૫૦ થી વધુ રન બનાવ્યા છે. બેટિંગ વિભાગમાં ઈમેશા દુલાની, વિશ્મી ગુણારત્ને, કવિશા દિલહારી, હસિની પરેરા, નિલક્ષિકા સિલ્વા, કૌશિની નુથ્યાંગના અને સત્ય સંદીપાનીનો પણ સમાવેશ થાય છે.

# ઓમાને આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૭ ક્વોલિફાયર્સમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું

નવીદિલ્હી,

૨૦૨૭ વનડે વર્લ્ડ કપ દૂર નથી.આઈસીસીએ પહેલાથી જ જાહેરાત કરી દીધી છે કે આવતા વર્ષે વર્લ્ડ કપ ઓક્ટોબરથી નવેમ્બર દરમિયાન રમાશે. દરમિયાન, બીજી ટીમે ક્વોલિફાયરમાં પોતાનું સ્થાન કન્ફર્મ કરી લીધું છે. આ ઓમાન છે. જો કે, હજુ સુધી તે નિશ્ચિત નથી કે ટીમ વર્લ્ડ કપ મેચ રમી શકશે કે નહીં. દરમિયાન, યજમાન દેશ નામિબિયાની શક્યતા વધી ગઈ છે, પરંતુ તેઓ હજુ સુધી રેસમાંથી સંપૂર્ણપણે બહાર નથી થયા.ઓમાને આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ ૨૦૨૭ ક્વોલિફાયર્સમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. ટીમે લીગ ૨ માં ચોથું સ્થાન મેળવ્યું છે, જેનાથી



તેમનો પ્રવેશ નિશ્ચિત થયો છે. રસપ્રદ વાત એ છે કે નામિબિયા અને ઓમાન પોઈન્ટમાં સમાન છે, પરંતુ નેટ રન રેટમાં થોડો ફાયદો થવાથી ઓમાન આગળ વધી શક્યો, જેના કારણે નામિબિયા બહાર થઈ ગયું. ઓમાને તેમનો અંતિમ લીગ મેચ જીતી લીધો. ટીમ યુએસએ સામે ૧૦૩ રન બનાવતાની સાથે જ નામિબિયાને પાછળ છોડી દેવામાં સફળ રહી.

હવે, ક્વોલિફાયર માટે ક્વોલિફાય થયેલી ટીમો પર નજર કરીએ તો, યુએસએ લીગ ૨ માં પ્રથમ સ્થાને રહીને પોતાનું સ્થાન નિશ્ચિત કર્યું.

# હોકી દિગ્ગજ એમએમ સોમૈયાના ઘરમાંથી ૧૯૮૦ મોસ્કો ઓલિમ્પિકના સુવર્ણ ચંદ્રકની ચોરી

બેંગ્લુરુ,

જે સુવર્ણ ચંદ્રક માટે એક ખેલાડીએ વર્ષો સુધી મેદાનમાં મહેનત કરી હતી અને દેશને ગૌરવ અપાવ્યું હતું, તે હવે ચોરોના હાથમાં આવી ગયું છે. ભારતીય હોકી દિગ્ગજ એમએમ સોમૈયાના બેંગલુરુ સ્થિત ઘરે ચોરી થઈ છે. ચોરોએ ઘરમાંથી કિંમતી વસ્તુઓ જ નહીં, પરંતુ ભારતીય હોકીના ઇતિહાસમાંથી ઘણી અમૂલ્ય સ્મૃતિચિહ્નો પણ ચોરી લીધા. આમાં ૧૯૮૦ ના મોસ્કો ઓલિમ્પિકમાં ભારતીય ટીમ સાથે જીતેલો સુવર્ણ ચંદ્રક પણ શામેલ છે. એમએમ સોમૈયા એક મહાન હોકી ખેલાડી હતા અને ભારતીય ટીમ માટે ઘણી ઐતિહાસિક જીતનો ભાગ હતા. તેમણે ત્રણ ઓલિમ્પિક રમતોમાં



ભાગ લીધો હતો અને ભારતીય હોકી ટીમના કેપ્ટન તરીકે પણ સેવા આપી હતી.આ ઘટના બેંગલુરુના ઇન્દિરાનગર વિસ્તારના ન્યૂ થિપ્પાસન્દ્રામાં બની હતી. અહેવાલો અનુસાર, ચોરોએ સોમૈયાના ઘરને નિશાન બનાવ્યું હતું જ્યારે તેઓ તેમના પરિવાર સાથે શહેરની બહાર હતા. એવું કહેવાય છે કે સોમૈયા ૨૫ થી ૨૮ ઓક્ટોબરની વચ્ચે તેમના વતન કોડગુની મુલાકાતે હતા. આ સમય દરમિયાન, ચોરો તેમના ઘરમાં ઘૂસી ગયા અને અન્ય કિંમતી વસ્તુઓ સાથે અનેક કિંમતી ચંદ્રકો ચોરી ગયા.ઈન્દિરાનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એફઆઈઆર મુજબ, એમએમ સોમૈયા ૨૫ ઓક્ટોબરના રોજ સાંજે ૫ વાગ્યે તેમના ઘરેથી નીકળ્યા હતા. ૨૮ ઓક્ટોબરના રોજ સવારે ૭:૧૫ વાગ્યાની આસપાસ તે ઘરે પાછો ફર્યો. ઘરે પહોંચ્યા પછી તેને ચોરીની જાણ થઈ. પોલીસને ઘટનાની જાણ કરવામાં આવી અને ફરિયાદ દાખલ કરવામાં આવી.

ચોરાયેલી સૌથી મહત્વપૂર્ણ વસ્તુ ૧૯૮૦ના મોસ્કો ઓલિમ્પિકનો ગોલ્ડ મેડલ છે. નવી દિલ્હીમાં ૧૯૮૨ના એશિયન ગેમ્સનો સિલ્વર મેડલ પણ ગુમ છે. ચોરો ૧૯૮૬ના સિઓલ એશિયન ગેમ્સનો બ્રોન્ઝ મેડલ અને એમ્સ્ટરડેમમાં ૧૯૮૨ના ચેમ્પિયન્સ ટ્રોફીનો બ્રોન્ઝ મેડલ પણ લઈ ગયા હતા.

# ક્રિકેટર અજિંક્ય રહાણેની પત્ની રાધિકાએ ૨૪.૭૫ કરોડમાં મુંબઈ ખાતે બે લક્ઝરી ફ્લેટ ખરીદ્યા

મુંબઈ,

ભારતીય ક્રિકેટર અજિંક્ય રહાણેની પત્ની રાધિકાએ મુંબઈના દાદરમાં બે ફ્લેટ ખરીદ્યા છે. તેમની કુલ કિંમત ૨૪.૭૫ કરોડ છે. જોકે, આ ફ્લેટ હજુ સુધી બંધાયા નથી. રાધિકા ૨૦૨૮ ના અંત સુધીમાં તેમાં રહેવા જઈ શકે છે. બંને ફ્લેટ શિવાજી પાર્ક વિસ્તારમાં એક જ બિલ્ડિંગમાં સ્થિત છે. મિલકત નોંધણી દસ્તાવેજો અનુસાર, વ્યવહાર ૨૯ ઓક્ટોબર, ૨૦૨૬ ના રોજ નોંધાયેલો હતો.

રાધિકાએ દાદર પશ્ચિમમાં કેલુસ્કર રોડ સાઉથ પર નિર્માણાધીન ઓસિયાના બિલ્ડિંગમાં આ બે ફ્લેટ ખરીદ્યા



હતા. આ બિલ્ડિંગ કોહિનૂર પ્લેનેટ કન્સ્ટ્રક્શન્સ પ્રાઇવેટ લિમિટેડ નામની કંપની દ્વારા બનાવવામાં આવી રહી છે. બંને એપાર્ટમેન્ટનો કુલ કાર્પેટ એરિયા ૩,૩૯૧.૭૫ ચોરસ ફૂટ છે. તેઓ છ કાર પાર્કિંગ પણ આપે છે. બંને ફ્લેટ ઉપરના માળે છે.એક ફ્લેટ ૧,૯૧૩.૪૧ ચોરસ ફૂટનો છે અને તેની કિંમત આશરે ૧૩.૯૭ કરોડ છે. બીજા ફ્લેટ ૧,૪૭૮.૩૪ ચોરસ ફૂટનો છે અને તેની કિંમત આશરે ૧૦.૭૯ કરોડ છે. રાધિકા રહાણેએ સમગ્ર સોદા પર આશરે ૧.૨૩ કરોડની સ્ટેમ્પ ડ્યુટી ચૂકવી હતી. મહારાષ્ટ્ર સરકાર મહિલાઓને ઘર ખરીદવા પર એક ટકા સ્ટેમ્પ ડ્યુટીમાં મુક્તિ આપે છે, જેનો ફાયદો તેણીને મળ્યો.રાધિકા રહાણે એક ઇન્ટિરિયર ડિઝાઇનર અને સોશિયલ મીડિયા વ્યક્તિત્વ છે. તે ભારતીય ક્રિકેટર અજિંક્ય રહાણેની પત્ની છે. તેઓ બાળપણના મિત્રો હતા અને પછીથી જીવનસાથી બન્યા. મુંબઈના દાદરમાં શિવાજી પાર્ક વિસ્તાર શહેરના મુખ્ય રહેણાંક વિસ્તારોમાંનો એક માનવામાં આવે છે. તેની ઉત્તમ કનેક્ટિવિટી અને સુવિધાઓને કારણે, અહીં પ્રીમિયમ પ્રોપર્ટીની માંગ રહે છે.

# "સૈયારા"ની જોડી અહાન પાંડે અને અનિત અલાના પાંડેના બેબી શાવરમાં ધમાલ મચાવતા જોવા મળ્યા

મુંબઈ,

અહાન પાંડેની બહેન, અલાવા પાંડે, ફરીથી માતા બનવા જઈ રહી છે. અલાના માટે બેબી શાવરનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં અહાન પાંડે અને તેની "સૈયારા" ની સહ-અભિનેત્રી, અનીત પદ્દાએ હાજરી આપી હતી. પાંડે પરિવારે મુંબઈમાં આ કાર્યક્રમનું આયોજન કર્યું હતું, જેમાં ઘણી અન્ય ફિલ્મી હસ્તીઓએ હાજરી આપી હતી. હવે, આ કાર્યક્રમનો એક મજેદાર વીડિયો સામે આવ્યો છે, જેમાં અહાન અને અનિતની જોડી ફરી એકવાર દિલ જીતી લે છે.

અહાન પાંડે અને અનિત પડા અલાના પાંડેના બેબી શાવરમાં ધમાલ મચાવતા જોવા મળ્યા હતા. આ ખાસ પ્રસંગે, પરિવાર અને નજીકના મિત્રો સાથે, કેટલાક બોલિવૂડ સ્ટાર્સ પણ આ મસ્તીમાં જોડાયા હતા, જેમાં અહાનની પિતરાઈ બહેન અનન્યા પાંડેનો પણ સમાવેશ થાય છે.

તાજેતરમાં, ઓગસ્ટમાં, અલાનાએ પતિ આઈવર મેકકે સાથે તેની બીજી ગર્ભાવસ્થાના ખુશખબર શેર કરી. અલાનાએ તેના વ્લોગમાં તેની બીજી ગર્ભાવસ્થા માટે યોજાયેલા બેબી શાવરની સંપૂર્ણ ઝલક શેર કરી, જેમાં ડ્રેસની તૈયારી અને અન્ય તૈયારીઓનો સમાવેશ થાય છે.

એક ... અનન્યા પાંડેએ "આંટી" શબ્દ લખેલું ટી-શર્ટ પહેર્યું હતું, અને પ્રવેશ કરતી વખતે, તે "કભી ખુશી કભી ગમ" ના કરીના



કપૂરના પીઓઓ લુક જેવી દેખાતી હતી. બાળપણની ફોટો ઓળખ રમત પૂર્ણ કરનારી અનન્યા પહેલી હતી. આગળની રમુજી રમતમાં એક વ્યક્તિ ખુરશી પર બેઠી હતી અને તેમની સામે કાર્ડબોર્ડ કટઆઉટ પકડીને બેઠી હતી, જ્યારે તેમની પાછળ બેઠેલી બીજી વ્યક્તિએ તે વ્યક્તિને પોતાના હાથે ખવડાવ્યું હતું. આ રમતમાં અહાન, અનિત અને ઈવર ભાગ લીધો હતો. આ રમુજી રમતમાં અનન્યા અનિતને મદદ કરતી જોવા મળી હતી.

અહાન પાંડે રમતમાં પહેલા સૂપ પૂરો કર્યો અને જીતી ગયો. વિડિઓમાં અહાન અને અનિતની મજાએ પાર્ટીની મજામાં વધારો કર્યો. વિડિઓ જોયા પછી લોકોએ અહાન અને અનિતની જોડી પર ટિપ્પણી કરી છે. એકે કહ્યું, "આખું ઘર છ થી ભરેલું છે. ખૂબ જ સરસ વ્લોગ. અનન્યા, અલાના, અહાન, અનિત, આલિયા, આલમ, ઐશ્વર્યા, અહીં બધા છ છે." બીજાએ કહ્યું, "અનન્યા અને અલાના અનિત માટે સૌથી સુંદર ભાભીઓ બનાવશે!" બીજાએ કહ્યું, "અનન્યા અને અનિત એક જ ટીમમાં છે, તે બંને ખૂબ જ સુંદર લાગે છે!"

નોંધનીય છે કે અહાન પાંડે અને અનિત પાંડે મોહિત સૂરીની ફિલ્મ "સૈયારા" માં સાથે દેખાયા હતા, જે મુખ્ય કલાકારો તરીકે તેમની પહેલી ફિલ્મ હતી.

# બોલીવુડ અભિનેત્રી મલાઈકા અરોરાની બહેન અમૃતા અરોરાએ ૧૪ કિલો વજન ઘટાડ્યું

મુંબઈ,

બોલીવુડ અભિનેત્રી મલાઈકા અરોરાની બહેન અમૃતા અરોરા હાલમાં તેના નોંધપાત્ર વજન ઘટાડવાના પરિવર્તન માટે સમાચારમાં છે. લાંબા સમયથી ફિલ્મોથી દૂર રહેલી અમૃતાએ તાજેતરમાં સોશિયલ મીડિયા પર પોતાનો એક ફોટો શેર કર્યો છે, જેણે તેના બદલાયેલા લુકથી ચાહકોને આશ્ચર્યચકિત કર્યા છે. ૪૫ વર્ષની ઉંમરે, અભિનેત્રીએ થોડા મહિનામાં જ આશરે ૧૪ કિલો વજન ઘટાડ્યું છે. તેની ફિટનેસ જર્નીના ફોટા સામે આવ્યા પછી, સોશિયલ મીડિયા પર તેના પરિવર્તનની ચર્ચાઓ ચાલી રહી છે.

અમૃતા અરોરાએ તેની ફિટનેસ જર્ન વિશે વાત કરતા ખુલાસો કર્યો કે તેણે છેલ્લા કેટલાક મહિનામાં



૧૪ કિલો વજન ઘટાડ્યું છે. અભિનેત્રીના મતે, આ પરિવર્તન ફક્ત શારીરિક રીતે પોતાને સુધારવાનો પ્રયાસ નહોતો, પરંતુ એક વ્યક્તિગત પડકાર પણ હતો. તેણીએ આ લક્ષ્ય માટે પોતાને તૈયાર કરી અને સતત મહેનત દ્વારા, તેના દેખાવમાં નોંધપાત્ર ફેરફાર પ્રાપ્ત કર્યો. અમૃતાના નવા ફોટા સ્પષ્ટપણે તેના ચહેરા અને શરીરમાં તફાવત દર્શાવે છે. અભિનેત્રીએ સમજાવ્યું કે છેલ્લા બે થી ત્રણ વર્ષ એવો સમય હતો જ્યારે તેણી પોતાની જાતને સૌથી નીચી અનુભવી રહી હતી. આ સમય દરમિયાન, તેની ફિટનેસ અને શારીરિક સ્થિતિ પહેલા જેવી રહી ન હતી. આનાથી તેણી પોતાની જાત પર કામ કરવા અને તેની ભૂતપૂર્વ ફિટનેસ પાછી મેળવવા માટે પ્રેરિત થઈ.

## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| બ | રા | બ | ર | ઇ | વિ | ધ | ક | ગી | ફ | ગી | ઈ |
| તુ | ર | ઉ | મ | શિ | વ | ધ | પ્ર | કી | ર | જી | ભા |
| કા | કા | ગ | હિ | ળ | બ | ચી | વ | ધ | જ | તી | ન |
| બા | લ | ફ | મા | ર | મા | કા | ગ | ધ | ગ | ક્ષ | ર |
| બા | આ | ઇ | ક્ષ | ધ | બા | શિ | જ | ળ | ર | દ | ભો |
| આ | પ્રા | ચી | વ | વા | સ | બા | જ | ભ | ક | ણા | બ |
| ક | ર | ન | બં | કા | મા | કા | ઐ | મો | મ | સ | અ |
| પ્ર | બા | દ | બા | કી | લ | કુ | મા | સ | આ | રો | અં |
| ર | સા | બં | ભા | ધ | બા | બ | આ | પ્ર | મા | દ | ધ |
| ભો | રા | દ | અઃ | ક | બા | સ | ક્ષ | મા | દ | મ | કા |
| સા | ર | ગ | પ્રા | મા | ણિ | ક | મા | મા | ઓ | ઊ | સા |
| કા | ન | લ | ધ | ળ | ચા | ઓ | ણ | ગી | ધ | ર | ગં |

**શબ્દ શોધો**

**પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# સુપરસ્ટાર રજનીકાંતની આગામી ફિલ્મ 'ધર્મન'માં અભિનેત્રી શ્રીલીલા જોવા મળશે

મુંબઈ,

જ્યારે સુપરસ્ટાર રજનીકાંત હાલમાં 'જેલર ૨' ની સફળતાનો આનંદ માણી રહ્યા છે, ત્યારે તેમની આગામી ફિલ્મ 'ધર્મન' વિશે પણ ચર્ચાઓ ચાલી રહી છે. નવીનતમ સમાચાર એ છે કે શ્રીલીલા આ ફિલ્મમાં જોડાઈ રહી છે. શ્રીલીલા હાલમાં ૨૫ વર્ષની છે અને સુપરસ્ટાર રજનીકાંત કરતા લગભગ ૫૦ વર્ષ નાની છે. પહેલી વાર આટલા પ્રખ્યાત વ્યક્તિત્વ સાથે સ્ક્રીન શેર કરવી એ ચોક્કસપણે સરળ કાર્ય નથી.

કમલ હાસનના પ્રોડક્શન હાઉસ, રાજ કમલ ફિલ્મ્સ ઇન્ટરનેશનલે સોશિયલ મીડિયા પર ફિલ્મ વિશે એક પોસ્ટ શેર કરી. પોસ્ટમાં જાહેરાત કરવામાં આવી હતી કે શ્રીલીલા હવે રજનીકાંતની ફિલ્મમાં જોડાઈ ગઈ છે. નિર્માતાઓએ સોશિયલ મીડિયા પર અભિનેત્રીનો એક વીડિયો શેર કર્યો, જેમાં તેણીનું સ્વાગત કર્યું. પોસ્ટમાં અભિનેત્રીની પ્રશંસા અને સ્વાગત કરવામાં આવ્યું, જેમાં લખ્યું કે તેણીમાં એક અનોખો તેજ છે અને તે ફટાકડાથી ઓછી નથી.

અશ્વથ મારીમુથુ રજનીકાંતની ફિલ્મ 'ધર્મન'નું દિગ્દર્શન કરી રહ્યા છે. તેમણે અગાઉ 'ઓહ માય કડવાવુલે' અને 'ડ્રેગન' જેવી ફિલ્મોનું દિગ્દર્શન કર્યું છે. રજનીકાંત ઉપરાંત, સિમરન,



નયનતારા, યોગી બાબુ અને રાશિ ખન્ના પણ ફિલ્મમાં મહત્વપૂર્ણ ભૂમિકાઓમાં જોવા મળશે.

ફિલ્મના પોસ્ટરે પહેલાથી જ દર્શકોમાં ઉત્સાહ જગાવી દીધો છે. રજનીકાંત ફિલ્મમાં ડોક્ટર તરીકે જોવા મળશે. એવું પણ જાણવા મળ્યું છે કે તેમનો રોલ નેગેટિવ છે. પોસ્ટરમાં પણ આની ઝલક જોવા મળે છે, અને તેમના હાથ પર લોહી દેખાય છે, જે સૂચવે છે કે ફિલ્મમાં તેમનો રોલ કંઈક અલગ અને નકારાત્મક હોઈ શકે છે.

શ્રીલીલા હાલમાં તમિલ ફિલ્મ ઉદ્યોગમાં પણ પોતાની ઓળખ બનાવી રહી છે. તેણીએ આ વર્ષે "પરાશક્તિ" ફિલ્મથી તમિલ ડેબ્યૂ કર્યું હતું, જેમાં શિવકાર્તિકેયન, રવિ મોહન અને અથર્વ સાથે અભિનય કર્યો હતો. તેણી પાસે ઘણા મોટા પ્રોજેક્ટ્સ પણ છે. તે ધનુષ અને મામૂટીની ફિલ્મ "ઓમ" પર પણ કામ કરી રહી છે, જ્યાં તે ધનુષની પત્ની રોજાની ભૂમિકા ભજવશે. આ ઉપરાંત, શ્રીલીલા અજિત કુમારની ફિલ્મ "ડેરડેવિલ" માં પણ જોવા મળશે.

રજનીકાંતની ફિલ્મ "ધર્મન" ની રિલીઝ તારીખ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી નથી. શ્રીલીલા કેવા પ્રકારનું પાત્ર ભજવશે તે પણ હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી. જોકે, અહેવાલો અનુસાર, નિર્માતાઓ એપ્રિલ ૨૦૨૭માં તેને સિનેમાઘરોમાં રિલીઝ કરવાની તૈયારી કરી રહ્યા છે.યાદ કરો કે ભારતની ટોચની ફિલ્મોમાંની એક, "પુષ્પા ૨: ધ રૂલ" માં શ્રીલીલા તેના ખાસ ડાન્સ નંબર "કિસિક" માટે સૌથી વધુ ચર્ચામાં રહી છે. શ્રીલીલા કાર્તિક આર્યન સાથે એક રોમેન્ટિક મ્યુઝિકલ ફિલ્મમાં પણ જોવા મળશે, જે આવતા વર્ષે એપ્રિલમાં રિલીઝ થવાની છે.

# જામનગરની આઇટીઆરએ સંસ્થામાં ભગવાન ધન્વંતરીજીનું ભાવપૂર્વક પૂજન




તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : આયુર્વેદની જનકભૂમિ તરીકે ઓળખાતા જામનગરમાં ધન્વંતરી ત્રયોદશી (ધનતેરસ)ના પાવન અવસરે આયુર્વેદના આરાધ્ય દેવ ભગવાન ધન્વંતરીજીનું વિશેષ પૂજન કરવામાં આવ્યું હતું. જામનગર સ્થિત આયુર્વેદ શિક્ષણ અને સંશોધન સંસ્થાન (આઇટીઆરએ) ખાતે સંસ્થાના અધિકારીઓ, તબીબો અને કર્મચારીઓની ઉપસ્થિતિમાં સમૂહ પૂજન યોજાયું હતું.

સંસ્થાનનાં નિયામક પ્રો. ડૉ. તનુજા નેસરીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ ધાર્મિક કાર્યક્રમમાં ભગવાન ધન્વંતરીજીનું ભાવપૂર્વક પૂજન-અર્ચન કરી સૌના સર્વાંગી અને નિરોગી સ્વાસ્થ્ય માટે મંગલકામનાઓ કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રો. ડૉ. તનુજા નેસરીએ જણાવ્યું હતું કે, આયુર્વેદ માત્ર ચિકિત્સા શાસ્ત્ર નથી, પરંતુ એક સંપૂર્ણ જીવનશૈલી છે. સ્વસ્થ અને સમૃદ્ધ જીવન માટે દરેક વ્યક્તિએ આયુર્વેદને પોતાના જીવનનો હિસ્સો બનાવવો જોઈએ.

પૌરાણિક માન્યતાઓ અનુસાર ભગવાન ધન્વંતરીને ભગવાન વિષ્ણુના અંશાવતાર અને આયુર્વેદના પ્રણેતા માનવામાં આવે છે. શ્રીમદ્ ભાગવત, હરિવંશ પુરાણ, વાયુ પુરાણ અને વિષ્ણુ પુરાણમાં સમુદ્રમંથન દરમિયાન અમૃતકળશ સાથે ભગવાન ધન્વંતરીના પ્રાગટ્યનો ઉલ્લેખ જોવા મળે છે. ભગવાન વિષ્ણુના વરદાન અનુસાર ધન્વંતરીએ બીજા જન્મમાં કાશીના રાજા ધન્વના પુત્ર તરીકે અવતાર ધારણ કર્યો હતો અને આયુર્વેદના વિષયોને આઠ વિભાગમાં વિભાજિત કરી આયુર્વેદના પ્રવર્તક તરીકે ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. આ પૂજન કાર્યક્રમમાં સંસ્થાનનાં ડેપ્યુટી ડિરેક્ટર વૈદ્ય કૃતિકા ચૌધરી, વૈદ્ય વર્ષા સોલંકી, વૈદ્ય જીગ્નેશ કેવલીયા, ડીન પ્રો. અનૂપ ઠાકર, પ્રો. હિતેશ વ્યાસ, હોસ્પિટલના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ વૈદ્ય સી. યુ. ખૂંટ, વિશ્વ આરોગ્ય સંસ્થાના કર્મચારીઓ સહિત સંસ્થાના અધિકારીઓ અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. તમામે ભાવપૂર્વક પૂજનમાં જોડાઈ સૌના સ્વસ્થ અને સુખમય જીવનની પ્રાર્થના કરી હતી.

## ધનતેરસના દિવસે ભગવાન ધન્વન્તરિની પુજાનું મહાત્મ્ય



ભારતીય સંસ્કૃતિમાં ધન્વન્તરિ ત્રયોદસી (ધનતેરસ) ઉજવવાની પરંપરા ઘણી જુની છે. આયુર્વેદ મનુસ્મૃતિ પુરાણો અને ભારતીય લોક સંસ્કૃતિના અન્ય ગ્રંથોમાં તેનું વિવિધ પ્રકારે વર્ણન કરેલ છે. આસોવદ તેરસના ઉજવાતા આ તહેવારને મોટે ભાગે ખઆરોગ્ય સામે સંકળાયેલા લોકો ઉજવે છે.

સામાન્ય લોકો સારા સ્વાસ્થ્યની કામના માટે "ભગવાન ધન્વન્તરિ" નુ પૂજન કરતાં હતાં પણ હવે સમય બદલાઈ ગયો છે. ધન્વન્તરિ યોદસી- ધનતેરસ શા માટે ઉજવાય છે? તેનું પુરાણોમાં બહુ સુંદર-રસપ્રદ વર્ણન કરેલ છે. એકવાર દેવયુગમાં (દેવોના જન્મથી લઈને મહાભારત યુધ્ધના પૂર્વકાળ સુધી) દેવોએ અમરત્વ પ્રાપ્ત કરવાની કોશિશ કરી. તે સમયમાં દેશ, દાનવ, અસુર, ગંધર્વ, વાન માનવો વગેરે એક સામે રહેતા હતાં. બધાએ સામે મળીને સમુદ્ર મંમન કરવાનો નિર્ણય કર્યો. મંમન પટેલા સમુદ્રમાં વિવિધ ઔષધીઓ લાવીને નાખી. પછી મંમન કર્યું તેથી સોમરસ ચારેતરફ ફેલાઈ ગયો, તે સિવાય અમૃતરૂપ સુવર્ણમી અમૃતનો તુવેર ફૂટી નીકળ્યો તે અમૃતને ભગવાન ધન્વન્તરિએ એક કળશમાં ભેગું કર્યું અને પ્રગટ થયા. ધન્વન્તરિને મનુષ્યના આરોગ્યના દેવતા મનાય છે. લોકો તેમની પૂજા કરીને પોતાના તન-મન-ધનની સુખ સમુદ્ધિ એત્રે પરિવાર-સમાજ, દેશની સમૃધ્ધિની કામના કરતા હતા. તેની પાછળ ગ્રેજ્ઞાનિક કારણ પણ હતું

ધનતેરસના દિવસે લક્ષ્મી પૂજન ઉપરાંત ભગવાન ધન્યજન્તરિની પૂજાનું અનેરૂ મહત્વ

મનુસ્મૃતિ, રામાયણ, મહાભારત, જૈન સંચો, વેદો, પુરાણોમાં અનેક પ્રકારના ધન્વન્તરિઓના વર્ણન કરેલ છે. અમર્વવેદમાં એક મંત્ર છે, જે મુજબ ધન્વન્તરિ આપણને પ્રાણ, ગતિ, સ્વસ્થ શરીર અને ઐશ્વર્ય આપનાર છે. વેદોમાં ધન્વન્તરિને પરમાત્માનું જ એક નામ કહેલ છે. વેદોમાં તેમના વિભિન્ન રૂપો છે. બીજા પુરાણોમાં અવતાર માનીને તેની મૂર્તિપૂજાનું વિધાન કરેલ છે. ધન્વન્તરિને ઐશ્વર્યદાતા તથા મંત્રદ્રષ્ટા કહેલ છે. તે શલ્ય ચિકિત્સાના ઉપદ્રષ્ટા તથા ઋષિ પણ છે. મનુસ્મૃતિમાં ધન્વન્તરિને દેવ માનીને તેના નામ પર ૧૩. શ્રાવ્ય, તર્પણમાં આહુતિ દેવાનું વિધાન છે. ધનતેરસનું ધાર્મિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક, માનવ વૈજ્ઞાનિક મહત્વ છે. દરેક માનવ માત્રનો તહેવાર છે. દિવાળી ઉજવવાની પૂર્વ તૈયારીનો તહેવાર છે. સાફ સફાઈ, નવિનતા, સારી તબિયત હોય તો જ દિવાળીને પુર આનંદ લઈ શકાય, જ્યાં સાફ-સફાઈ, પ્રકાશ, સુમતિ હોય ત્યાં જ લક્ષ્મીજી નું આગમન થાય છે.

આ દિવસે ધનોપાર્જન માટે શુભ સંકલ્પ કરવો જોઈએ. અશુભ (અનિતિ) રીતે આવેલું ધન શરીર, મન, વાણી, આત્મા, ફળ, પરિવાર, સમાજ અને દેશમાં આફત માટે નિમિત્ત બને છે. સુશ્રુત સંહિતામાં ધન્વન્તરિની પ્રશંસામાં ખુબ ચર્ચા કરેલ છે. આયુર્વેદ આશ્રુવત, પુષ્પ, સ્વર્ગ, કિર્તિદાયક આમુષ્યપ્રદ અને આજીવિકા આપતાર છે. આપણું શરીર સ્વરમ રહેશે તો બધા કાર્યો સરળતાથી પુરા અંશે, આવી કહેવાયું છે કે "શરીરમ ખલુ ધર્મ સાધનમ" આચાર્ય ધન્વન્તરિએ આમી શરીરને વજ જેવું બનાવવાનું કહેલ છે. શરીર નિરોથી હોય તો ઘરમાં ઐશ્વર્ય હોય, સુખ, સંપત્તિ હોય તો કંદગી સારી રીતે વિતાવી શકાય. શરીરમાં અનંત શક્તિઓનો વાસ છે. યજુર્વેદમાં આનુ વિસ્તૃત વર્ણત છે. ભગવાન ધન્વન્તરિ આપણા માટે પરમાચાર્ય છે. ધનતિરસને એમ ધન્વજન્તરિ નમો નમઃ" એમ બોલીને તેમનું પૂજન, વંદન અને સ્વાગત આપણા માટે અમૃત સમાન છે. ધનતેરસનું વ્રત સત્યતા, પચિત્રતા તમા સારા આરોગ્ય માટે કરવું. તેનામી ધનતેરસનું સાચું મહત્વ સમાજમાં સ્થાપિત થશે તમા સમાજનું કલ્યાણ થશે.

સંકલન : **વૈદ્ય ડી.પી. મહેતા** (આયુર્વેદાચાર્ય- ૯૩૨૭૪૬૬૩૨૭) ચંદ્રચાર્ય જનરલ આયુર્વેદ હોસ્પિટલ વરવાળા- દ્વારકા જિલ્લો

# દિવાળી પર્વ નિમિત્તે જાહેર જનતા માટે સેફ્ટી એડવાઈઝરી જાહેર

### ફટાકડા ફોડતી વખતે સલામતી અને સાવચેતી રાખવા તંત્રની અપીલ

જામનગર : આગામી દિવાળી પર્વ નિમિત્તે જિલ્લામાં કોઈ આકસ્મિક ઘટના, આગ કે અન્ય અનિચ્છનીય બનાવ ન બને, નાગરિકોની સલામતી જળવાઈ રહે અને લોકો પૂર્ણ હર્ષોલ્લાસથી તહેવારની ઉજવણી કરી શકે તે હેતુથી જાહેર જનતાના હિતાર્થે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સલામતી અને સાવચેતી અંગેની જરૂરી સૂચનાઓ જારી કરવામાં આવી છે.

તહેવારો દરમિયાન ફટાકડાના ઉપયોગ અંગે માર્ગદર્શિકા આપતાં જણાવાયું છે કે, નાગરિકોએ હંમેશા લાયસન્સ ધરાવતા અધિકૃત વિક્રેતાઓ પાસેથી જ ફટાકડા ખરીદવા જોઈએ. ફટાકડાને બંધ કન્ટેનરમાં સ્ટોર કરવા અને તેને કોઈપણ દાહક કે જ્વલનશીલ પદાર્થોથી દૂર રાખવા. ફટાકડા ફોડવા માટે ખુલ્લી જગ્યા પસંદ કરવી અને આજુબાજુ કોઈ જ્વલનશીલ પદાર્થ નથી તેની ખાતરી કરી લેવી. કેકરના લેબલ પર છાપેલી સૂચનાઓ અવશ્ય વાંચવી. ફટાકડા ફોડતી વખતે યોગ્ય સળગતી મીણબત્તી કે દીવાની આસપાસ ફટાકડા ખુલ્લા ન છોડવા, તેમજ વીજળીના થાંભલા, વાયરો કે વાહનની અંદર ક્યારેય ફટાકડા ન ફોડવા. ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ અને કોટન ગોડાઉન વિસ્તારની આજુબાજુ ફટાકડા ફોડવા પર સંપૂર્ણ મનાઈ રહેશે.

ફટાકડા સળગાવવા માટે મેચ બોક્સ કે લાઈટર જેવા ઓપન ફાયરનો ઉપયોગ ટાળીને સ્પાર્કલર, લાંબુ લાકડું કે અગરબત્તીનો ઉપયોગ કરવો. અડધા બળી ગયેલા કે ફૂટવામાં વધુ સમય લેતા ફટાકડા સાથે છેડછાડ ન કરવી, સલામત અંતર જાળવી તેના પર પાણી રેડી દેવું.

વ્યક્તિગત સુરક્ષા અને બાળકોની સંભાળ અંગે વિશેષ ધ્યાન દોરતા જણાવાયું છે કે, ફટાકડા ફોડતી વખતે સુતરાઉ અને યોગ્ય ફિટિંગ ધરાવતા વસ્ત્રો જ પહેરવા. સિલ્ક કે સિન્થેટિક ફેબ્રિકના તથા લાંબા અને ઢીલા કપડાં પહેરવાનું ટાળવું. લાંબા વાળ ધરાવતા વ્યક્તિઓએ વાળ યોગ્ય રીતે બાંધી રાખવા તેમજ ફરજિયાત ફૂટવેર પહેરીને જ બહાર નીકળવું. ક્યારેય હાથમાં રાખીને ફટાકડા ફોડવા નહીં. બાળકો હંમેશાં મોટેરાઓની દેખરેખ હેઠળ જ ફટાકડા ફોડે તે બાબત સુનિશ્ચિત કરવી. વધુ પડતા ધોંધાટથી બચવા કાનમાં કોટન પ્લગ મૂકવા અને શ્વસન સંબંધી તકલીફ ધરાવતા લોકોએ ઘરની અંદર જ રહેવું.

કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે ઘર તથા ધાબા પરથી જ્વલનશીલ પદાર્થો હટાવી લેવા અને ઇમરજન્સી માટે પાણીની ડોલ તૈયાર રાખવી. આગ કે અકસ્માતના કિસ્સામાં તાત્કાલિક મદદ માટે જિલ્લા કંટ્રોલ રૂમ નં. ૦૨૮૮-૨૫૫૩૪૦૪, જામનગર મહાનગરપાલિકા ફાયર કંટ્રોલ રૂમ નં. ૦૨૮૮-૨૬૭૨૨૦૮ અથવા ફાયર બ્રિગેડના ૧૧૨ નંબર પર તુરંત સંપર્ક કરવા જણાવાયું છે. તેમજ ફાયર બ્રિગેડ સહિત તમામ બચાવ એજન્સીઓને તાત્કાલિક કામગીરી અર્થે સ્ટેન્ડબાય રાખવા નિવાસી અધિક કલેક્ટર વિમલ ચૌધરી દ્વારા સંબંધિત અધિકારીઓને જરૂરી દિશા-નિર્દેશો આપવામાં આવ્યા છે.

## જામનગરમાં રંગોળી દ્વારા ડિજિટલ સ્ક્રીનની લત છોડીને પુસ્તકોની દુનિયામાં પ્રવેશવાનો સંદેશ



જામનગર : આજના ડિજિટલ યુગમાં મોબાઈલ, ટેબ્લેટ અને લેપટોપની સ્ક્રીનમાં વ્યસ્ત રહેતી નવી પેઢીને વાચનસંસ્કૃતિ તરફ વાળવાના હેતુથી જામનગરનાં જાણીતા રંગોળી કલાકાર રિદ્ધિ શેઠ દ્વારા એક સુંદર અને પ્રેરણાદાયી રંગોળીનું સર્જન કરવામાં આવ્યું છે. 'બિયોન્ડ ધ સ્ક્રીન' (Beyond the Screen) શીર્ષક હેઠળ તૈયાર કરાયેલી આ રંગોળી દ્વારા ડિજિટલ સ્ક્રીનની દુનિયામાંથી બહાર આવી પુસ્તકોની દુનિયા તરફ વળવાનો સમયોચિત સામાજિક સંદેશ આપવામાં આવ્યો છે.જામનગરમાં વર્ષોથી પોતાની કલાના માધ્યમથી વિવિધ સામાજિક સંદેશાઓ લોકો સુધી પહોંચાડતાં રિદ્ધિ શેઠે આ વખતે બાળકો અને યુવા પેઢીમાં વધી રહેલા મોબાઈલ તથા અન્ય ડિજિટલ ઉપકરણોના વપરાશને ધ્યાનમાં રાખીને વાચનનું મહત્ત્વ દર્શાવતો વિષય પસંદ કર્યો છે. પુસ્તકોનું વાંચન વ્યક્તિના જ્ઞાન, વિચારશક્તિ અને વ્યક્તિત્વના વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે તેવો સંદેશ આ રંગોળી દ્વારા રજૂ કરવામાં આવ્યો છે. આ વિશેષ રંગોળીનું આઈટીઆરએનાં ડિરેક્ટર તનુજા નેસરીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવો અને કલા રસિકોએ રંગોળી કલાકાર રિદ્ધિ શેઠની કલાત્મક રજૂઆતની સાથે તેના માધ્યમથી આપવામાં આવેલા સામાજિક સંદેશને પણ બિરદાવ્યો હતો. આમ, રંગો અને કલાના માધ્યમથી તૈયાર કરાયેલી આ રંગોળી માત્ર કલાત્મક કૃતિ બની રહેવાને બદલે આજની પેઢીને મોબાઈલની સ્ક્રીનથી થોડો સમય દૂર રહી પુસ્તકો સાથે મિત્રતા કેળવવા નો સંદેશો આપે છે.

# જામનગરમાં પ.પૂ. જલારામબાપાની ૨૨૭ મી જન્મ જયંતિ ઉજવવા રઘુવંશી સમાજ દ્વારા ભવ્ય આયોજન

**લોહાણા જ્ઞાતિ સમૂહ ભોજન (નાત) સાથે વિશિષ્ટ કાર્યક્રમોની ઉજવણી રઘુવંશી સ્વયંસેવકોનું સંમેલન, ગૌ માતાને ઘાસ વિતરણ, થેલેસેમીયા પરીક્ષણ કેમ્પ, જલારામ રથ દ્વારા પ્રસાદ વિતરણ, સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિ સમૂહ ભોજન (માસ્તાન) : જલારામ મંદિર હાપા તથા સાધના કોલોની ખાતે મહાઆરતી તથા પ્રસાદ**

જામનગર : આગામી વિક્રમ સવંત ૨૦૮૩ કારતક સુદ-૭ ને સોમવાર, તા.૧૬-૧૧-૨૦૨૬ ના રોજ પૂ. જલારામ બાપાની ૨૨૭ મી જન્મજયંતિનો ઉત્સવ તેમજ સમસ્ત લોહાણા સમાજની ૨૮ મી નાત (સમૂહ ભોજન)ના પ્રસંગને ધામધુમથી ઉજવવા શ્રી જલારામ જયંતિ મહોત્સવ સમિતિના નેજા હેઠળ લોહાણા સમાજ દ્વારા ભવ્ય આયોજન કરવામાં આવેલ છે.

છોટીકાશી જામનગર મધ્યે વિક્રમ સવંત ૨૦૫૬ (સને ૧૯૯૯) (પૂ.જલારામબાપાની ૨૦૦ મી જન્મ જયંતિ) થી શરૂ કરાયેલ સમૂહ જ્ઞાતિભોજનનો આ અવિરત સેવાયજ્ઞ ૨૭ વર્ષ પૂર્ણ કરી ૨૮ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહેલ હોય ત્યારે આ વર્ષે પણ જલારામ જયંતિની ઉજવણી વિવિધ કાર્યક્રમો સાથે કરવામાં આવશે.

જલારામ જયંતિની ઉજવણી અંતર્ગત તા. ૧૫-૧૧-૨૦૨૬ ને રવિવારના રોજ સાંજે ૫ કલાકે " જલારામનગર", પ્રણામી સંપ્રદાયનું મેદાન, પ્રણામી સ્કુલ પાસે, નવાનગર બેંકની સામે, હિરજી મીસ્ત્રી રોડ, જામનગર ખાતે રઘુવંશી સ્વયંસેવકોનું સંમેલન યોજવામાં આવેલ છે.

શ્રી જલારામ જયંતિના દિવસે એટલે તા. ૧૬-૧૧-૨૦૨૬ ને સોમવારના રોજ સવારે ૭-૩૦ કલાકે જામનગર પાંજરાપોળ (લીમડાલાઈન)ની ગૌશાળામાં ગાય માતાને ઘાસ, લાહુ આરોગવાનો કાર્યક્રમ તેમજ આજ દિવસે જ્ઞાતિભોજન પૂર્વે સમસ્ત સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતીનો ભોજન સમારોહ (માસ્તાન) સવારે ૧૦ થી ૧૧ કલાક દરમ્યાન રાખવામાં આવેલ છે. ત્યારબાદ શહેરમાં પ્રસાદ વિતરણ માટે "જલારામ રથ" નું પ્રસ્થાન કરાવવામાં આવશે. ત્યારબાદ સમસ્ત લોહાણા જ્ઞાતિના સમૂહ ભોજન (નાત) બપોરના ૧૧ થી ૨ વાગ્યા દરમ્યાન રાખવામાં આવેલ છે. વિશેષમાં થેલેસેમિયા બાબતે જાગૃતિ લાવવા માટે થેલેસેમિયા પરીક્ષણ કેમ્પનું આયોજન ડો. દિપકભાઈ ભગદેના માર્ગદર્શન હેઠળ રઘુવંશી કોકટરોની ટીમ દ્વારા ભોજન સમારંભના સ્થળ પર જ્ઞાતિ ભોજનના સમય દરમ્યાન પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવેલ છે.

જલારામ જયંતિના દિવસે જલારામ મંદિર હાપા અને જલારામ મંદિર સાધના કોલોની ખાતે સાંજે ૭ કલાકે મહાઆરતી તથા પ્રસાદ રાખવામાં આવેલ છે. ખાસ જે જ્ઞાતિજનો અશકત - બીમાર-વયોવૃધ્ધ વડીલો મહાપ્રસાદ લેવા આવી રશકે નહી તેમના માટે ટીફીનની વ્યવસ્થા છે, આ માટે અગાઉથી નામ નોંધણી તા. ૧૨ થી ૧૫ નવેમ્બર સુધીમાં સાંજે ૫ થી ૭ વાગ્યા દરમ્યાન શ્રી મોદી લોહાણા મહાજનવાડી, પંચેશ્વર ટાવર ખાતે કરાવીને પાસ મેળવી લેવાના રહેશે. આ પાસ પર જ્ઞાતિ ભોજનના સ્થળ પરથી ટીકીન આપવામાં આવશે. વ્યવસ્થા જાળવવા માટે સહકાર આપવા વિનંતી

શ્રી જલારામ જયંતિ મહોત્સવ સમિતિના કર્મઠ સદસ્યોએ અવિરત ૨૫ વર્ષ સુધી જ્ઞાતિ સમૂહ ભોજનના આ સેવાયજ્ઞનું આયોજન કરેલ જેમાં રમેશભાઈ દતાણી, ભરતભાઈ મોદી, મનોજભાઈ અમલાણી, રાજુભાઈ કોટેચા, અનિલભાઈ ગોકાણી, અતુલભાઈ પોપટ, ભરતભાઈ કાનાબાર, નિલેશભાઈ ઠકરાર, રાજુભાઈ મારક્તીયા, રાજુભાઈ હિંડોચા, મધુભાઈ પાબારી, મનિષભાઈ તન્ના સહિતના સ્થાપક સદસ્યોના નેજા હેઠળ જલારામ જયંતિની ઉજવણી કરવામાં આવતી.

ઉપરોકત તમામ કાર્યક્રમોની સફળતા પૂર્વક ઉજવણી માટે શ્રી જલારામ જયંતિ મહોત્સવ સમિતિના નવયુવાન સદસ્યો સર્વે સૌરભ ડી. બદિયાણી, ધવલ સોનછાત્રા, નિલ મોદી, રાજુ કાનાબાર, હસિત પોપટ, વ્યોમેશ લાલ, ધૈર્ય મપારા, કૌશલ દતાણી, રાજદિપ મોદી, હિરેન રૂપારેલીયા, નિશિત રાયઠઠા, વિશાલ પોપટ, રવિ અઢીયાના નેજા હેઠળ બહોળી સંખ્યામાં યુવાન કાર્યકર ભાઈઓ—બહેનો દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે.

## ધ્રોલ કોર્ટમાં ફરજ બજાવતા બેલીફ વિશાલભાઈ ત્રિવેદીનો વિદાય સમારંભ યોજાયો



જામનગર : ધ્રોલ સીવીલ કોર્ટમાં બેલીફ તરીકે ફરજ બજાવતા વિશાલભાઈ ત્રિવેદીની તેમના વતનમાં બદલી થતાં ધ્રોલ બાર એસોસિએશન દ્વારા ભવ્ય વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. ધ્રોલ બાર એસોસિએશનના પ્રમુખ ધનરાજ જી. પરમારના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ વિદાય સમારંભમાં બહોળી સંખ્યામાં વકીલ મિત્રો તથા કોર્ટ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિશાલભાઈ ત્રિવેદીને તેમની ફરજ દરમિયાન આપેલી સેવાઓ બદલ શુભેચ્છાઓ પાઠવી તેમના આગામી કાર્યકાળ માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી.કાર્યક્રમમાં સિનિયર એડવોકેટ યોગેશભાઈ વી. મહેતા, ધ્રોલ બાર એસોસિએશનના પૂર્વ પ્રમુખ હર્ષદભાઈ પરમાર, તથા ખજાનચી જયેન્દ્ર એલ. રાઠોડ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે વકીલ જે.એન. કાનાણી તથા કરન જી. ચાવડાએ જહેમત ઉઠાવી હતી.

# જામ્યુકોની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં ૩૫.૪૦ કરોડના વિવિધ કામો મંજુર

જામનગર : જામનગર મહાનગરપાલિકામાં ગઈકાલે મળેલ સ્ટેન્ડીગ કમિટીની બેઠકમાં ખર્ચ અને સૈદ્ધાંતિક સ્વીકાર ખર્ચ મળી કુલ રૂપિયા ૩૫.૪૦ કરોડના વિવિધ વિકાસ કામોને મંજુરી આપવામાં આવી હતી.

જામનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીગ કમિટીની બેઠક આજે ચેરમેન ધિરેન મોનાણીના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં મેયર મોનિકાબેન વ્યાસ, ડેપ્યુટી મેયર રાકેશ કેર, કમિશનર દિપેશ કેડિયા, નાયબ કમિશનર દેવેન્દ્રસિંહ વાળા, આસી. કમિશનર અને સિટી ઈજનેર ભાવેશ જાની, આસી. કમિશનર (ટેક્ષ) જીગ્નેશ નિર્મલ અને અગિયાર સભ્યો ઉપસ્થિત રહ્યા હતાં.

આ બેઠકમાં સિવિલ સાઉથ ઝોન વોર્ડ નં. ૧૫) ના ખાનગી સોસાયટીઓ, હાઉસીંગ બોર્ડ વસાહતો, અન્ય વિસ્તારોમાં લોકભાગીદારીથી સીસી રોડ/સીસી બ્લોક માટે રૂા. ૨૦૦ લાખ, સિવિલ વેસ્ટ, ઝોન (વોર્ડ નં. ૧, ૬ અને ૭) માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફિક વર્કના કામ માટે રૂા. ૬.૩૬ લાખ, વોર્ડ નં. ૮, ૧૫, ૧૬ માં સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ટ્રાફિક વર્કના કામ માટે રૂા. ૬.૨૨ લાખ, જ્યારે વોર્ડ નં. ૧૦, ૧૧ અને ૧૨ મા ટ્રાફિક વર્કના કામ માટે રૂા. ૭ લાખ, વોર્ડ નં. ૧, ૬, ૭ મા સ્ટ્રેન્ધનીંગ એન્ડ અપગ્રેડેશન ઓફ ગાર્ડના વર્કસના કામ માટે રૂા. ૬.૯૦ લાખ, વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪ મા ગાર્ડન વર્કસના કામ માટે રૂા. ૬ લાખ, વોર્ડ નં. ૮, ૧૫ અને ૧૬ માટે રૂા. પાંચ લાખ, વોર્ડ નં. ૮, ૧૫, ૧૬ મા ગટરના કામ માટે રૂા. ૧૫.૧૫ લાખ, વોર્ડ નં. ૧૦, ૧૧, ૧૨ મા ગટરના કામ માટે રૂા. ૧૬.૫૦ લાખ, વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪ મા બિલ્ડીંગ વર્કસના


તસવીરઃ સુનિલ ચુડાસમા

કામ માટે રૂા. ૨૧ લાખ, વોર્ડ નં. ૧૦, ૧૧ અને ૧૨ મા બિલ્ડીંગ વર્કસના કામ માટે રૂા. ૫.૩૦ લાખ, વોર્ડ નં. ૫, ૯, ૧૩ અને ૧૪ મા મેટલ-મોરમ, સ્ટ્રીટ સપ્લાયના કામ માટે રૂા. ૨૧.૫૨ લાખ, વોર્ડ નં. ૧૦, ૧૧, ૧૨ મા કેનાલ, બ્રિજના કામ માટે રૂા. ૭.૩૭ લાખ, વોર્ડ નં. ૯, ૧૦, ૧૧, ૧૨ મા ભુગર્ભ ગટરની સફાઈ, મશીનોની કોમ્પ્રીહેન્સીપ ઓપરેશન અને મેઈન્ટનન્સ કામગીરી માટે વાર્ષિક ખર્ચ અંગે રૂા. ૨૪૧.૩૭ લાખ, તથા વોર્ડ નં. ૬, ૭, ૮ માટે રૂા. ૧૩૧.૯૮ લાખ, વોર્ડ નં. ૧૩, ૧૪, ૧૫ અને ૧૬ માટે રૂા. ૨૨૦.૧૫ લાખના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી.

૧૦૦ લીટર કેપેસીટી જેટીંગ મશીન ઓન સુટેબલ ચેસીસ, ટેકનિકલ સ્પેશીફિકેશન મુજબ ડિઝાઈન, સપ્લાય, ૪ નંગનો ખર્ચ રૂા. ૬૬.૧૦ લાખ, ખીજડિયા પમ્પ હાઉસ, જ્ઞાનગંગા ફિલ્ટર પ્લાન્ટ, ઊંડ-૧, સસોઈ તથા આજી ૩ ડેમ ઉપર માનવ શક્તિ પૂરી પાડી ૨૪ કલાક ઈલેક્ટ્રો મિકેનિકલ મશીનરીનું ઓપરેશન એન્ડ મેન્ટેનન્સના કામ માટે રૂા. ૫૫.૪૪ લાખ, ઝોન-૨ મા જુદી જુદી ડીઆઈ પાઈપલાઈન માટે એક વર્ષના મજુરી કામ અંગે રૂા. ૮૦.૪૧ લાખના ખર્ચને બહાલી આપવામાં આવી હતી.

ત્રણ યુસીએચસી માટે માઈક્રોસ્કોપ ખરીદી માટે રૂા. ૨.૧૯ લાખનો ખર્ચ સ્વભંડોળમાંથી બુક કરવામાં આવ્યો હતો. અને ત્રણ ઓક્સિજન કોન્સનટ્રેકરની ખરીદી માટે રૂા. ૩.૦૨ લાખનો ખર્ચ સ્વભંડોળ હેઠળ બુક કરાયું હતું. મોરકંડા ગામ તરફના નાગમતિ નદી પરના હયાત કોઝવે બે ને ડિમોલીશન કરી ફોર લેન, રીવર બ્રિજ બનાવવા ની સૌદ્ધાંતિક મંજુરી આપવાની દરખાસ્ત અંગે રૂા. ૨૪૧૫ લાખના ખર્ચનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો.

પીએન માર્ગથી કસ્તુરબા વિકાસ ગૃહથી નવાગામ ઘેડવાળા ડીપી રોડને જોડતા ૧૮ મીટર પહોળા ડીપી રોડને સૈદ્ધાંતિક મંજુરી આપ્યાની દરખાસ્તનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો. શહેરમાં ટ્રાફિક સમસ્યા નિવારણ માટે ખાનગી ટ્રાવેલ્સ તથા ખાનગી કંપનીની બસો મહાનગરપાલિકાની માલિકીની જગ્યામાં પાર્કિંગ અને સૈદ્ધાંતિક મંજૂરી અંગેની દરખાસ્તનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો હતો. આમ આ બેઠકમાં રૂા. ૨૪.૧૫ કરોડના ખર્ચનો સૈદ્ધાંતિક સ્વીકાર તેમજ ૧૧.૨૫ કરોડના ખર્ચની દરખાસ્તો મળી કુલ રૂા. ૩૫.૪૦ કરોડના કામો મંજુર થયા હતાં.

## અવસાન નોંધ



**જામનગર:** જામનગર કોર્પોરેશનના નાયબ ઈજનેર રાજીવ જાનીના માતા હર્ષિદાબેન જાની તે સ્વ. બિપિનચંદ્ર ડાયાલાલ જાનીના પત્ની સ્વ દેવેન તથા નમ્રતા હિમાંશુ કુમાર ત્રિવેદીના માતા અને સ્વ. જયાશંકર હરિલાલ ભટ્ટની પુત્રીનું અવસાન થયેલ છે. તેમની પ્રાર્થના સભા શનિવાર તારીખ ૭ ના રોજ સાંજે ૪:૦૦ થી ૪:૩૦ બાબારી હોલ તળાવની પાળ જામનગર ખાતે રાખેલ છે.

**જામનગર :** નિવાસી શ્રી ગોડ મેડતવાડ બ્રાહ્મણ સ્વ હર્ષિદાબેન બીપીનચંદ્ર જાની તે સ્વ બીપીનચંદ્ર ડાયાલાલ જાની ના ધર્મપત્ની, રાજીવ બીપીનચંદ્ર જાની (પ્રોજેક્ટ એન્ડ પ્લાનિંગ શાખા-જેએમસી) તથા સ્વ. દેવેન બીપીનચંદ્ર જાની તથા નમ્રતા હિમાંશુ કુમાર ત્રિવેદીના માતૃશ્રી તેમજ સ્વ.જયાશંકર હરિલાલ ભટ્ટના પુત્રીનું તારીખ ૬.૧૧.૨૦૨૬ ના રોજ દુઃખદ અવસાન થયું છે. સદગતની પ્રાર્થના સભા તારીખ ૭.૧૧.૨૦૨૬ને શનિવારના સાંજે ૪.૦૦ થી ૪.૩૦ દરમિયાન તળાવની પાળે પાબારી હોલ ખાતે રાખેલ છે.

# પર્યાવરણીય પ્રતિબદ્ધતાઓ આર્થિક વિકાસમાં અવરોધ નથી પરંતુ દેશની વિકાસ યાત્રા માટે ઉત્પ્રેરક : સી. પી. રાધાકૃષ્ણ

## ઉપરાષ્ટ્રપતિએ ભારત રિન્યુએબલ એનર્જી સમિટ એન્ડ એક્સ્પોના સમાપન સત્રને સંબોધિત કર્યું

નવી દિલ્હી,

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણને જણાવ્યું હતું કે, પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ભારતની નોંધપાત્ર પ્રગતિ દર્શાવે છે કે પર્યાવરણીય પ્રતિબદ્ધતાઓ આર્થિક વિકાસમાં અવરોધ નથી પરંતુ દેશની વિકાસ યાત્રા માટે ઉત્પ્રેરક છે.

ભારત મંડપમ, નવી દિલ્હી ખાતે 'ભારત રિન્યુએબલ એનર્જી સમિટ એન્ડ એક્સ્પો ૨૦૨૬' ના સમાપન સત્રને સંબોધિત કરતા, ઉપરાષ્ટ્રપતિએ પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે ભારતની સિદ્ધિઓ, સતત વિકાસ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા અને દેશભરના ઘરો, ખેડૂતો અને સમુદાયોને સશક્ત બનાવવામાં સ્વચ્છ ઊર્જાની પરિવર્તનકારી ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

ભારત જેવા વિશાળ વિકાસશીલ દેશે અશ્મિભૂત ઈંધણો પરની નિર્ભરતા ઘટાડવાની સાથે સાથે ઝડપી આર્થિક વિકાસ પણ જાળવી રાખવો શક્ય છે કે કેમ, તે અંગે વ્યક્ત કરાયેલી શંકાઓને યાદ કરતાં ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે, ભારતે પોતાની સિદ્ધિઓ દ્વારા આ શંકાઓનો જવાબ આપી દીધો છે.




તેમણે રેખાંકિત કર્યું કે ભારતની બિન-અશ્મિભૂત બળતણ-આધારિત સ્થાપિત ક્ષમતા ૩૦૦ ગીગાવોટને વટાવી ગઈ છે અને દેશે ૨૦૨૫ માં તેની સ્થાપિત વીજળી ક્ષમતાના ૫૦ ટકા બિન-અશ્મિભૂત બળતણ સ્ત્રોતોમાંથી પ્રાપ્ત કરી લીધા છે, જે તેની પ્રતિબદ્ધતા કરતા પાંચ વર્ષ વહેલું છે. સોલર પાવર ક્ષમતા, તેમણે નોંધ્યું, એક દાયકામાં ૩ ગીગાવોટથી ઓછી વધીને ૧૭૦ ગીગાવોટથી વધુ થઈ ગઈ છે.

એ બાબત તરફ ઈશારો કરતા કે સોલર પાવર, જે એક સમયે કોલસા આધારિત વીજળી કરતાં ક્યાંય વધુ મોંઘી હતી, તે હવે ભારતમાં વીજળીના સૌથી સસ્તા સ્ત્રોતોમાં સ્થાન ધરાવે છે, તેમણે કહ્યું કે આ રૂપાંતરણ મજબૂત નીતિઓ, ખાનગી સાહસો અને રાજ્યો તથા નાગરિકોના સામૂહિક પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.

# ફાસ્ટ ટ્રેક કોર્ટોને ૫ વર્ષનું વિસ્તરણ; દુષ્કર્મના કેસોની સુનાવણી ઝડપી બનાવવા માટે ૮૫૦ કોર્ટો કાર્યરત થશે

## ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ્સ માટે ૩,૭૮૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા

નવી દિલ્હી,

કેન્દ્રીય મંત્રીમંડળે 'ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ્સ' (FTSCs) માટેની કેન્દ્ર પ્રાયોજિત યોજનાને વધુ પાંચ વર્ષ માટે લંબાવવાની મંજૂરી આપી છે. આ યોજનાનો ઉદ્દેશ્ય બળાત્કારના કેસો અને 'પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઓફેન્સીસ' (POCSO) એક્ટ, ૨૦૧૨ હેઠળ નોંધાયેલા ગુનાઓમાં ઝડપી સુનાવણી અને સમયસર ન્યાય સુનિશ્ચિત કરવાનો છે. આ વિસ્તૃત યોજના આગામી પાંચ વર્ષ સુધી અમલમાં રહેશે અને દેશભરમાં હાલના ૭૭૯ કાર્યરત કોર્ટના નેટવર્કને વધારીને ૮૫૦ સુધી લઈ જશે. આ નિર્ણયથી મહિલાઓ અને બાળકો સાથે સંકળાયેલા જાતીય ગુનાઓના પેન્ડિંગ કેસોનો નિકાલ કરવાની ન્યાયિક પ્રણાલીની ક્ષમતા મજબૂત થશે તેવી અપેક્ષા છે. આ નિર્ણયનું સ્વાગત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, યોજના ચાલુ રહેવાથી ન્યાય આપવામાં થતો વિલંબ ઘટાડવામાં મદદ મળશે. વડાપ્રધાન મોદીએ બુધવારે 'ઠ' (ટ્વિટર) પર લખ્યું, "વિલંબમાં ઘટાડો, ન્યાયમાં ઝડપ!"

ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ્સ માટે ૩,૭૮૮ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા

આ યોજનાને કુલ ૩,૭૮૮.૦૪ કરોડ રૂપિયાના નાણાકીય ખર્ચ સાથે મંજૂરી આપવામાં આવી છે. આમાંથી કેન્દ્ર સરકાર ૨,૩૫૩.૧૫ કરોડ રૂપિયાનું યોગદાન આપશે, જ્યારે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશો મળીને ૧,૪૩૪.૮૯ કરોડ રૂપિયા ફાળવશે.

કેન્દ્ર સરકારનો હિસ્સો 'નિર્ભયા ફંડ'માંથી પૂરો પાડવામાં આવશે. મંજૂર કરાયેલી નાણાકીય વ્યવસ્થા હેઠળ, આ અદાલતોના સંચાલન ખર્ચને પહોંચી વળવા માટે રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આર્થિક સહાય મળતી રહેશે. વિસ્તૃત યોજના હેઠળ, સરકાર ફાસ્ટ ટ્રેક સ્પેશિયલ કોર્ટ્સની સંખ્યા હાલની ૭૭૯ થી વધારીને ૮૫૦ કરવાની યોજના ધરાવે છે.

# ચૂંટણી પંચે ૯ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશોમાં મતદાર યાદીના વિશેષ સારાંશ સુધારણાની જાહેરાત કરી

નવી દિલ્હી,

ચૂંટણી પંચે અરુણાચલ પ્રદેશ, ચંદીગઢ, દાદરા અને નગર હવેલી, અને દમણ અને દીવ, મિઝોરમ, ઓડિશા અને સિક્કિમમાં મતદાર યાદીના વાર્ષિક વિશેષ સારાંશ સુધારણાની જાહેરાત કરી.

મતદાન યાદી સુધારણા કવાયતનો હેતુ લાયક મતદારો, ખાસ કરીને યુવાન અને પહેલી વાર મતદારોની નોંધણી કરવાનો છે, અને ૧ એપ્રિલ, ૧ જુલાઈ અને ૧ ઓક્ટોબર, ૨૦૨૭ ના રોજ પાત્ર બનનારાઓ પાસેથી અગાઉથી અરજીઓ કરવાની સુવિધા આપવાનો છે. મુસદ્દો મતદાર યાદી ૩૦ નવેમ્બરના રોજ પ્રકાશિત થશે. મતદાર યાદીનું અંતિમ પ્રકાશન ૨૧ જાન્યુઆરી, ૨૦૨૭ ના રોજ થશે. પુનરાવર્તિત અથવા બહુવિધ એન્ટ્રીઓ ધરાવતા કેસોમાં કાઢી નાખવાની અરજીઓનું ક્ષેત્ર ચકાસણીમાંથી પસાર થવું આવશ્યક છે. મતદાન નોંધણી અધિકારીઓએ મતદાન મથક પર અથવા જ્યાં એક જ વાંધા કરનાર પાંચથી વધુ વાંધા દાખલ કરે છે ત્યાં બે ટકાથી વધુ મતદારોના કાઢી નાખવાની વ્યક્તિગત રીતે ક્રોસ-ચેક કરવી આવશ્યક છે.

ફોર્મ ૬ અને ૮ માં આધાર વિગતો રજૂ કરવી સ્વૈચ્છિક રહેશે. આધાર પ્રદાન કરવામાં નિષ્ફળતા માટે નોંધણી માટેની કોઈપણ અરજી નકારી શકાતી નથી, કે હાલની એન્ટ્રી કાઢી શકાતી નથી.

૧૫ ઓક્ટોબરના રોજ, ચૂંટણી સત્તાવાળાઓએ ૧૭ રાજ્યોમાં જીજીઈ ની જાહેરાત કરી હતી, જેમાં ચૂંટણી યોજાનાર ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, મણિપુર, ગોવા અને પંજાબનો સમાવેશ થાય છે.

# કોંગ્રેસ પાર્ટીની અરાજકતા અને તુષ્ટિકરણની રાજનીતિ હવે સંપૂર્ણપણે ખુલ્લી પડી ગઈ છે : અમિત શાહ

## ગૃહમંત્રી અમિત શાહે કરનાલની સભામાં કોંગ્રેસ ઉપર પ્રહાર કર્યા

ચંડીગઢ,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજે હરિયાણાના પ્રવાસે હતાં. તેમણે કરનાલમાં એક કિલોમીટર લાંબી "લોકશાહી બચાવો, અરાજકતા દૂર કરો" પદયાત્રાનું નેતૃત્વ કર્યું. મંચ પરથી સંબોધન કરતા અમિત શાહે કહ્યું કે કોંગ્રેસ પાર્ટીની અરાજકતા અને તુષ્ટિકરણની રાજનીતિ હવે સંપૂર્ણપણે ખુલ્લી પડી ગઈ છે, અને દેશવાસીઓ તેની વિરુદ્ધ રસ્તાઓ પર ઉતરી રહ્યા છે.





કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું, "આજે ભાજપ દ્વારા આયોજિત અમારી 'લોકશાહી બચાવો, અરાજકતા દૂર કરો' રેલીનો છેલ્લો દિવસ છે. ૨૨ ઓક્ટોબરથી ૫ નવેમ્બર સુધી, આ રેલી દેશભરના પાર્ટી મુખ્યાલયમાં યોજાઈ હતી. દરેક જગ્યાએ, અમે સમાન ઉત્સાહ અને વિશાળ ભીડ જોઈ. દેશભરના રસ્તાઓ પર, અમે અમારા નેતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદી માટે ભારે જનસમર્થન જોયું."

અમિત શાહે કહ્યું કે લોકશાહીમાં સંસદ ચર્ચા માટે સૌથી મહત્વપૂર્ણ સ્થળ છે. રાહુલ ગાંધી સંસદને ચાલવા દેતા નથી, મુદ્દાઓ પર ચર્ચા કરતા નથી. કોંગ્રેસે ઘોંઘાટ અને સંસદનો બહિષ્કાર કરવાની સંસ્કૃતિ બનાવી છે. અમે સંસદને ચાલતી અટકાવવા માંગીએ છીએ અને રસ્તાઓ પર ભીડ એકઠી કરીને અરાજકતા ફેલાવવા માંગીએ છીએ. કોંગ્રેસે રેલી માટે ૧ નવેમ્બરનો દિવસ પસંદ કર્યો. ૧૯૮૪માં કોંગ્રેસે શીખ રમખાણો ભડકાવ્યા હતા. શીખોનો નરસંહાર કરવામાં આવ્યો હતો.

# જિતેન્દ્ર સિંહે હૈદરાબાદમાં અવકાશ રોબોટિક્સ સુવિધાનું ઉદ્ઘાટન કર્યું

## ૨૦૩૦ સુધીમાં અવકાશને કાટમાળમુક્ત બનાવવાની દૂરંદેશી રજૂ કરી

હૈદરાબાદ,

ભારત અવકાશ કાટમાળ દૂર કરવાના ક્ષેત્રમાં શરૂઆતના વૈશ્વિક અગ્રણીઓમાં ઉભરી રહ્યું છે, જેમાં એક ભારતીય સ્ટાર્ટઅપ બાહ્ય અવકાશને સુરક્ષિત અને વધુ ટકાઉ બનાવવા માટે ટેકનોલોજીનો વિકાસ કરી રહ્યું છે, એમ વિજ્ઞાન અને ટેકનોલોજી અને પૃથ્વી વિજ્ઞાન અને રાજ્યમંત્રી (સ્વતંત્ર હવાલો) અને પીએમઓ, કર્મચારી, જાહેર ફરિયાદ, પેન્શન, અણુ ઊર્જા અને અવકાશ રાજ્યમંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહે જણાવ્યું હતું.

૨૦૩૦ સુધીમાં કાટમાળ મુક્ત અવકાશ પ્રાપ્ત કરવાના વિઝનની જાહેરાત કરતા, મંત્રીએ કહ્યું કે સક્રિય અવકાશ કાટમાળ દૂર કરવામાં ભારતની ઉભરતી ક્ષમતાઓ અવકાશ ટેકનોલોજીમાં દેશની વધતી જતી વૈશ્વિક નેતૃત્વ અને સમગ્ર માનવતા માટે સલામત અવકાશ વાતાવરણ સુનિશ્ચિત કરવાની તેની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

ડૉ. જીતેન્દ્ર સિંહ હૈદરાબાદમાં કોસ્મોર્વે સ્પેસની બેઝ ૧ સુવિધાના ઉદ્ઘાટન પ્રસંગે કર્તવ્ય ભવન, નવી દિલ્હીથી વર્ચ્યુઅલી બોલી રહ્યા હતા. હૈદરાબાદના ગચીબોવલી સ્થિત VSD ટેક પાર્ક ખાતે ઉદ્ઘાટન સમારોહમાં તેલંગાણા સરકારના IT અને ઉદ્યોગ મંત્રી શ્રી ડી. શ્રીધર બાબુ, અતિથિ વિશેષ તરીકે અને કોસ્મોર્વે સ્પેસના સ્થાપક અને CEO ડૉ. ચિરંજીવી ફણિન્દ્ર, સ્થાપક અને CEO ડૉ. ડૉ. જિતેન્દ્ર સિંહ મુખ્ય અતિથિ તરીકે વર્ચ્યુઅલી કાર્યક્રમમાં જોડાયા હતા.

# અચિનેતા આયુષ્માન ખુરાના અને તુષાર કપૂરને ધમકી આપવા બદલ બેંગલુરુના આઈટી એન્જિનિયરની ધરપકડ

## લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલો હોવાનો દાવો કરીને ધમકીભર્યા ઓડિયો સંદેશા મોકલતો હતો

મુંબઈ,

ટાઇગર શ્રોફ પર ગોળીબારની ઘટના બાદ, ફિલ્મ હસ્તીઓને ધમકી આપવાના અહેવાલો સતત સામે આવી રહ્યા છે. અમિતાભ બચ્ચન પછી, આયુષ્માન ખુરાનાને પણ એક ધમકીભરી ઓડિયો ક્લિપ મળી હતી, જેના પગલે મુંબઈ પોલીસ ક્રાઇમ બ્રાન્ચે એક આરોપીની ધરપકડ કરી છે. આ આરોપીની ઓળખ વૈભવ મિશ્રા તરીકે કરવામાં આવી છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, તેને બેંગલુરુમાં અટકાયતમાં લેવામાં આવ્યો છે. વૈભવ આઈટી ક્ષેત્રમાં કામ કરે છે અને તેના પર ઓડિયો રેકોર્ડિંગ મોકલીને તુષાર કપૂર અને આયુષ્માન ખુરાના સહિત અનેક લોકોને ધમકી આપવાનો આરોપ છે.

અહેવાલો અનુસાર, વૈભવ મિશ્રા નામના આઈટી એન્જિનિયરની બેંગલુરુમાં અટકાયત કરવામાં આવી છે. એવો આરોપ છે કે તે લોરેન્સ બિશ્નોઈ ગેંગ સાથે સંકળાયેલો હોવાનો દાવો કરીને વિવિધ વ્યક્તિઓને ધમકીભર્યા ઓડિયો સંદેશા મોકલી રહ્યો હતો.

નોંધનીય છે કે આયુષ્માન ખુરાનાને એક ઓડિયો સંદેશ મળ્યો હતો. તેમાં, મોકલનાર વ્યક્તિએ પોતાને લોરેન્સ બિશ્નોઈ ગેંગના સભ્ય તરીકે ઓળખાવી હતી અને અભિનેતા પાસેથી કરોડો રૂપિયાની માંગણી કરી હતી. મુંબઈ પોલીસના સૂત્રોએ જણાવ્યું હતું કે તપાસ ટીમ ઓડિયોમાં સાંભળેલા અવાજને તેમના રેકોર્ડમાં રહેલા અવાજના નમૂનાઓ સાથે મેચ કરી રહી હતી. વધુમાં, સાયબર સેલ સંદેશ મોકલનારના નંબર અને સ્થાનને શોધવા માટે કામ કરી રહ્યું હતું.

# રાહુલ ગાંધી વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરવાની માંગણી અલ્હાબાદ હાઈકોર્ટે ફગાવી

અલ્હાબાદ,

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીને શીખ સમુદાય વિરુદ્ધ કરવામાં આવેલી કથિત વાંધાજનક ટિપ્પણીના કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટ તરફથી મોટી રાહત મળી છે. હાઈકોર્ટે રાહુલ ગાંધીની અમેરિકા મુલાકાત દરમિયાન શીખ સમુદાય વિરુદ્ધ કથિત ટિપ્પણી કરવા બદલ તેમની સામે એફઆઈઆર નોંધવાની માંગ કરતી અરજીને ફગાવી દીધી છે. જસ્ટિસ વિક્રમ ડી. ચૌહાણની સિંગલ બેન્ચે આ નિર્ણય આપ્યો.

નાગેશ્વર મિશ્રા અને અન્ય લોકોએ શીખ સમુદાય વિશે કથિત રીતે અપમાનજનક ટિપ્પણી કરવા બદલ તેમની સામે એફઆઈઆર નોંધવાની માંગણી કરતી અરજી દાખલ કરી હતી. અગાઉ, વારાણસીની ટ્રાયલ કોર્ટે પણ અરજી ફગાવી દીધી હતી. અરજદારોએ અલ્હાબાદ હાઈકોર્ટમાં ટ્રાયલ કોર્ટના નિર્ણયને પડકાર્યો હતો. બંને પક્ષોની દલીલો સાંભળ્યા પછી, હાઈકોર્ટે પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. હવે, કોર્ટે અરજી ફગાવીને રાહુલ ગાંધીને મોટી રાહત આપી છે.

અરજદારના વકીલ સત્યેન્દ્ર કુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર, રાહુલ ગાંધીએ સપ્ટેમ્બર ૨૦૨૪ માં યુનાઇટેડ સ્ટેટ્સની તેમની મુલાકાત દરમિયાન શીખ સમુદાયની ધાર્મિક સ્વતંત્રતા અંગે ટિપ્પણી કરી હતી. એવો આરોપ છે કે તેમણે કહ્યું હતું કે ભારતમાં શીખોની કારા (પૂજા) પહેરવાની, પાઘડી પહેરવાની અને ગુરુદ્વારાની મુલાકાત લેવાની સ્વતંત્રતા અંગે પરિસ્થિતિ ચિંતાજનક છે.

# કેન્દ્ર સરકાર વિવાદાસ્પદ યુજીસી નિયમો પર પુનર્વિચાર કરશે : સુપ્રીમ કોર્ટને જાણ કરશે

## નિયમોની સમીક્ષા કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવશે

નવીદિલ્હી,

કેન્દ્ર સરકાર ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં જાતિ ભેદભાવ અટકાવવા માટે રજૂ કરાયેલા વિવાદાસ્પદ યુજીસી નિયમો પર પુનર્વિચાર કરશે. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જાણ કરી કે તે વિવાદાસ્પદ યુજીસી નિયમો પર પુનર્વિચાર કરી રહી છે અને આ નિયમોની સમીક્ષા કરવા માટે એક સમિતિની રચના કરી રહી છે.

સોલિસિટર જનરલ તુષાર મહેતાએ કોર્ટને ખાતરી આપી કે તમામ વિદ્યાર્થીઓના હિતોનું ધ્યાન રાખવામાં આવશે, જેથી ખાતરી કરી શકાય કે કોઈ પણ વિદ્યાર્થી અસંતુષ્ટ કે ડરેલો ન અનુભવે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્તે એમ પણ કહ્યું કે દરેક વિદ્યાર્થીના હિતોનું રક્ષણ કરવું આવશ્યક છે. નિયમો બનાવતી વખતે દેશની યુવા પેઢીનો પણ વિચાર કરવો જોઈએ. ઋર્ત્વેએ કહ્યું કે દરેક વિદ્યાર્થીના હિતોનું રક્ષણ કરવામાં આવશે. યુવા પેઢીના ભવિષ્ય અને હિતોનો સંપૂર્ણ વિચાર કરવામાં આવશે.



કોર્ટમાં દાખલ કરાયેલી અરજીઓમાં કહેવામાં આવ્યું હતું કે આ નિયમો ભેદભાવપૂર્ણ છે અને સામાન્ય વર્ગના લોકોના મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે છે. પાછલી સુનાવણીમાં, સુપ્રીમ કોર્ટે આ નિયમોના અમલીકરણ પર રોક લગાવી હતી. કોર્ટનું માનવું હતું કે આ નિયમોની ભાષા અસ્પષ્ટ છે અને તેનો દુરુપયોગ થઈ શકે છે. કોર્ટે સૂચન કર્યું હતું કે સરકારે આ નિયમો પર વિચાર કરવા માટે એક નવી સમિતિ બનાવવી જોઈએ.

# ઈરાને ભારત, ચીન, ઈરાક અને કતારના જહાજોને હોર્મુઝની સામુદ્રધુનીના પ્રતિબંધોમાંથી મુક્તિ આપી

## ભારતીય જહાજોને મળેલી મુક્તિનો હેતુ ઈરાનમાં દવાઓનો પુરવઠો પહોંચાડવામાં મદદ કરવાનો

તેહરાન,

ઈરાનના એક સાંસદે જણાવ્યું છે કે, ઈરાને ભારત, ચીન, ઈરાક અને કતારના વેપારી જહાજોને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ 'હોર્મુઝની સામુદ્રધુની' (Strait of Hormuz) માંથી પસાર થવા પરના પ્રતિબંધોમાંથી મુક્તિ આપી છે. આ વ્યવસ્થાનો ઉદ્દેશ્ય તેહરાનના રાજદ્વારી અને આર્થિક હિતોને સાધવાનો છે; જેમાં ભારતીય જહાજોને મળેલી મુક્તિનો એક હેતુ ઈરાનમાં દવાઓનો પુરવઠો પહોંચાડવામાં મદદ કરવાનો પણ છે.

ઈરાની સંસદની રાષ્ટ્રીય સુરક્ષા અને વિદેશ નીતિ સમિતિના ઉપાધ્યક્ષ અમીર હયાત-મોઘદ્દમે જણાવ્યું હતું કે,




આ ચાર દેશોના જહાજો અન્ય વેપારી જહાજો પર લાદવામાં આવેલા પ્રતિબંધોનો સામનો કર્યા વિના આ જળમાર્ગમાંથી પસાર થઈ શકે છે. પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષને કારણે જ્યારે આ સામુદ્રધુનીમાંથી થતા જહાજી પરિવહન પર દબાણ છે, તેવા સમયે તેમનું આ નિવેદન આવ્યું છે. 'ઈરાનિયન સ્ટુડન્ટ્સ ન્યૂઝ એજન્સી' (ISNA) સાથેની એક મુલાકાતમાં, હયાત-મોઘદ્દમે કહ્યું કે ભારત, ચીન, ઈરાક અને કતારના જહાજો હાલમાં પરિવહન પ્રતિબંધોમાંથી મુક્ત છે.

તેમણે કહ્યું, "અમે હાલમાં ભારત, ચીન, ઈરાક અને કતારને હોર્મુઝની સામુદ્રધુનીમાં પરિવહન પ્રતિબંધોમાંથી મુક્તિ આપી છે. આ દેશોના જહાજો મુક્તપણે પસાર થાય છે અને અમેરિકનો પણ તેમને રોકતા નથી." તેમણે જણાવ્યું કે આ મુક્તિઓ ઈરાનની રાજદ્વારી અને આર્થિક પ્રાથમિકતાઓ સાથે જોડાયેલી છે. ભારતીય જહાજો માટેની આ વ્યવસ્થાનો હેતુ ભારતમાંથી દવાઓની આયાતને સરળ બનાવવાનો છે, જ્યારે ચીની જહાજોને મળેલી મુક્તિનો ઉદ્દેશ્ય બેઇજિંગનું રાજકીય સમર્થન મેળવવાનો છે.

# પોલીસ વ્યક્તિની ઔપચારિક ધરપકડમાં વિલંબ કરીને ૨૪ કલાકની સમયમર્યાદા લંબાવી શકે નહીં : સુપ્રીમ કોર્ટ

## કોર્ટે ત્રિપુરા હાઈકોર્ટના આદેશને રદ કરી ચાર આરોપીઓને જામીન પર મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો

નવીદિલ્હી,

સુપ્રીમ કોર્ટે ધરપકડ અને પોલીસ કસ્ટડી અંગે એક મહત્વપૂર્ણ ચુકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ કર્યું કે આરોપીને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવા માટે ૨૪ કલાકની સમયમર્યાદા તેમની ઔપચારિક ધરપકડના સમયથી નહીં, પરંતુ તેમની વાસ્તવિક અટકાયતના સમયથી શરૂ થાય છે. આનો અર્થ એ છે કે પોલીસ વ્યક્તિની સ્વતંત્રતા પર પ્રતિબંધ મૂક્યા પછી ઔપચારિક ધરપકડમાં વિલંબ કરીને ૨૪ કલાકની સમયમર્યાદા લંબાવી શકતી નથી. આ નિર્ણય સાથે, કોર્ટે ત્રિપુરા હાઈકોર્ટના આદેશને રદ કર્યો અને ચાર આરોપીઓને જામીન પર મુક્ત કરવાનો નિર્દેશ આપ્યો.

આ નિર્ણય એનડીપીએસ (નાર્કોટિક ડ્રગ્સ અને સાયકોટ્રોપિક સબસ્ટન્સ) એક્ટ હેઠળ નોંધાયેલા કેસમાં આવ્યો હતો. ચારેય વ્યક્તિઓએ સુપ્રીમ કોર્ટમાં ત્રિપુરા હાઈકોર્ટના નિર્ણયને પડકાર્યો હતો, જેણે તેમને જામીન આપવાનો ઇનકાર કર્યો હતો. આ કેસની સુનાવણી ન્યાયાધીશ ઉજ્જ્વલ ભૂયાન અને અતુલ એસ. ચાંદુરકરની બેન્ચ દ્વારા કરવામાં આવી હતી. કોર્ટે જણાવ્યું હતું કે બંધારણની કલમ ૨૨(૨) હેઠળ નિર્ધારિત ૨૪ કલાકની અવધિની ગણતરી વ્યક્તિની વ્યક્તિગત સ્વતંત્રતા ખરેખર છીનવાઈ જાય તે સમયથી થવી જોઈએ.

કોર્ટ અનુસાર, પોલીસ દ્વારા ધરપકડ નોંધવાનો સમય આ ગણતરીનો આધાર હોઈ શકે નહીં. જો કોઈ વ્યક્તિને પહેલાથી જ અટકાયતમાં રાખવામાં આવી હોય, તો તે સમયગાળાને બંધારણીય ૨૪ કલાકની સમય મર્યાદામાં પણ સામેલ કરવો જોઈએ. બેન્ચે જણાવ્યું હતું કે શોધ અને જમી પ્રક્રિયા પૂર્ણ થયા પછી ઔપચારિક ધરપકડ નોંધાયાના સમયથી ૨૪ કલાકની ગણતરી શરૂ કરવી કાયદેસર રીતે વાજબી નથી. કોર્ટે આ અભિગમને ગેરબંધારણીય જાહેર કર્યો.

બંધારણના અનુચ્છેદ ૨૨(૨) મુજબ, ધરપકડ કરાયેલ અને અટકાયતમાં લેવાયેલા દરેક વ્યક્તિને ૨૪ કલાકની અંદર નજીકના મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવો આવશ્યક છે. આ સમયગાળામાં ધરપકડના સ્થળેથી કોર્ટ પહોંચવા માટે જરૂરી મુસાફરી સમયનો સમાવેશ થતો નથી. વધુમાં, મેજિસ્ટ્રેટની પરવાનગી વિના કોઈપણ વ્યક્તિને નિર્ધારિત સમયગાળાથી વધુ અટકાયતમાં રાખી શકાતી નથી. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરી હતી કે જો આરોપીને વાસ્તવિક અટકાયત શરૂ થયાના ૨૪ કલાકની અંદર મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં ન આવે, તો તેને તાત્કાલિક મુક્ત કરવો આવશ્યક છે. કોર્ટે એમ પણ જણાવ્યું હતું કે જરૂરી મુસાફરી સમય સિવાયનો કોઈ પણ સમયગાળો ૨૪ કલાકની ગણતરીમાંથી બાકાત રાખી શકાય નહીં.

### દિવાળીના તહેવારો પૂર્વે સાવચેતીના પગલરૂપે પોલીસ તંત્ર એલર્ટ મોડમાં

# જામનગરમાં બોમ્બ-ડોગ સ્ક્વોડની ટીમ દ્વારા રેલવે-બસ સ્ટેશન પર સઘન ચેકિંગ

જામનગર : જામનગરમાં દિવાળી સહિતના તહેવારોને ધ્યાનમાં રાખીને મુસાફરોની અવરજવર વધતાં જાહેર સ્થળોની સુરક્ષાને લઈને જામનગર પોલીસ એલર્ટ બની છે. લોકસુરક્ષાના ભાવ સાથે પોલીસની બોમ્બ ડિટેકશન અને ડિસ્પોઝલ સ્ક્વોડ તથા ડોગ સ્ક્વોડ દ્વારા શહેરના રેલવે સ્ટેશન, બસ સ્ટેશન સહિતના સંવેદનશીલ સ્થળોએ સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ટીમ દ્વારા રેલવે સ્ટેશન ખાતે પ્લેટફોર્મ, વેઈટિંગ એરિયા, મુસાફરોના સામાન તેમજ પાર્કિંગ સહિતના વિસ્તારોમાં ઝીણવટભરી તપાસ કરી હતી. જ્યારે બસ સ્ટેશન ખાતે મુસાફરોના સરસામાન, પાર્સલ રૂમ અને સ્ટાફ રૂમ સહિતના સ્થળોએ પણ ચેકિંગ કરવામાં આવ્યું હતું. ડોગ સ્ક્વોડની મદદથી શંકાસ્પદ વસ્તુઓ અને સ્થળોની તપાસ કરી સુરક્ષાની સ્થિતિનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. તહેવારો દરમિયાન મોટી સંખ્યામાં લોકો મુસાફરી કરતા હોવાથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને નાગરિકો સુરક્ષિત રીતે અવરજવર કરી શકે તે હેતુથી આ ચેકિંગ હાથ ધરાયું હતું. પોલીસની આ તપાસ દરમિયાન કોઈ વાંધાજનક કે શંકાસ્પદ વસ્તુ મળી ન આવતાં તંત્રએ હાશકારો અનુભવ્યો હતો.



તસવીરઃ સુનિલ ચુડાસમા

## મોબાઈલ વાપરવાના મુદ્દે પતિ-પત્ની વચ્ચે માથાકૂટ થતા અંતિમ પગલું ભર્યું

### મોટી નાગાજાર ગામે નજીવી બાબતમાં પરિણીતાએ કૂવામાં ઝંપલાવી જીવન ટૂંકાવ્યું

જામનગર : જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મોટી નાગાજાર ગામની સીમમાં વાડીના કૂવામાંથી ૧૮ વર્ષીય પરિણીતાનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી ગઈ હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં પતિ-પત્ની વચ્ચે મોબાઈલ વાપરવા મુદ્દે માથાકૂટ બાદ પરિણીતાએ આપઘાત કરી લીધાનું સામે આવ્યું છે.

મૂળ મધ્યપ્રદેશના જાંબુઆ જિલ્લાના માતાસુલા બડા ગામની વતની અને હાલ મોટી નાગાજાર ગામે વાડીમાં રહીને ખેતમજૂરી કરતી કસુ અનીલભાઈ હટીલા (ઉવ.૧૮)ને તેના પતિએ મોબાઈલ ફોન વાપરવા બાબતે ઠપકો આપ્યો હતો. આ બાબતનું મનમાં લાગી આવતાં તેણી તા.૧૮/૧૦ ના રોજ સવારના ઘરેથી ક્યાંક નીકળી ગઈ હતી. તેણીએ મોટીનાગાજાર ગામે રાજુભાઈ વાંકની વાડીના કુવામાં પડી મોત વ્હાલું કરી લીધું હતું.

ગત તા.૪/૧૧ના રોજ વાડીના કૂવામાંથી મૃતદેહ મળ્યાનું પોલીસની પ્રાથમિક વિગતોમાં સામે આવ્યું છે. બનાવ અંગે મૃતકના પતિ અનીલભાઈએ કાલાવડ ગ્રામ્ય પોલીસને જાણ કરતાં પોલીસે મોતની નોંધ કરી તપાસ હાથ ધરી છે.

## ભાણવડના રૂપામોરા ગામે અજાણ્યા રીક્ષાની હડફેટે વૃદ્ધાનું મોત નિપજ્યું

ખંભાળિયા : ભાણવડ તાબા હેઠળના રૂપામોરા ગામે રહેતા એક વૃદ્ધાને તેઓના ઘર પાસે અજાણ્યા રીક્ષા ચાલકે હડફેટે લઈ શરીરે ગંભીર ઈજા પહોંચાડી નાશી જતા મૃતકના પુત્ર દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો અને રીક્ષા ચાલક સામે અપરાધ નોંધી પકડી પાડવા દોડધામ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર ભાણવડ તાલુકાના રૂપામોરા ગામમાં રહેતા અજાયબેન જેરામભાઈ પીપરોતર નામના ૮૦ વર્ષના વૃદ્ધા ગઈકાલે સાંજના સાતેક વાગ્યાના સુમારે પોતાના ઘર પાસેના રોડ પરથી નીકળતા હોય દરમિયાન ત્યા ખંભાળિયાથી ભાણવડ તરફ જતા એક અજાણ્યા રીક્ષા ચાલકે પોતાનું વાહન પૂરઝડપે, બેફિકરાયથી અને ગફલતભરી રીતે ચલાવી હડફેટે લેતા અજાયબેનનું શરીરે ગંભીર ઈજાના કારણે મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પુત્ર પીપરોતર દ્વારા ભાણવડ પોલીસ દફતરે ફરિયાદ નોંધાવવામાં આવતા અજાણ્યા રીક્ષા ચાલક સામે પોલીસે ગુન્હો નોંધી તેને ઝડપી લેવા તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

## કલ્યાણપુરના બામણાસા ગામના માલધારી યુવાન પાસેથી ભેંસો ખરીદી ઠેંગો બતાવ્યો

### રૂ. ત્રણ લાખમાં ભેંસો વેંચાતી લઈ મહેસાણાના શખ્સે વિશ્વાસઘાત કર્યો

ખંભાળિયા : કલ્યાણપુર પંથકના બામણાસા ગામના માલધારી યુવાન પાસેથી ભેંસો વેંચાતી લીધા બાદ બાકી રહેતી ત્રણ લાખની રકમ આપવામાં બહાના બતાવવા બદલ વિશ્વાસઘાત અંગેની માલધારીએ મહેસાણા જિલ્લાના શખ્સ સામે સ્થાનિક પોલીસ દફતરે ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસનો દૌર શરૂ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કલ્યાણપુર તાલુકાના બામણાસા ગામમાં રહેતા હરભમભાઈ હંસરાજભાઈ સુમાત નામના માલધારી યુવાનને વિશ્વાસમાં લઈ તેના પાસેથી પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકાના દેલગામના સાહરભાઈ કરમશીભાઈ રબારી નામના શખ્સે રૂ. ૩.૨૦ લાખ લેખે સાત ભેંસો વેંચાતી લીધી હતી અને રૂ. ૨૦ હજાર આપેલ ત્યારબાદ ગુગલ પે અથવા રોકડ રૂપિયા આપી દઈશ તેમ જણાવી આજદિન સુધી ત્રણ લાખની રકમ નહીં આપી સાહરભાઈ રબારીએ વિશ્વાસઘાત કરતા તેના સામે હરભમભાઈ સુમાતે કલ્યાણપુર પોલીસ દફતરે વિધિવત ફરિયાદ નોંધાવતા એ.એસ.આઈ. બી.આર. કાગડીયા આગળની તપાસ ચલાવી રહ્યા છે.

## જામનગરમાં બાંધકામના સ્થળ પરથી ૩૨ બંડલની વીજ વાયરની ચોરી

જામનગર : જામનગર શહેરની શ્રીનાથજી કોલોનીમાં નવા બની રહેલા મકાનના બાંધકામના સ્થળ પરથી કોઈ તસ્કર રૂપિયા એક લાખની કિંમતના વીજ વાયર ચોરી કરી ગયાની ફરિયાદ પોલીસમાં ઉઠવા પામી છે.

શહેરની હાથી કોલોની, સુમેર ક્લબ રોડ વિસ્તારમાં રહેતા અને વેપાર કરતા રામજીભાઈ આંબાભાઈ ગઢિયાના નવા મકાનનું બાંધકામ શ્રીનાથજી કોલોનીની શેરી નંબર-૧માં ચાલી રહ્યું છે. દરમિયાન ગઈકાલે વહેલી સવારે કોઈ અજાણ્યો તસ્કર મકાનમાં પ્રવેશ્યો હતો અને આર.આર. કંપનીના અલગ-અલગ માપના વીજ વાયરના ૨૦ આખા બંડલ તથા ૧૨ અડધા બંડલ મળી કુલ ૩૨ બંડલની ચોરી કરી ગયો હતો. ચોરાયેલા વાયરની કિંમત અંદાજે રૂપિયા એક લાખ થવા જાય છે. આ અંગે રામજીભાઈ ગઢિયાએ ફરિયાદ નોંધાવતા સીટી-એ ડિવિઝન પોલીસે અજાણ્યા તસ્કર સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## મેઘપરમાં રહેણાંક મકાનમાંથી ૫૭૬ દારૂના ચપલા મળી આવતા શખ્સની ધરપકડ

### શહેરના દિગ્વિજય પ્લોટ વિસ્તારમાં ફ્લેટમાંથી દારૂની ૨૦ બોટલ ઝડપાઈ

જામનગર : જામનગરના લાલપુર તાલુકાના મેઘપર અને દીગ્વિજય પ્લોટ-૬૦માં રહેણાંક મકાનમાં રેડ પાડી પોલીસે દારૂના જથ્થા સાથે બે શખ્સોને પકડી પાડ્યા હતા. જ્યારે ત્રણની સંડોવણી સામે આવતા તેઓને ફરાર જાહેર કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

લાલપુર તાલુકાના મેઘપર ગામે રાધે કિષ્ના મંદિરની પાછળ



રહેતા દિપકસિંહ ઘોઘુભા પિંગળના મકાનમાં દારૂની બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. જ્યાં મકાનની પાછળની ખુલ્લી જગ્યામાંથી ૮૦ હજારની કિંમતના ૫૭૬ ચપલા મળી આવતા મુદ્દામાલ કબ્જે કરી આરોપીની ધરપકડ કરી હતી. જ્યારે આ જથ્થો અભીષેક ઉર્ફે શેરો મુકેશભાઈ બદીયાણી (રહે:-સાધના કોલોની જામનગર) પાસેથી લીધો હોવાનું સામે આવતા તેને ફરાર જાહેર કરી તેની શોધખોળ હાથ ધરી છે.

આ ઉપરાંત શહેરના દીગ્વિજય પ્લોટ-૬૦માં આવેલા વિનાયક એપાર્ટમેન્ટમાથી રવિરાજ રામનાણીને ૨૬ હજારની કિંમતની ૨૦ બોટલ દારૂ સાથે પકડી પાડ્યો હતો. તપાસમાં મનોજ જગજીવનભાઈ શીગાળાએ અંગત લાભ માટે રવિરાજ કેશુમલભાઈ રામનાણીને દારૂ રાખવા માટે પોતાના મકાનમાં સહમતી આપતા પોલીસે બંને સામે પ્રોહિબિશન હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ પ્રકરણમાં સુભાષપાર્ક, રણજીતસાગર રોડ પર રહેતા સુરજ ઉર્ફે સુરેશ ઉર્ફે સુર્યો કોળીને ફરાર જાહેર કરાયો છે.

## કેનેડી ગામે ફટાકડાનું ગેરકાયદે વેંચાણ કરતા દુકાનદારની અટકાયત

ખંભાળિયા : કલ્યાણપુર પંથકના કેનેડી ગામે પોલીસે દરોડો પાડી માનવ જિંદગી જોખમાય તે રીતે ફટાકડાનું મોબાઈલ ફોનની દુકાન બહાર રોડ પર વેંચાણ કરતા વેપારી શખ્સની અટકાયત કરી મુદ્દામાલ કબ્જે લઈ જાહેરનામાના ભંગ બદલ ગુન્હો નોંધી સ્થાનિક પોલીસે આ અંગે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર દ્વારકા જિલ્લા એસ. ઓ. જી. એ કલ્યાણપુર તાલુકાના કેનેડી ગામે આવેલ રણછોડભાઈ ઉકાભાઈ પરમાર નામના કૌશિલ મોબાઈલ શોપ નામની દુકાન ધરાવતા શખ્સને ત્યાં દરોડો પાડ્યો હતો દરમિયાન જાહેરમાં પતરાના છાપરા નીચે કોઈપણ સક્ષમ અધિકારીની મંજૂરી કે લાયસન્સ વગર ગેરકાયદેસર રીતે અલગ- અલગ પ્રકારના ફટાકડા નો સંગ્રહ કરી ફાયર સેફટીના સાધનો વગર વેંચાણ કરતો હોય આથી તેની અટકાયત કરી સ્થળપરથી રૂ. ૪૧ હજારની કિંમતનો ફટાકડાનો જથ્થો જપ્ત કરી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાના ભંગ બદલ ગુન્હો દાખલ કરાવવામાં આવતા કલ્યાણપુર પોલીસે વધુ તપાસ હાથ કરી છે.

## કેશિયા પાસે ટ્રકમાં લઈ જવાતા ૪૫ ભેંસ-પાડાને બચાવાયા

### ઠાંસી-ઠાંસીને ભરેલાં પશુઓ સાથેનો ટ્રક રોકાવતા ચાલક-ક્લીનર ફરાર

જામનગર : જામનગર જિલ્લાના જોડિયા તાલુકામાં કેશિયા ગામના પાટિયા પાસે પોલીસે ટ્રકમાં ક્રૂરતાપૂર્વક લઈ જવાતા ૪૫ ભેંસ પશુઓને લઈ જવામાં આવી રહ્યા હતા. જે ટ્રક પોલીસે રોકતા ડ્રાઈવર અને ક્લીનર નાશી છૂટ્યા હતા. જ્યારે તમામ પશુઓને બચાવી લેવાયા હતા.

જોડિયા પોલીસના કોન્સ્ટેબલ નિલેશભાઈ બાંભવા ગઈકાલે વહેલી સવારે ચાર વાગ્યાના અરસામાં નેશનલ હાઈવે પર કેશિયા ગામના પાટિયા પાસે જીજે-૧૦-ટીવી-૬૦૧૨ નંબરનો ટાટા ટ્રક પસાર થતો હતો. જેમાં કુલ ૪૫ ભેંસ વર્ગનાં પશુઓને એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવામાં આવી રહ્યાં હતાં.

ટ્રકમાં પશુઓને હલનચલન કરવા માટે પૂરતી જગ્યા આપવામાં આવી નહોતી તેમજ ઘાસચારા, નીરણ કે પાણીની કોઈ વ્યવસ્થા પણ કરવામાં આવી નહોતી. પશુઓને દુઃખ અને પીડા થાય તેવી રીતે ક્રૂરતાપૂર્વક ભરવામાં આવ્યાં હોતા.

જે ટ્રક પોલીસ કન્સ્ટેબલે રોકતા ટ્રકચાલક, ક્લીનર ટ્રક છોડી નાશી ગયા હતા. જ્યારે તમામ અબોલ પશુઓને બચાવી લેવાયા હતા. પોલીસે અજાણ્યા ટ્રક ચાલક અને ક્લીનર તેમજ તપાસમાં ખુલે તેવા અન્ય શખ્સો સામે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

## ખંભાળિયાના રીક્ષા ચાલક વૃદ્ધનો હૃદયરોગના હુમલાએ ભોગ લીધો

ખંભાળિયા : ખંભાળિયા ખાતે રહેતા એક વૃદ્ધનું હૃદયરોગનો તીવ્ર હુમલો આવી જતા સ્થળપર મૃત્યુ નિપજ્યું હતું આ બનાવની સ્થાનિક પોલીસ દફતરે મૃતકના પુત્ર દ્વારા જાણ કરવામાં આવતા પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ જરૂરી કાર્યવાહી આરંભી હતી.

મળતી માહિતી અનુસાર ખંભાળિયા શહેરમાં રામનાથ સોસાયટી પાછળ રહેતા જેઠાભાઈ હરજીભાઈ ચોપડા નામના ૭૦ વર્ષના વૃદ્ધ રીક્ષા ચાલકનું અત્રે શીતલ પાન, જોધપુર નાકા પાસે એકાએક હૃદયરોગનો હુમલો આવતા મૃત્યુ નિપજ્યું હતું જે બનાવની ખંભાળિયા પોલીસમાં મૃતકના પુત્ર મેહુલભાઈ જેઠાભાઈ ચોપડા દ્વારા જાણ કરવામાં આવતા હે. કો. આર. જે. હુણ આગળની તપાસ ચલાવી રહ્યા છે.

## રાવલમાંથી રોયલ્ટી વગરના સફેદ બેલા ભરેલ બે ટ્રક કબ્જે કરાયા



તસ્વીર : નિરજ દત્તાણી

ખંભાળિયા : કલ્યાણપુર પંથકના રાવલ ગામના રોડ પરથી ગેરકાયદેસર રીતે સફેદ બેલા ભરીને લઈ જવાતા બે ટ્રક ચાલકની પોલીસે અટકાયત કરી ૩૨ ટન મુદ્દામાલ કબ્જે લઈ ખાણ- ખનીજ વિભાગને જાણ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પ્રાપ્ત માહિતી મુજબ કલ્યાણપુર તાબા હેઠળના રાવલ ગામેથી જી. જે. ૧૧. યુ. ૮૮૩૭ અને જી. જે. ૦૧. સી.વાય. ૦૬૫૦ નંબરના બે સફેદ બેલા ભરેલ ટ્રક પસાર થતા હોય તેને દ્વારકા જિલ્લા એલસીબી પોલીસે અટકાવી દસ્તાવેજ માંગતા રોયલ્ટી ભર્યા વગર વહન કરતા બન્ને ટ્રક ચાલકની અટકાયત કરી ખાણ- ખનીજ વિભાગને રિપોર્ટ કરવામાં આવ્યો હતો.

# જામનગર શહેરમાં વિવિધ વિસ્તારોમાં પોલીસનું મેગા કોમ્બિંગ







તસવીરઃ સુનિલ ચુડાસમા

જામનગર : દિવાળીના તહેવારો દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે જામનગર શહેર અને જિલ્લા પોલીસ તંત્ર અલર્ટ મોડ પર આવી ગયું છે. તહેવારોના માહોલમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા સુરક્ષાના ભાગરૂપે ચાંપતી નજર રાખવામાં આવી રહી છે. જેના ભાગરૂપે ગઈકાલે રાત્રે જામનગર શહેર સહિત સમગ્ર જિલ્લામાં પોલીસ દ્વારા મેગા કોમ્બિંગ અને સઘન વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું.

જામનગરના પોલીસ અધિક્ષક ડૉ. રવિમોહન સૈનીની રાહબરી હેઠળ શહેર અને જિલ્લાના વિવિધ વિસ્તારોમાં પોલીસની ટીમો તૈનાત કરવામાં આવી હતી. ખાસ કરીને શહેર તથા જિલ્લામાં પ્રવેશતા અને બહાર નીકળતા માર્ગો પર આવેલી ચેકપોસ્ટો પર પોલીસ બંદોબસ્ત ગોઠવી તમામ પ્રકારનાં વાહનોનું ઝીણવટભર્યું ચેકિંગ કરવામાં આવ્યું હતું. ફોરવ્હીલ સહિતનાં વાહનોને રોકીને તેમાં લઈ જવાતા સામાન અને અન્ય વસ્તુઓની તપાસ કરવામાં આવી હતી. કોઈ શંકાસ્પદ વસ્તુ કે પ્રવૃત્તિ ધ્યાને આવે છે કે કેમ તે દિશામાં પણ પોલીસ દ્વારા તકેદારી રાખવામાં આવી હતી.

આ ઉપરાંત રાત્રિના સમયે વાહન ચલાવીને નીકળતા ચાલકો દારૂના નશામાં તો નથી ને તેની ખાતરી કરવા માટે બ્રેથ એનાલાઈઝર મારફતે તપાસ કરવામાં આવી હતી. વાહનોમાં લગાવવામાં આવેલી ગેરકાયદે ડાર્ક ફિલ્મો દૂર કરાવવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી હતી.

વિશેષ ટ્રાફિક ડ્રાઈવમાં ૫૩૮ રિક્ષાનું ચેકિંગ દરમ્યાન જી.પી. એક્ટની કલમ ૧૩૫(૧) હેઠળ ૭ કેસ, દારૂ પીને વાહન ચલાવવા બદલ ૩ કેસ, બેફિકરાઈથી વાહન ચલાવવા બદલ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧ હેઠળ ૧૨ કેસ અને ટ્રાફિકને અડચણરૂપ થાય તે રીતે વાહન પાર્ક કરવા બદલ કલમ ૨૮૫ હેઠળ ૨૫ કેસ કરવામાં આવ્યા હતા. મોટર વાહન અધિનિયમની કલમ ૨૦૭ હેઠળ ૧૪ વાહનો ડિટેઈન કરવામાં આવ્યાં હતાં. આ ઉપરાંત ૫૩૮ ઓટોરિક્ષાનું ચેકિંગ કરવામાં આવ્યું હતું, જ્યારે અગાઉ એન.ડી.પી.એસ.ના ગુનાઓમાં પકડાયેલા ૪૨ આરોપીઓની પણ તપાસ કરી તેમની વર્તમાન પ્રવૃત્તિઓ અંગે માહિતી મેળવવામાં આવી હતી. આ સમગ્ર કામગીરી દરમિયાન કુલ રૂ. ૬૯,૪૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો.